# વૈષ્ણવોપયોગી પાઠપોથી.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,


**દામોદરદાસ રેવાદાસ વૈષ્ણવ**

**બુકસેલર, પબ્લીસર અને કમીસન એજંટ**

**૯૮ રીચીરોડ અમદાવાદ.**


સુધારા વધારા સાથેની આવૃત્તિ ત્રીજી.


**પ્રત ૫૦૦**

**અમદાવાદ** શાહાપુર નવી પોળમાં પટેલ

**દલપતરામ મકનદાસે** શ્રી **"પ્રજાહિતાર્થ"**

મુદ્રાલયમાં છાપ્યું.

સંવત ૧૯૭૧ વલ્લભાબ્દ ૪૩૬ સને ૧૯૧૫

મૂલ્ય ૦—૨—૦

# અનુક્રમણિકા.

॥ श्री वल्लभ ॥

# વૈષ્ણવોપયોગી પાઠપોથી

# નિત્ય નિયમ.

વૈષ્ણવોએ ઉષ:કાળમાં ઉઠવું. પાછલી પાંચ ઘડી રાત્રિ બાકી હોય તે સમયને ઉષ:કાળ કહે છે; તે સમયે ઉઠી પ્રથમ માળા તથા અધિકાર પ્રમાણે લીધેલા ઉપવિતને સંભાળી તેનાં દર્શન કરવાં. બ્રહન્નારદીય પુરાણમાં કહ્યું છે કે:—

બ્રાહ્મમુહૂર્તમાં એટલે ઉપર દર્શાવેલા કાળમાં ઉઠી પરબ્રહ્મ એટલે શ્રીકૃષ્ણચંદ્રનું પોતાના હૃદયમાં પરિચિંતન કરવું. વળી કહ્યું છે કે;—

સર્વ ઉપનિષદોના સાર રૂપ અને એક ચરણારવિંદે કરીને સ્થિત એવા, સુશોભિત, શ્રીહસ્તમાં મોરલી ધારણ કરનાર, મેઘશ્યામ પરબ્રહ્મ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણને વંદન કરી પછી નીચે પ્રમાણે નામોનો ઉચ્ચાર કરવો.

૧ શ્રી ગોવર્ધનનાથજી. ૨ શ્રી નવનીતપ્રિયાજી. ૩ શ્રી મથુરેશજી. ૪ શ્રી વિઠ્ઠલનાથજી. ૫ શ્રી દ્વારકાનાથજી. ૬ શ્રી ગોકુળનાથજી. ૭ શ્રી ગોકુળચંદ્રમાજી. ૮ શ્રીમદન-મોહનજી. ૯ શ્રી બળદેવજી. ૧૦ શ્રી યમુનાજી. ૧૧ શ્રી ગિરિરાજજી. ૧૨ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી. ૧૩ ગો-સ્વામિ શ્રી વિઠ્ઠલનાથજી ( તેમના પુત્ર ) ૧૪ શ્રીગિરધરજી. ૧૫ શ્રી ગોવિંદરાયજી. ૧૬ શ્રી બાલકૃષ્ણજી. ૧૭ શ્રી ગોકુળનાથજી. ૧૮ શ્રી રઘુનાથજી. ૧૯ શ્રી યદુનાથજી. ૨૦ શ્રી ઘનશ્યામજી તથા ૨૧ પોતાના ગુરૂદેવ. આમ એ-કવીશ નામોનો ઉચ્ચાર કરવો તે પછી દેહકૃત્ય કરવું. તેની વિગતઃ—

**શૌચ**—શૌચને માટે જળનું મ્હોટું પાત્ર ભરીને, યથા-વકાશ ઘરથી અથવા ગામથી દૂર નૈઋત્ય દિશામાં શૌચ કરવા જવું. દેવભૂમિ, નદી, તળાવ, રાજમાર્ગ વગેરે સાર્વજનિક ઉપયોગના સ્થાનમાં શૌચ કરવા માટે કદી પણ બેસવું નહિ. શૌચ કરવા બેસતાં પહેલાં વસ્ત્રથી મ્હોં, નાક તથા માથાને વીંટવું. ઉપવિત જમણે કાને ચઢાવવું. ખુલ્લી ભૂમિપર શૌચ કરવા બેસતાં પહેલાં ભૂમિને ઘાસથી ઢાંકવી.

પછી ત્રણ તાળીઓ પાડી, દિવસે ઉત્તરમુખે અને રાત્રિએ દક્ષિણ મુખે બેસવું. સૂર્ય સન્મુખ પુંઠ કરીને કોઇ કાળે પણ બેસવું નહિ. શૌચ કરતાં બોલવું નહિ અને થુંકવું પણ નહિ. શૌચ કર્યા પછી હાથ ધોવાની વિધિઃ–

મૂત્રઇંદ્રિયને એકવાર, ગુદાને પાંચવાર, ડાબા હાથને દશવાર, ફરી બન્ને હાથ ભેગા કરીને સાતવાર માટી સહિત જળથી ધોવા, પછી એકેકા પગને પણ ત્રણ ત્રણ વખત માટી તથા જળથી ધોવા. તે પછી કોગળા કરવા.

પિશાબ કરીને ચાર, શૌચ કરીને આઠ, જમ્યા પછી બાર અને વિષયના અંતમાં સોળ કોગળા કરવાથી શુદ્ધ થવાય છે.

**દંતધાવન**––દાતણ કરવાનો વિધિઃ–

આંબાડો અથવા બોરડી વગેરે વૃક્ષનાં દાતણ બાર આંગળ લાંબાં, ટચલી આંગળીના ટેરવા જેટલાં જાડાં લેવાં.

હે વનસ્પતે ! તું મને આયુષ, બળ, યશ, કાંતિ, પ્રજા, પશુ, દ્રવ્ય, જ્ઞાન તથા બુદ્ધિ આપ. આ શ્લોક ભણી દાતણ કરવું; પછી બાર કોગળા કરી મુખ શુદ્ધ કરવું.

વ્રતને દિવસે કાષ્ટનું દાતણુ કરવું નહિ, પણુ સારી રાખથી દાંત ઘસીને દાતણુ કરવું.

**સ્નાન**—નાહવાનો વિધિઃ—પ્રથમ આંખે જળ લગાડી, ચોટલીની ગાંઠવાળી પ્રાણાયામ કરવો.

પછી ગંગાદિક તીર્થોનું આવાહન કરવું અને ત્રણવાર સ્નાન કરવું. ટાઢા જળથી કોગળા કરી અંતરમાં શ્રીહરિનું સ્મરણુ કરતાં કરતાં સ્નાન કરવું. નહાતી વખતે પગના જળનો તથા એંઠા જળના છાંટાનો બચાવ રાખવો. બોલવું નહિ. નાહ્યા પછી અંગુચાથી પહેલા મોંઢું લૂછવું. પછી આખું શરીર લૂછવું. પછી ધોએલાં શુદ્ધ વસ્ત્ર પહેરવાં, તથા ઓઢવાં; પછી આસન ઉપર બેસી દેહની શુદ્ધિ માટે ભગવાનનું ચરણામૃત મુખમાં લેવું, પછી આંખે તથા કપાળે લગાડવું, પછી શુદ્ધ જળથી આચમન કરી, ચોટલીની ગાંઠ બાંધવી.

**તિલક**—પછી ભગવાનની પ્રસાદી કેસર, કુંકુમ, ચંદન ઇત્યાદિમાં ગોપીચંદન મેળવી વૈષ્ણવોએ બાર સ્થાનોમાં બાર તિલક કરવાં.

ક્ષત્રિય ઇત્યાદિ જાતિયોમાં જે વિષ્ણુ ભક્ત હોય તેણે તો ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું. સર્વને ઉર્ધ્વપુંડ્ર તિલક કરવાનો અધિકાર છે. કોઈ ઠેકાણે પણ તેનો નિષેધ કરેલો નથી. **વાસુદેવ ઉપનિષદ્ વગેરેમાં** બ્રાહ્મણોને બાર-તિલક કરવાનો વિધિ પ્રસિદ્ધ છે, તિલકનો આકાર લલાટમાં ડંડાકૃતિ એટલે ભગવાનનાં ચરણના આકારનું તિલક કરવું. વક્ષઃસ્થળ એટલે હૃદયમાં બીડેલા કમળના આકારનું તિલક કરવું. બે બાહુપર વાંસના પત્રના આકારનાં તિલક કરવાં અને બાકીના ઠેકાણાઓમાં દીવાની જ્યોતિના આકારનાં તિલક કરવાં. તિલક કરતી વખતે નીચે પ્રમાણે ભગવાનના નામનો ઉચ્ચાર કરવો.

૧ લલાટમાં તિલક કરતાં

" કેશવાયનમઃ કેશવં ધ્યાયામિ "

૨ ડુંટીપર કરતાં

" નારાયણાનમઃ નારાયણં ધ્યાયામિ "

૩ હૃદયમાં કરતા

" માધવાયનમઃ માધવં ધ્યાયામિ "

૪ કંઠમાં કરતાં

" ગોવિંદાયનમઃ ગોવિંદ ધ્યાયામિ "
૫ જમણી કેડે
" વિષ્ણુવેનમઃ વિષ્ણું ધ્યાયામિ "
૬ જમણે હાથે કરતાં
" મધુસૂદનાયનમઃ મધુસૂદનં ધ્યાયામિ "
૭ જમણા કાનના મૂળે કરતાં
" ત્રિવિક્રમાયનમઃ ત્રિવિક્રમં ધ્યાયામિ "
૮ ડાબી કેડે કરતાં
" વામનાયનમઃ વામનં ધ્યાયામિ "
૯ ડાબે હાથે કરતાં
" શ્રીધરાયનમઃ શ્રીધરં ધ્યાયામિ "
૧૦ ડાબા કાનના મૂળે કરતાં
" ઋષિકેશાયનમઃ ઋષિકેશં ધ્યાયામિ "
૧૧ પીઠે કરતાં
" પદ્મનાભાયનમઃ પદ્મનાભં ધ્યાયામિ "
૧૨ ઓચીએ કરતાં
" દામોદરાયનમઃ દામોદરં ધ્યાયામિ "

એ પ્રમાણે બારે ઠેકાણે ભગવાનનાં દ્વાદશ નામ લઈ તિલક કરવાં બાકી રહેલા કુંકુમને ધોઈને તે જળ

" વાસુદેવાયનમઃ "

એ મંત્ર ભણી માથે ચઢાવવું. બ્રાહ્મણોએ તો ૐકાર (પ્રણવમંત્ર) પૂર્વક ઉપર લખેલાં નામો ભણી તિલક કરવાં એમ ઉપનિષદ્‌માં કહ્યું છે.

**મુદ્રા**—પછી શીતળ ગોપીચંદનની મુદ્રા ધારણ કરવી તેનો વિધિ; વૈષ્ણવોએ તિલક મુદ્રા ધારણ કર્યા સિવાય કાંઇ પણ સત્કર્મો કરવાં નહિ.

યજ્ઞ, દાન, તપ, હોમ, બ્રહ્મયજ્ઞ, પિતૃનું તર્પણ એ જો ઉર્ધ્વપુંડ્ર તિલક ધારણ કર્યાં વિના જે કરે તે નિષ્ફલ થાય છે.

બ્રાહ્મણોએ તથા વૈષ્ણવોએ વિશેષે કરી ઉપવિતની પેઠે નિત્ય શંખ; ચક્રાદિ ધારણ કરવાં તે ધારણ ન કરેતો દોષ લાગે છે.

ગોપીચંદનની શંખ, ચક્રાદિક મુદ્રાથી રહિત થઇ જે ભગવાનનું પૂજન કરે છે, તેનું પૂજન નિષ્ફલ થાય છે અને શ્રીહરિ પણ તેના ઉપર પ્રસન્ન થતા નથી.

મુદ્રા કયા કયા અંગમાં ધારણ કરવી તેઃ-જમણા હાથનાં મૂળમાં એટલે ખભાથી રહેજ નીચે ચાર ચક્ર, તેની નીચે એક નામ મુદ્રા, તેની હેઠળ એક શંખ, તેની નીચે ફરી એક નામ મુદ્રા અને તેની આજુબાજુ બબ્બે મળી ચાર પદ્મ કરવાં, એજ રીતે જમણા સ્તન ઉપર વચમાં માગ રાખી ત્રણ ચક્ર ઉપરા ઉપરી કરવાં, વચ્ચે રાખેલા માગમાં એકેક એમ બે શંખ કરવા, તેની આજુ-બાજુ બબ્બે મળી ચારપદ્મ કરવા; ફરી હૃદયમાં એક નામ મુદ્રા કરવી, તેની હેઠળ ઉપર તથા આજુબાજુએ મળી ચાર સંપ્રદાય મુદ્રાઓ કરવી. કેટલાએક ગ્રંથકાર સંપ્રદાય મુદ્રાને નામ મુદ્રા પણ કહે છે. તેથી આ ઠેકાણે સંપ્રદાય મુદ્રાને નામ મુદ્રાએ સંબંધી શ્લોકમાં કહી છે. પછી લલાટમાં તિલકની વચ્ચે નાકના મૂળમાં એક ગદા કરવી. તેના ઉપરાંઉપરી માથાના વાળ સૂધી ચાર સંપ્રદાય મુદ્રા-ઓ કરવી. પછી ડાબે હાથે ખભાની હેઠળ ચાર શંખ, તેની હેઠળ એક નામમુદ્રા, તેની હેઠળ એક ચક્ર, તેની હેઠળ ફરી એક નામમુદ્રા અને તેની આજુબાજુ બબ્બે મળી ચાર ગદાઓ કરવી. તેજ પ્રમાણે ડાબા સ્તન ઉપર ઉપરાઉપરી વચમાં માગ રાખી ત્રણ ચક્રો કરવાં, રાખેલા

માગમાં એક એક મળી બે શંખ કરવા; અને તેની આજુબાજુએ બબ્બે મળી ચાર ગદાઓ કરવી. ફરી જમણા કાનની નીચેથી કંઠ સુધી જરા જરા માગ રાખી ત્રણ ચક્ર કરવાં. તેજ રીતે ડાબા કાનની નીચેથી કંઠ સુધીમાં વચ્ચે જરા જરા માગ રાખી ત્રણ ચક્ર કરવાં; અને કંઠના તિલકની વચ્ચે એક ચક્ર કરવું. પછી નાભી ઉપર તથા જમણી ડાબી બન્ને કેડો ઉપર અને પુંઠ ઉપર તથા પાછળ બોચીપર, તાળવાપર એક એક ચક્ર કરવું. એ રીતે શીતળ મુદ્રા કરવી.

પ્રાણાયામ કરીને બ્રાહ્મણ, ક્ષત્રી તથા વૈશ્ય જાતિના વૈષ્ણવોએ પોતપોતાના વર્ણાશ્રમ ધર્માનુસાર સંધ્યા વંદનાદિક કર્મો સંક્ષેપથી અવશ્ય કરવાં જોઇએ.

જે સંધ્યાહિન અશુચિ છે તે સર્વ સત્કર્મોને લાયક નથી વળી સાક્ષાત્ સ્વરૂપ સેવા જેમને ઘેર ઠાકોરાજની હોય તેમણે તો સેવાના અવકાશમાં બધાંએ કર્મો યથાકાલે કરવાનાં છે.

શિવજી કહે છે કે હે નારદ+ ! ભક્તિની પ્રીચ્છા

---

+ નારદ પંચરાત્ર.

કરનાર જે પુરૂષ છે તેણે જે લૌકિક તેમજ વૈદિક ક્રિયાઓ કરવી, તે હરિની સેવાના સાવકાશમાં કરવી. જેમકે મંગળ ભોગ ધરીને પ્રાતઃ સંધ્યા કરે, રાજભોગ ધરીને મધ્યાહ્ન સંધ્યા કરે, તેમ ઉત્સવ વગેરેના દિવસો- માં સેવાના કાર્યથી પહોંચીને નિત્ય કર્મ કરવાં, કારણસર કાળનો લોપ થવાથી પ્રત્યવાય નથી.

શ્રી ભગવાન્ સ્કંદ પુરાણમાં કહે છે કે, જો મારા નિમિત્તે કર્મ કરે, તો તે કર્મ કરતાં કદાપિ વૈદિક કર્મના કાળનો લોપ થાય તો તે કર્મો ત્રણકરોડ મહર્ષિઓ કરે છે, અર્થાત્ કર્મકાળ લોપનું પાતક ભગવત્સેવા કરનારને લાગતું નથી. તોપણ બનતા સુધી નિત્ય નૈમિત્તિક કર્મનો લોપ સર્વથા કરવો નહિ.

**ભગવત્સેવા**—વૈષ્ણવોને ભગવત્સેવા કરવી એ મુખ્ય ધર્મ છે. જે ગાદીના સેવક હોય તે ગાદીના શ્રીમદાચાર્ય ચરણ ગુરૂદેવ પાસે પ્રાતઃકાળથી શયન પર્યંતની સેવાવિધિ સમજી લઇ પછી પોતાના ઘરમાં શ્રીનો સેવા પધરાવી, ઋતુ અનુસાર પુર્ણ પ્રીતિપૂર્વક સેવા કરવી. રાજસેવા કરવાની સર્વ પ્રકારે પોતાને અનુકુળતા ન હોયતો, વૈષ્ણ-

૫૮-૫૯



વોએ પોતાના શ્રી ગુરૂદેવના સેવ્ય સ્વરૂપની છબી ઘરમાં પધરાવી તેમની સેવા કરવી. ઘરમાં મંદિર હોય તો તેમાં એક નાનુ સીંઘાસન ચોકી મદિરના વેત પ્રમાણે રાખી, તે ઉપર રૂએલ ગાદી તકીઆ મૂકી, તેપર એક મલમલની ચાદર બીછાવવી. મુખ વસ્ત્ર તકીઆપર ધરી રાખવું. પીઠના તકીયાપર મલમલનું સુંવાળું વસ્ત્ર ઘડી વાળી ધરવું, પછી ગાદીપર શ્રી ચિત્રજીને પધરાવવા. વસ્ત્ર ઋતુને અનુસરતાં ધરાવવાં; ગુંજાની માળા ઈત્યાદિ જે શૃંગાર હોય તે ધરવા. શ્રીમસ્તક ઉપર મોરપીચ્છ સહિત પાઘ ધરવી. પછી ફૂલની-માળા ધરી, તુલસી ચરણારવિંદમાં સમર્પવાં. વેણુજી હોય તે ધરાવવાં. શુદ્ધ પવિત્ર જળ ઝારી ભરવા સારૂ લાવી રાખ્યું હોય તેમાંથી ઝારી ભરી, તેપર વસ્ત્ર વીટી પડઘા પર ધરવી. પછી શ્રી પ્રભુજીને દર્પણ દેખાડવું. પછી મેવો તથા મિશ્રિ જે સમયે જે સિદ્ધ હોય તેનો એક કટોરીમાં ભોગ ધરવો. મંદિરનાં દ્વાર મંગળ કરી બહાર બેસી પ્રાર્થના કરવી કે:—"હે પ્રભો ! શ્રી મહાપ્રભુજીની કાનીથી તથા શ્રી ગુરૂદેવની કાનીથી ભોગ આરોગશો." પછી અષ્ટાક્ષર મંત્રની પાંચ માળા તથા પોતાના શ્રી ગુરૂદેવના નામની એક માળા અવશ્ય ફેરવવી. શ્રીમદ્‌ભાગવત, શ્રીમદ્‌ભગવદ-

ગીતા, પુરૂષોત્તમ સહસ્ર તથા ષોડશગ્રંથ વગેરે જો વાંચતાં આવડતા હોય તો તેનો યથાશક્તિ પાઠ કરવો.

ગદ્ય–પંચાક્ષર મંત્રજપ કરવા જેવી અપરસ હોય તો તેનો પણ દરરોજ જપ કરવો. જો તેવી અપરસ ઘરમાં નહિ રહેતી હોય તો નદિ, તળાવ, વાવ કે જળાશય નજીક હોય તેમાં સ્નાન કરી ગદ્ય–પંચાક્ષર મંત્રનો જપ જરૂર કરવો.

વર્ણાશ્રમ ધર્માનુસાર સંધ્યા, ગાયત્રી, જપ વગેરે જે વૈદિક નિત્યકર્મ કરવાનાં હોય તે કરવાં; પછી ત્રણ તાલ વગાડી ભોગ સરાવવો, આચમન મુખવસ્ત્ર કરાવી બીડી ધરાવવી. ઝારી ફરી ભરીને ધરવી. શ્રીનાં દર્શન તથા ચરણ-સ્પર્શ કરી પછી સુખશય્યામાં અથવા ઝાંપીમાં પોઢાડવા. મંદિરદ્વાર મંગળ કરી દંડવત્ પ્રણામ કરવા. પ્રસાદી જળને પોતાને પીવાના જળની મથની (ગોળી)માં મેળવવું. પ્રસાદી મેવા–મિશ્રિને રસોઈ થઇ હોય તેમાંના સર્વ પદાર્થમાં મેળ-વવા. પછી બ્રાહ્મણ હોય તો તેમણે પ્રસાદી અન્નથી બલી વૈશ્વદેવ કરવો; મધ્યાહ્ન સમયે કોઇ અતિથિ આવ્યો હોય તો તેને અવશ્ય પ્રથમ પ્રસાદ લેવડાવવો. આ ગૃહસ્થાશ્ર-

સ્ત્રીઓનો ધર્મ છે. અતિથિ વખતે ન બને કે હમેશાં તેને પ્રસાદ લેવડાવવાની પોતાની શક્તિ ન હોય તો ગોગ્રાસ કાઢવો. પછી મહાપ્રસાદ લેવો. વૈષ્ણવોએ કદીપણ અસમર્પિત વસ્તુ ખાનપાનમાં વાપરવી નહિ. **સિદ્ધાંત રહસ્ય** ગ્રંથમાં **શ્રી મહાપ્રભુજીએ** અસમર્પિત વસ્તુ સર્વથી ત્યાગ કરવાની આજ્ઞા કરી છે—

શ્રીગોવિંદને અર્પણ કર્યા વિના જેણે ભોજન કર્યું હોય તેને ધર્મવર્જિત જાણવો. તે ભોજનનું અન્ન શ્વાનવિષ્ઠા સમાન અને જળ તથા દૂધ શુરાપાન સમાન માનવું.

સર્વે દેવતાઓ, પિતૃઓ તથા મનુષ્યો પ્રભુની પ્રસાદી અન્ન, જળ, રસ, પુષ્પાદિનું ગ્રહણ કરે છે. માટે વિદ્વાન પુરૂષોએ શ્રીવિષ્ણુના પ્રસાદી પદાર્થોજ ઉપયોગમાં લેવા માટે વૈષ્ણવોએ બનતા સૂધી અસમર્પિતથી બચતા રહેવું.

કદાપિ ઉપર લખેલો ઉત્તમ પ્રકાર પ્રવાસ, અશૌચ વગેરે ખરી અડચણના કારણથી ન પળાય તો, સંપ્રદાયના ચાલતા સદાચાર પ્રમાણે ભગવદ્પ્રસાદ તથા ભગવદ્પ્રસાદી તુળસી તથા ભગવદ્ચરણામૃત ઉપયોગના પદાર્થોમાં મેળવીને તેમાંનો દોષમાત્ર પણ મટાડી, પ્રસાદી કરી

ઉપયોગમાં લેવા. આણેલા સર્વે પદાર્થોમાંથી, થોડો ભાગ પણ પ્રથમ પોતાના ઉપયોગમાં લીધો હોય તો તેમાંનો બાકીનો ભાગ તે અર્ધભુકત કહેવાય છે. તેવા અર્ધભુકત પદાર્થોનો વૈષ્ણવોએ શ્રી પ્રભુની સેવામાં ઉપયોગ ન કરવો. એવી "**સિદ્ધાંતરહસ્ય**" ગ્રંથમાં શ્રી **મહાપ્રભુજીએ** આજ્ઞા કરી છે.

**મહાપ્રસાદ લેવાનો વિધિ**:–પ્રસાદ લેતી વખતે દક્ષિણ મુખે બેસવું નહિ. જળપાત્ર ડાબી બાજુએ મૂકવું. પોતાનું કરીને મહાપ્રસાદી પાતલ મૂકવી. મહાપ્રસાદ લેતાં પહેલાં પરમપવિત્ર શ્રી ભગવદ્દસ્વરૂપનું ધ્યાન ધરવું. પછી પ્રસાદમાંથી અધિકાર પ્રમાણે આપોશન તથા આચમન કરી, પ્રથમ પંચગ્રાસ ( પાંચ કોળીઆ ) ભાતના ભરી યથોચિત્ પ્રસાદ લેવો. ભોજન કરતાં ગ્રાસે ગ્રાસે શ્રી હરિ સ્મરણ કરતા રહેવું; ભોજન સમયે મૌન રાખવું કહ્યું છે. પોતાના સ્વાર્થ માટે ભગવતપ્રસાદની કદીપણ નિંદા કરવી નહિ. શ્રીપ્રભુને માટે બગડયા–સુધર્યાનું કહેવામાં દોષ લાગતો નથી, કેમકે ફરી સાવધાનીથી સામગ્રી કરવામાં આવે.

ભોજન વખતે કાગ, રજસ્વલા વગેરે હિન જાતિની દષ્ટિ ન પડે એવા એકાંત સ્થાને ભોજન કરવા બેસવું. ભોજન કરતાં કરતાં જળપાન કરવું ત્યારે જમણા હાથના કાંડાનો ટેકો રાખી, ડાબે હાથે જળપાત્ર ઝાલી જળ પીવું. એટલે ડાબા હાથથી જળપાન કરવામાં શાસ્ત્રે દોષ કહ્યો છે. ભોજન થઇ રહે એટલે અધિકાર પ્રમાણે શુદ્ધ આચમન કરી ઉઠવું. પ્રથમ છાણ, માટીથી બે હાથ મસળીને ધોયા બાદ બાર કોગળા કરવા. પછી મુખ શુદ્ધિ માટે પ્રસાદી બીડી લેવી. પછી પુરૂષે થોડીવાર ફરી વસ્ત્ર બદલી વિશ્રામ લેવો. સુહાસણ સ્ત્રીઓએ પોતાના સ્વામીની પત્રાવળીમાં બેસી પ્રસાદ લેવો. **વિધવા સ્ત્રીઓએ** જૂદી પાત્રાવળીમાં, **ઇંદ્રિઓ જેમ સારી રીતે નિયમમાં રહે તેવી રીતનો પરિમિત ભગવદ્પ્રસાદ દિવસમાં એકજ વખત લેવો.** ભોજન થયા પછી સુહાસણે ઉપર લખ્યા પ્રમાણે મુખશુદ્ધિ કરી બીડી લેવી. વિધવાને પાનની બીડી ખાવાનો શાસ્ત્રમાં નિષેધ છે; માટે તેણે તો પ્રસાદી સોપારીજ માત્ર લેવી. પછી વાસણ માંજી, પોતાને ઠેકાણે ગોબરમાટીથી લીંપી ભોજન સ્થાન શુદ્ધ

કરવું. સર્વ ઘરકામથી પરવારી થોડીવાર વિશ્રામ લેવો. ત્યારબાદ સહકુટુંબ મળી પોતાના સંપ્રદાયના પોષક તથા નીતિના ગ્રંથો વાંચવા અને સાંભળવા. પુરૂષોએ વર્ણ પ્રમાણે પોતપોતાના વ્યવહારિક ઉદ્યોગો **નીતિપૂર્વક** કરવા. સ્ત્રીઓએ શ્રી ઠાકોરજીની સામગ્રી વીણવા, ચૂંટવા વગેરે સર્વોપયોગી કામો કરવાં.

**સાંજે કરવાનો વિધિઃ**—વૈષ્ણવોએ સાંજે સ્નાન કરી, વિધિ પ્રમાણે તિલકમુદ્રા ધારણ કરી, સેવામાં તત્પર થવું. ઉત્થાપનથી શયનપર્યંતની સેવા સ્નેહપૂર્વક કરવી. શયન થયા બાદ બહાર આવી, પોતાના વર્ણાશ્રમ પ્રમાણે સાયંસંધ્યા, ગાયત્રી તથા અષ્ટાક્ષરનો જપ, નિત્ય પાઠ યથાવિધિ કરવા. પછી મહાપ્રસાદ લઇ પ્રથમ લખ્યા પ્રમાણે મુખ શુદ્ધિ કરી બીડી લઈ સ્વચ્છ થવું. પછી ગામમાં ભગવત્ મંડળી કે સત્સમાગમ જ્યાં થતો હોય ત્યાં વૈષ્ણવ બ્રાહ્મણને મુખે **શ્રીમદ્ભાગવત. શ્રીસુબોધિનીજી, તત્વદીપ નિબંધ, ષોડશગ્રંથ** વગેરે સિદ્ધાંત ગ્રંથનું સારી રીતે શ્રવણ કરવું. સંસ્કૃત ગ્રંથો વાંચી સંભળાવનાર ન મળે તો તેનાં ભાષાંતરો તથા સંસ્કૃત ગ્રંથોનાં

સિદ્ધાંત વિરૂદ્ધ ન હોય તેવા ભાષાગ્રંથો વાંચવા, સાંભળવા, તથા મનન કરવા. **વેદ, ગીતા, ભાગવત,** અને **નારદ પંચરાત્ર**થી વિરૂદ્ધ ગ્રંથોનું શ્રવણ કદી કરવું નહિ. ગામમાં તેવો સત્સમાગમ કોઇ ઠેકાણે થતો ન હોય તો ઉપર લખ્યા પ્રમાણે પોતાના ઘરમાંજ બધા કુટુંબીઓએ ભેગા મળી આગ્રહપૂર્વક સત્સમાગમ તથા ભગવદ્કીર્તન કરવું. એક દિવસ પણ હરિકથા–કીર્તન વિનાનો જવા દેવો નહિ. **નારદ પંચરાત્રમાં.** શિવજી કહે છે કે હે પાર્વતિ ! વાદળે કરીને આચ્છાદિત દિવસ તેને હું દુર્દિન માનતો નથી, પણ જે દિને શ્રીકૃષ્ણ સંબધી કથાવાર્તારૂપ અમૃતનું પાન કરવાનું ન મળે તે દિવસને દુર્દિન ગણું છું. માટે સત્સમાગમ કરવાનો નિત્ય નિયમ કદી પણ ચૂકવો નહિ.

**સૂવાનો વિધિ**—યથાશકિત અષ્ટાક્ષર મંત્રનો જપ કરી **શ્રી ગોવર્દ્ધનનાથજી** વગેરે પ્રથમ લખેલાં એકવીસ નામોનો ઉચ્ચાર કરી, ચરણામૃત લઈ સૂવું. ગૃહસ્થાશ્રમીઓએ શ્રી ભગવાનમાં સદૈવ ઉત્તમ પ્રકારનો સ્નેહ રાખે એવો સુલક્ષણવાન્ પુત્ર ઉત્પન્ન થવાની ઇચ્છા રાખવી. એકાદશી, દ્વાદશી, અમાવાસ્યા, પૂનેમ, શ્રાદ્ધ વગેરે વ્રત તથા પર્વના દિવસોમાં ગૃહસ્થાશ્રમીઓએ અવશ્ય જીતેંદ્રિય રહેવું.

---

# સામ્પ્રદાયિક પરચુરણ જાણવાજોગ વિષયો

**દીક્ષા**—વૈષ્ણવોએ પ્રથમ અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ લેવો. એથી સાત ભકિતનો અધિકારી થાય છે. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય સુધીની સાત પ્રકારની ભકિત કરતાં બ્રહ્મસંબંધ કરવાને લાયક થાય છે. પછી ઈશ્વરના અનુગ્રહનું પાત્ર થાય ત્યારે આત્મનિવેદન કરી શકાય છે, અને તેમ થાય ત્યારે તેની કરેલી સેવા પ્રભુ સાક્ષાત અંગીકાર કરે છે. સખ્ય તથા આત્મનિવેદન એ બે ભકિતનું પ્રભુ પોતે દાન કરે છે. એ ભકિત ભગવાનની પરમ કૃપા હોય તેનેજ પ્રાપ્ત થાય છે. જનોઇ લેવાથી દ્વિજોને જેમ વૈદિક કર્મો કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેમ બ્રહ્મસંબંધ કરવાથી ભગવાનની સેવાનો અધિકાર થાય છે, માટે જીવને ભગવત્સેવા કરવાનો અધિકારી કરવો એ બ્રહ્મસંબંધનું પ્રયોજન છે, બંને મંત્રથી વૈષ્ણવોએ અવશ્ય દીક્ષા લેવી.

દીક્ષા ધારણ કરનારપર ભગવાન વિશેષે કરીને પ્રસન્ન થાય છે માટે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, શુદ્ર તથા સ્ત્રીઓ

સર્વેએ પ્રયત્ને કરીને ગુરૂનો ઉપદેશ લેવો. ન લેનાર એટલે દીક્ષા વગર રહેનારને દોષ કહ્યો છે.

**ગુરુનાં લક્ષણ**—દીક્ષા ગુરુ પાસે લેવાની છે, માટે ઉપલા મંત્રોની દીક્ષા કેવા ગુરુ પાસે લેવી તે પ્રથમ જાણવું જોઇએ. ગુરુ એ બે અક્ષરમાં એવો અર્થ સમાયલો છે કેઃ—

ગુ શબ્દ અંધકાર વાચક છે અને રૂ શબ્દ તેનું રૂંધન સૂચક છે. અર્થાત્ શિષ્યની બુદ્ધિમાં રહેલા જે અજ્ઞાનરૂપ અંધકાર તેનો સદ્બોધરૂપ દીપકના પ્રકાશે કરીને જે નાશ કરે તેજ ખરા ગુરુ કહેવાય. વળી શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કેઃ—

**શ્રીકૃષ્ણચંદ્રની** સેવામાં પરમચતુર અને દંભ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે સર્વ દુર્ગુણોથી રહિત **શ્રીમદ્ભાગવતના** તત્વને સમજનાર એવા લક્ષણવાન પુરૂષને શિષ્યે પરમ આદરથી ગુરુ કરવા.

## શિષ્યનાં લક્ષણ.

**દીક્ષાતત્વ પ્રકાશિમાં** કહ્યું છે, કેઃ—શાંત, નમ્ર,

નિષ્કપટ, શ્રદ્ધાળુ ધારણાવાળો, સામર્થ્યવાળો, કુળવાન, વિવેકી, સદાચરણી તથા જીતેંદ્રિય વગેરે ગુણોથી જે યુક્ત હોય તેજ શિષ્ય થવાને લાયક છે, બીજો નથી. સ્ત્રી અને પુરૂષ બંન્ને દંપતીઓએ એકજ ગુરુ કરવાથી પરસ્પર ભાઇ બ્હેનનો સબંધ ગણાય માટે બંનેએ એકજ ગુરુ કરવો કે નહિ એ શંકાનું સમાધાન–ઉપદેશમંત્ર લેવાથી જે પરસ્પર ભાઈ બ્હેનનો સબંધ થાય છે, તે અલૌકિક સબંધ છે; અને વિવાહ થવાથી સ્ત્રીપુરૂષનો જે સંબંધ થાય છે, તે લૌકિક સંબંધ કહેવાય છે. જે સંબંધ અલૌકિક છે તે ભગવદ્ સંબંધી છે અને નિત્ય છે, અને જે લૌકિક સબંધ તે વ્યવહાર સંબંધી છે ને અનિત્ય છે, માટે લૌકિક સંબંધને અલૌકિક સબંધ સાથે સરખાવી દોષરૂપ કરવો તે અઘટિત છે. તેનું દૃષ્ટાંત **મહાભારતમાં** કહ્યું છે, કે ગૌતમે પોતાના શિષ્ય **ઉત્તંકને** પોતાની કન્યા પરણાવી છે, જો વિદ્યાદાતા પિતા સમાન છે, તો તેની પુત્રી બ્હેન થઇ; જો દોષ હોય તો ગૌતમ આપેજ કેમ? માટે તેમ નથીજ ગણાતું,

અન્નથી પોષણ કરનાર, ભયથી પ્રાણને બચાવનાર,

સસરો, વિદ્યા આપનાર, મંત્રનો ઉપદેશ આપનાર આ પાંચેને પિતા કહ્યા છે તેમાં સસરો પિતા થયો તો તેની પુત્રી બ્હેન થઇ ત્યારે પરણવાનું પ્રયોજન તે વ્યર્થ થયું, પણ તેમ નથી; કારણ કે જે ઉપર લખેલા પાંચે પ્રકારના પિતા કહ્યા છે તે પિતા સમાન પૂજ્ય બુદ્ધિ રાખવા સારૂ કહ્યા છે તેથી જન્મ આપનાર પિતા કહી શકાય નહિ. તેમજ એક ગુરુનો ઉપદેશ લેવાથી કાંઇ ભાઇ બ્હેન કહી શકાય નહિ, માત્ર અલૌકિક સંબંધમાં ભાઇ બ્હેનના જેવો સ્નેહ રાખવાનો સંબંધ કહ્યો છે, માટે એકજ ગુરુ કરવાના માહાત્મ્ય માટે કહ્યું છે કેઃ—

સ્ત્રી તથા પુરૂષ, અને પુત્ર તથા ચાકર એ સર્વે મળી એક સદાચાર, એક ધર્મ, એક ગુરુ, એકજ મંત્ર અને એકજ દેવતાનો આશ્રય કરવો. એમ કરવાથી મોટું ફળ થાય છે, તેવું **સાધન દીપિકા** નામના ગ્રંથમાં કહ્યું છે.

**૧ કૃષ્ણજન્માષ્ટમી. ૨ રામનવમી. ૩ ચોવીસ એકાદશી મળીને એક વ્રત. ૪ વામનદ્વાદશી ૫ નરસિંહચતુર્દશી એ પાંચે** વ્રતો વિષ્ણુ સંબંધી છે,

સર્વે પાપોને દૂર કરનારાં છે, અને નિત્ય છે, માટે એ પાંચે વ્રત વૈષ્ણવોએ અવશ્ય કરવાં. તેથી બીજા અન્ય દેવતાનાં વ્રતો છે તે તે દેવતાના જે અન્ય ભક્તો છે તેઓનો તે કરવાનાં કહ્યાં છે. જે કરવાથી તે તે દેવતાઓની વ્રત કરનારા ઉપર પ્રસન્નતા થાય છે. તેમજ વિષ્ણું ભક્તોએ પોતાના ઇષ્ટ **શ્રી કૃષ્ણચંદ્રને** પ્રસન્ન કરવા સારૂ ઉપર લખેલાં પાંચે વ્રતો કરવાં.

**તુળસીની માળા** ( **કંઠી** ) ધારણ કરવી તે વિષે **નિર્ણયસિંધુમાં** પુરાણનું વાક્ય છે કે

તુળસીના કાષ્ટથી બનેલી માળા શ્રીહરીને પ્રથમ અર્પણ કરીને પછી તે માળાને ભાવસહિત પહેરે છે તેના શરીરમાં પાતક રહેતું નથી. એ મંત્રથી ભગવાનને ધરાવીને પ્રસાદી કરવી. પણ તે માળા ધારણ કરવી.

પીતૃ કાર્ય અને દેવ કાર્યને વિષે તુળસીની માળા પહેરીને કાર્ય કરે તો તેને કળીયુગમાં કોટી ગણું ફળ મળે છે. તુળસીની માળા સદૈવ ધારણ ન કરે તો દોષિત ગણાય છે.

# નિત્યનિયમના પાઠ.

## શ્રીસર્વોત્તમ સ્તોત્ર

**શ્રી કૃષ્ણાય નમઃ ॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥**
**શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥**

**પ્રાકૃતધર્માનાશ્રય પ્રાકૃતનિખિલધર્મરુપમિતિ**
**નિગમ પ્રતિપાદ્યં યત્તચ્છુદ્ધં સાકૃતિસ્તૌમિ ॥ ૧ ॥**

**અર્થઃ**—શ્રીવિઠ્ઠલનાથજી કહે છે. કે જે પ્રાકૃત ધર્મના આશ્રયથી રહિત અને સમગ્ર અલૌકિક ધર્મરૂપ છે. એ રીતે વેદમાં પ્રતિપાદન કરેલું, અને સાકાર તથા શુદ્ધ સ્વરૂપ છે તેની સ્તુતિ કરૂં છું. ૧

**કલિકાલતમશ્છન્ન દૃષ્ટિત્વાદ્વિદુષામપિ ॥**
**સંપ્રત્યવિષયસ્તસ્ય માત્મ્યંસમભૂદ્ભુવિ ॥ ૨ ॥**

**અર્થઃ**—જ્ઞાતા પુરૂષોની પણ જ્ઞાન દૃષ્ટિ કલિકાલ-રૂપ અંધકારથી આચ્છાદિત છે. માટે તે સ્વરૂપનું માહાત્મ્ય હાલ પૃથ્વીમાં અપરિચિત થયું છે. ૨

દયાનિજમાહાત્મ્યં કરિષ્યન્પ્રકટંહરિઃ ॥
વાણ્યાયદાતદાસ્વાસ્યં પ્રાદુર્ભુતંચકારહિ ॥ ૩ ॥

અર્થ:—જ્યારે દયાવડે શ્રીહરિને પોતાના વચન-દ્વારા પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાની ઇચ્છા થઇ ત્યારે પોતાનું મુખારવિંદ પ્રાદુર્ભાવ કર્યું. ૩

તદુક્તમપિદુર્બોધં સુબોધંસ્યાદ્યથાતથા ॥
તન્નામાષ્ટોત્તરશતંપ્રવક્ષ્યામ્યખિલાઘકૃત્ ॥ ૪ ॥

અર્થ:—પણ તેનું કહેલું દુર્બોધ છે માટે જેવી રીતે સુબોધ થાય તેવી રીતે સમગ્ર પાપને હણનાર તે શ્રીમહાપ્રભુજીના એકસો આઠ નામ કહું છું. ૪

ઋષિરગ્નિકુમારસ્તુ નામ્નાંછંદોજગત્યસૌ ॥
શ્રીકૃષ્ણાસ્યંદેવતા ચ બીજં કારૂણિકઃપ્રભુ ॥ ૫ ॥

અર્થ:—આ સ્તોત્રના ઋષિ અગ્નિકુમાર છે અને જગતી છંદ છે; તથા શ્રીકૃષ્ણાસ્ય દેવતા છે અને કારૂણીક પ્રભુ એ બીજ છે; ૫

નિનિ યોગો ભક્તિયોગઃ પ્રતિબંધવિનાશને ॥
કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધિરત્ર ન સંસયઃ ॥ ૬ ॥

**અર્થ**:—અને આ સર્વોત્તમ સ્તોત્રમાં પ્રતિબંધ નાશ કરવા સારૂ વિનિયોગ કહેતાં પ્રયોજન ભક્તિયોગ છે અને કૃષ્ણના અધરામૃત સ્વાદની અહીં સિદ્ધિ છે એમાં કાંઈ સંશય નથી. ૬

×૧ ૨ ૩ ૪
**આનંદઃ પરમાનંદઃ શ્રીકૃષ્ણાસ્યં કૃપાનિધિઃ ॥**

૫ ૬
**દૈવોદ્ધારપ્રયત્નાત્મા સ્મૃતિમાત્રાર્તિનાશનઃ ॥ ૭ ॥**

**અર્થ**:—આનંદરૂપ અને પરમાનંદરૂપ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ અને કૃપાનાભંડારરૂપ અને દૈવી જીવોના ઉદ્ધાર કરવા સારૂ પોતાના મનમાં યત્ન કરનારા અને સ્મરણ માત્રથી પીડાને નાશ કરનારા એવા શ્રી મહાપ્રભુજી છે. ૭

૭
**શ્રીભાગવતગુઢાર્થ પ્રકાશનપયરાણુઃ ॥**

---

×જે શબ્દ ઉપર ૧ થી ૧૦૮ સુધી આંકડાં મૂકવામાં આવ્યા છે તે તે જગ્યાએ આચાર્ય શ્રી મહાપ્રભુજીનાં નામ સમજવાં.

૮ ૯
સાકારબ્રહ્મવાદૈક સ્થાપકો વેદપારગઃ ॥ ૮ ॥

અર્થ:—શ્રીભાગવતના ગૂઢ અર્થને પ્રકાશ કરવામાં તત્પર એવા અને સાકાર બ્રહ્મવાદના સ્થાપન કરનારા તથા વેદને પામેલા એવા શ્રીઆચાર્ય મહા પ્રભુજી. ૮

૧૦ ૧૧
માયાવાદ નિરાકર્તા સર્વવાદિનિરાસકૃત્ ॥
૧૨ ૧૩
ભક્તિમાર્ગાબ્જમાર્ત્તંડઃ સ્ત્રીશુદ્રાંદ્યુદ્ધૃતિક્ષમઃ ॥ ૯ ॥

અર્થ:—માયાવાદનો નિરાશ કરનાર અને સર્વે માયાવાદીઓને નિરાશ કરનાર તથા ભકિત માર્ગરૂપ કમલમાં સૂર્યરૂપ અને સ્ત્રીઓ તથા શૂદ્રાદિના ઉદ્ધાર કરવામાં સમર્થ એવા શ્રીમહાપ્રભુજી. ૯

૧૪
અંગીકૃત્યૈયવ ગોપીશ વલ્લભીકૃતમાનવઃ ॥
૧૫ ૧૬ ૧૭
અંગાકૃતૌ સમર્યાદોમહાકારૂણિકોવિભુઃ ॥ ૧૦ ॥

**અર્થ**:--અંગીકાર કરવાને વિષે મર્યાદાવાળા અને મહાદયાળુ તથા પોતે અંગીકાર કરીને ગોપી પાત શ્રી કૃષ્ણભગવાનમાં મનુષ્યોને વાત્સલ્ય કરાવનાર એવા અને સર્વ સમર્થ શ્રી મહાપ્રભુજી. ૧૦

૧૮ ૧૯
**અદેયદાનદક્ષશ્ચ મહોદારચરિત્રવાન્ ॥**
૨૦
**પ્રાકૃતાનુકૃતિવ્યાજ મોહિતાસુરમાનુષઃ ॥ ૧૧ ॥**

**અર્થ**:--ન આપી શકાય એવાં દાન દેવા સમર્થ એવા, અને ઉદાર ચરિત્રવાળા અને પ્રાકૃત જનને અનુસરવાના મીષેથી આસુરી જનોને મોહિત કરનાર. ૧૧

૨૧ ૨૨ ૨૩ ૨૪
**વૈશ્વાનરો વલ્લભાખ્યઃ સદ્રૂપો હિતકૃત્સતામ્ ॥**
૨૫ ૨૬
**જનશિક્ષાકૃતેકૃષ્ણ ભક્તિકૃન્નિખિલેષ્ટદઃ ॥ ૧૨ ॥**

**અર્થ**:—અગ્નિથી ઉત્પન્ન થએલા વલ્લભનામવાળા, સારા રૂપવાળા સત્પુરૂષોના હિતકારી, મનુષ્યોને શીખવવા સારૂ શ્રી કૃષ્ણની ભકિત કરનારા સમગ્ર ઇચ્છીત વસ્તુને

આપનાર એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુ છે. ૧૨

૨૭ ૨૮ ૨૯
સર્વલક્ષણસંપન્નઃ શ્રીકૃષ્ણજ્ઞાનદો ગુરુઃ ॥
૩૦ ૩૧
સ્વાનંદતુંદિલઃ પદ્મદલાયતવિલોચનઃ ॥ ૧૩ ॥

અર્થ:—સર્વ લક્ષણથી યુકત, શ્રીકૃષ્ણના જ્ઞાનને દેનાર અને ગુરુ તથા પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા, પદ્મના દલ સરખા વિશાળ નેત્રવાળા એવા શ્રી મહાપ્રભુજી. ૧૩

૩૨ ૩૩
કૃપાદૃગવૃષ્ટિસંહૃષ્ટ દાસદાસી પ્રિયપતિઃ
૩૪ ૩૫
રોષદૃક્પાતસંપ્લુષ્ટ ભક્તદ્વિડ્ ભક્તસેવિતઃ ॥ ૧૪ ॥

અર્થ:—કૃપાયુક્તદૃષ્ટિરૂપ વૃષ્ટિવડે ખુશી થયેલા દાસ-દાસીજનોને પ્રિય, અને રોષવાળી દૃષ્ટિવડે ભકતોના દ્વેષીઓને બાળી નાખનાર, ભક્તોએ સેવેલા એવા શ્રીમહાપ્રભુજી ૧૪

૩૬ ૩૭ ૩૮
સુખસેવ્યો દુરારાધ્યો દુર્લભાંઘ્રિસરોરુહઃ ॥

૩૯ ૪૦
ઉગ્રપતાપો વાકસીધું પૂરિતાશેષસેવકઃ ।। ૧૫ ।।

**અર્થ**:—સુખે કરીને સેવવા યોગ્ય, દુઃખે કરીને આરાધના કરવા યોગ્ય, જેમના ચર્ણરૂપી કમલ દુર્લભ છે, ઉગ્ર પ્રતાપવાળા, વાણીરૂપ અમૃતવડે સમગ્ર સેવકોને પૂર્ણ કરનાર. ૧૫

૪૧
શ્રીભાગવતપીયુષ સમુદ્ર મથનક્ષમઃ ।।

૪૨
તત્સારભૂતરાસસ્ત્રી ભાવપૂરિત વિગ્રહઃ ।। ૧૬ ।।

**અર્થ**:—શ્રીભાગવતરૂપ અમૃતનો સમુદ્ર તેની કથા કરવામાં સમર્થ અને તે ભાગવતને વિષે સારમૂત એવી રાસક્રીડા સ્ત્રીભાવે કરી પરિપૂર્ણ દેહવાળા. ૧૬

૪૩ ૪૪
સાન્નિધ્યમાત્રદત્ત શ્રીકૃષ્ણપ્રેમાવિમુક્તિદઃ ।।

૪૫ ૪૬
રાસલીલૈકતાત્પર્યઃ કૃપયૈતત્કથાપ્રદઃ ।। ૧૭ ।।

**અર્થ:**—પોતાનિ સન્નિધિ માત્રમાં શ્રીકૃષ્ણને વિષે પ્રેમનું દાન કરનાર એવા અને મુક્તિને દેનારા રાસલીલામાં એક તાત્પર્યવાળા તથા કૃપાએ કરીને એ કૃષ્ણની કથાને દેનારા. ૧૭

૪૭

**વિરહાનુભવૈકાર્થે સર્વત્યાગોપદેશકઃ ॥**

૪૮ ૪૯

**ભકત્યાચારોપદેષ્ટાચ કર્મમાર્ગપ્રવર્ત્તકઃ ॥ ૧૮ ॥**

**અર્થ:**—કેવળ વિરહના અનુભવ સારૂ સર્વ ત્યાગનો ઉપદેશ કરનારા ભક્તિ વાસ્તે આચારનો ઉપદેશ કરનારા, અને કર્મમાર્ગને પ્રવર્ત્તાવનારા એવા શ્રીઆચાર્યજી. ૧૮

૫૦

**યાગાદૌ ભક્તિમાર્ગૈકસાધનત્વોપદેશકઃ ॥**

૫૧ ૫૨ ૫૩ ૫૪

**પૂર્ણાનંદઃપૂર્ણકામો વાકપતિવિબુધેશ્વરઃ ॥ ૧૯ ॥**

**અર્થ:**—યાગાદિ કર્મમાં ભકિત માર્ગનું જ એક સાધનપણું છે એવો ઉપદેશ કરનાર પૂર્ણ આનંદવાળા, પુર્ણ

કામવાળા, વાણીના અધિપતિ, વિબુધના ઈશ્વર એવા શ્રી આચાર્યજી. ૧૯

૫૫ ૫૬
કૃષ્ણનામસહસ્રસ્યવક્તાભક્તપરાયણઃ ।।
૫૭
ભક્ત્યાચારોપદેશાર્થનાનાવાક્યનિરુપક ।। ૨૦ ।।

**અર્થ**—શ્રીકૃષ્ણના હજાર નામને કહેનારા તથા ભક્તોને શરણરૂપ અને ભક્તિ તથા આચારના ઉપદેશ સારૂ નાના પ્રકારના વાકયને નિરૂપણ કરનારા એવા ૨૦

૫૮ ૫૯
સ્વાર્થોજ્ઝિતાખિલપ્રાણપ્રિયસ્તાદૃશચેષ્ટિતઃ ।।
૬૦ ૬૧
સ્વદાસાર્થકૃતાશેષ સાધનઃ સર્વશક્તિધૃક્ ।। ૨૧ ।।

**અર્થ**—શ્રીઆચાર્યજી અર્થે અખિલ પ્રાણને અર્પણ કરનાર પુરૂષોને પ્રિય એવા અને તેવા તાદ્રશી પુરૂષોએ વીંટાએલા અને પોતાના દાસને સારૂ સમગ્ર સાધન કરનાર તથા સર્વ શક્તિને ધારણ કરનાર એવાશ્રી આચાર્યજી ૨૧

૬૨ ૬૩
ભુવભક્તિપ્રચારૈકકૃતે સ્વાન્વયકૃત્પિતા ॥
૬૪ ૬૫
સ્વવંશેસ્થાપિતાऽશેષસ્વ માહાત્મ્યઃસ્મયાપહઃ ॥ ૨૨ ॥

અર્થ—પૃથ્વીમાં કેવળ ભકિતનો પ્રચાર કરવા સારૂ પોતાનો વંશ કરનાર અને પિતારૂપ તથા પોતાના વંશને વિષે પોતાના સમગ્ર માહાત્મ્યનું સ્થાપન કરનાર અને ગર્વનો નાશ કરનાર એવા શ્રીમહાપ્રભુજી. ૨૨

૬૬ ૬૭
પતિવ્રતાપતિઃ પારલૌકકૈહિક દાનકૃત્ ॥
૬૮ ૬૯
નિગૂઢહૃદયાऽનન્યભકતષુજ્ઞાપિતાશયઃ ॥ ૨૩ ॥

અર્થ—પતિવ્રતાઓના પતિ અને પરલોક તથા આ લોક સંબંધી દાન કરતાર અને ગૂઢ હૃદયવાળા અનન્ય ભકતોમાં પોતાનું અંતઃકરણ જણાવનાર. ૨૩

૭૦
ઉપાસનાદિ માર્ગાતિમુગ્ધમોહ નિવારકઃ ॥

૭૧
ભક્તિમાર્ગે સર્વ માર્ગ વૈલક્ષણ્યાનુભુતિકૃત્ ॥૨૪॥

અર્થ--ઉપવાસનાદિ માર્ગોમાં અતિ મુગ્ધ પુરૂષોના મોહને મટાડનાર ભક્તિ માર્ગને વિષે સર્વ માર્ગથી વિલક્ષણ રીતે અનુભવ કરનાર એવા. ૨૪

૭૨ ૭૩
પ્રથક્શરણમાર્ગોપદેષ્ટા શ્રકૃષ્ણહાર્દવિત્ ॥

૭૪
પ્રતિક્ષણ નિકુંજસ્થલીલારસસુપૂરિતઃ ॥ ૨૫ ॥

અર્થ—જૂદી રીતે શરણ માર્ગનો ઉપદેશ કરનાર, શ્રી કૃષ્ણના હાર્દને જાણનાર, ક્ષણે ક્ષણે નિકુંજમાં થએલી લીલાના રસે કરીને પરિપૂર્ણ એવા. ૨૫

૭૫ ૭૬ ૭૭
તત્કથાક્ષિપ્તચિત્તસ્તદ્વિસ્મૃતાન્યોવ્રજાપ્રિયઃ ॥

૭૮ ૭૯ ૮૦
પ્રિયવ્રજ સ્થિતિઃ પુષ્ટિલીલાકર્તારહઃપ્રિયઃ ॥ ૨૬ ॥

અર્થ--તે નિકુંજવનમાં શ્રીકૃષ્ણચંદ્ર સંબંધી રાસ-

લીલા કથાવડે ચિત્તને ખેંચનાર અને તે કથા કરવા સારૂ અન્ય કથા વિરોધી કાર્યને વિસ્મરણ કરાવનાર અને વ્રજમાં પ્રીતિવાળા તથા પ્રિય વ્રજમાં સ્થિત વાળા પુષ્ટિ સંબંધી રાસલીલા કરનાર અને એકાંત્તિક ભક્તિમાં પ્રીતિવાળા શ્રીઆચાર્યજી. ૨૬

૮૧ ૮૨ ૮૩
ભક્તેચ્છાપૂરકઃ સર્વાજ્ઞાતલીલોઽતિમોહનઃ ॥
૮૪ ૮૫ ૮૬
સર્વાસક્તો ભક્તમાત્રાસક્તઃ પતિતપાવનઃ ॥ ૨૭ ॥

**અર્થ**—ભક્તની ઇચ્છાને પૂર્ણ કરનારા બીજા સર્વ પુરૂષોને અજ્ઞાત છે લીલા જેની એવા અને અત્યંત મોહ કરનાર સર્વને વિષે આસક્તિ રહિત, અને કેવળ ભક્તને વિષે આસક્ત, અને પતિત પુરૂષોને પવિત્ર કરનારા, એવા શ્રી આચાર્યજી. ૨૭

૮૭
સ્વયશોગાનસંહૃષ્ટ હૃદયાંભોજવિષ્ટરઃ ॥
૮૮ ૮૯
યશઃપીયૂષલહરી પ્લાવિતાન્યરસઃ પરઃ ॥૨૮॥

અર્થ—પોતાનો જશ ગાવાથી પ્રસન્ન થયેલા ભકતના હૃદયરૂપ કમલમાં આસન કરનાર, યશરૂપ અમૃતની લહેરથી ભીંજાવેલ છે અન્ય રસ જેણે એવા, અને શ્રેષ્ઠ એવા શ્રીમહાપ્રભુજી. ૨૮

૯૦
લીલામૃતરસાર્દ્રાદ્રી કૃતાખિલશરીરભૃત ॥
૯૧ ૯૨
ગોવર્દ્ધનસ્થિત્યુત્સાહસ્તલ્લીલાપ્રેમપૂરિતઃ ॥ ૨૯ ॥

અર્થ—લીલારૂપ અમૃત સંબંધી રસાર્દ્ર ભાવવડે સકળ શરીરધારીને રસવાળા કરનાર, અને શ્રી ગોવર્ધન ગિરિરાજની સ્થિતિમાં ઉત્સાહવાળા અને તે ભગવદ્ લીલામાં પ્રેમરસવડે પરિપૂર્ણ એવા શ્રીમહાપ્રભુજી. ૨૯

૯૩ ૯૪ ૯૫
યજ્ઞભોક્તા યજ્ઞકર્તા ચતુર્વર્ગ વિશારદઃ ॥
૯૬ ૯૭ ૯૮
સત્યપ્રતિજ્ઞ સ્ત્રિગુણાતીતો નયવિશા રદઃ ॥ ૩૦ ॥

અર્થ—યજ્ઞ ભોકતા અને યજ્ઞ કર્તા, તથા ધર્મ,

અર્થ, કામ અને મોક્ષને દેવમાં ડહાપણુવાળા, સાચી પ્રતિજ્ઞાવાળા, ત્રણ ગુણુથી રહિત અને નીતિમાં ચતુર એવા શ્રીઆચાર્યજી. ૩૦

૯૯ ૧૦૦

સ્વકીર્તિવર્દ્ધનસ્તત્વસૂત્રભાષ્ય પ્રદર્શકઃ ॥

૧૦૧ ૧૦૨

માયાવાદાખ્યતૂલાગ્નિ બ્રહ્મવાદ નિરૂપકઃ ॥૩૧॥

અર્થ--પોતાની કીર્તિને વધારનાર અને સાંખ્ય તત્વ અને વ્યાસ સૂત્રના ભાષ્યને કરનાર અને માયાવાદ રૂપ કપાસમાં અગ્નિ સરખા અને બ્રહ્મવાદને નિરૂપણુ કરનારા એવા શ્રીઆચાર્યજી. ૩૧

૧૦૩ ૧૦૪

અપ્રાકૃતાડખિલાકલ્પભૂષિતઃ સહજ સ્મિતઃ ॥

૧૦૫ ૧૦૬ ૧૦૭

ત્રિલોકી ભૂષણં ભૂમિભાગ્યં સહજસુંદરઃ ॥૩૨॥

અર્થ—અલૌકિક સર્વ શૃંગારવડે સુશોભિત અને સહજ હાસ્યવાળા ત્રણુ લોકમાં ભૂષણુ સરખા અને પૃથ્વીના ભાગ્યરૂપ, અને સહજ સુંદર એવા શ્રીમહાપ્રભુજી. ૩૨

૧૦૮

અશેષભક્તસંપ્રાર્થ્યચરણાબ્જરજોધન:

ઇત્યાનંદનિધેઃ પ્રોક્તં નામ્નામષ્ઠોત્તરંશત ॥૩૩॥

અર્થ--જેના ચરણ કમળના રજરૂપી ધન અશેષ ભક્તજનોએ સંપ્રાર્થનીય છે (એટલે સારી રીતે ઇચ્છા કરવા યોગ્ય છે) એવા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી છે એ પ્રમાણે આનંદના સમુદ્રરૂપ શ્રીમહાપ્રભુજીનાં એકસોને આઠ નામ કહ્યાં. ૩૩

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ॥

સતદેકમનાઃ સિદ્ધિમુક્તાંપ્રાપ્નોત્યસંશયમ્ ॥૩૪॥

અર્થ—શ્રદ્ધાવડે વિશુદ્ધ બુદ્ધિવાળો જે મનુષ્ય હંમેશાં તેને વિષે નિશ્ચય મનવાળો થઇને આ સ્તોત્રનો પાઠ કરે, તો તે પુરૂષ કહેલી મહાસિદ્ધિને પ્રાપ્ત થાય એમાં કાંઇ સંશય નથી. ૩૪

તદપ્રાપ્તૌવૃથામોક્ષ સ્તદાપ્તૌતદ્‌ગતાર્થતા ॥

અતઃસર્વોત્તમંસ્તોત્રં જપ્યંકૃષ્ણરસાર્થિભિઃ ॥૩૫॥

અર્થ—તે શ્રીઆચાર્યજીની પ્રાપ્તિ વિના મોક્ષ પણ

વૃથા છે અને તે સ્વમાર્ગ સંબંધી ફળની પ્રાપ્તિ થાય તો સાયુજ્યાદિક મોક્ષનું પણ નિર્થકપણું છે એ વાસ્તે આ સર્વોત્તમસ્તોત્રથી શ્રીકૃષ્ણચંદ્રરૂપ રસની ઇચ્છાવાળા પુરૂષોએ જપ કરવા યોગ્ય છે. ૩૫

॥ इति श्रीमदग्निकुमार प्रोक्तं ॥

## ॥ सर्वोत्तम स्तोत्रं समाप्तं ॥

ઈતી શ્રીમદ અગ્નિકુમાર પ્રોક્ત સર્વોત્તમસ્તોત્ર સંપૂર્ણ.

# ॥ અથ બાલબોધઃ ॥

નત્વા હરિં સદાનન્દં સર્વસિદ્ધાન્તવિગ્રહમ્
બાલપ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ॥૧॥

અર્થ—સદાનંદ શ્રીહરિને પ્રણામ કરીને, બાલકોને બોધ થવા માટે સારી રીતે વિચાર કરેલા સિદ્ધાંતના સ્વરૂપને હું જણાવું છું. ૧.

ધર્માર્થકામમોક્ષાખ્યાશ્ચત્વારોઽર્થામનીષિણામ ॥
જીવેશ્વરવિચારેણ દ્વિધા તેહિ વિચારતાઃ ॥ ૨ ॥

અર્થ—વિદ્વાનોએ ધર્મ, અર્થ કામ અને મોક્ષ આ ચાર પુરૂષાર્થો, જીવ અને ઈશ્વરના વિચારથી બે બે પ્રકારના વિચારેલા છે. ૨.

અલૌકિકાસ્તુવેદોક્તાઃ સાધ્યસાધનસંયુતાઃ ॥
લૌકિકાઋષિભિ: પ્રોક્તાસ્તથૈવેશ્વરશિક્ષયા ॥૩॥

અર્થ—સાધ્ય અને સાધન આ બે ભેદવાળા વેદમાં કહેલા તે અલૌકિક છે એમ જાણવું અને તે ઈશ્વર વિચા-

રિત છે તથા ઈશ્વરની આજ્ઞાથી ઋષિયોએ કહેલા તે જીવ-વિચારિત છે. તે લૌકિક છે. એમ જાણવું. ૩.

**લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ વેદાનાદ્યાયતઃ સ્થિતા ॥**

**ધર્મશાસ્ત્રાણિનીતિશ્ચકામશાસ્ત્રણિ ચ ક્રમાત્ ॥ ૪ ॥**

**અર્થ**—લૌકિક ( પુરૂપાર્થો )ને હું અંહી યથાર્થ રીતે કહું છું કારણ કે ઈશ્વરવિચારિત તો વેદમાં નિર્ણીત છે, માટે તેનો નિર્ણય કરવાની કાંઇ જરૂર નથી. ધર્મશાસ્ત્ર, અને કામશાસ્ત્ર આ ક્રમથી—૪.

**ત્રિવર્ગસાધકાનીતિ ન તન્નિણય ઉચ્યતે ॥**

**મોક્ષેચત્વારિશાસ્ત્રાણિલાકિકે પરતઃસ્વતઃ ॥૫॥**

**અર્થ**—ત્રણ શાસ્ત્ર ધર્મ, અર્થ તથા કામને સિદ્ધ કરનારા છે. એ પ્રસિદ્ધ છે. માટે તેનો નિર્ણય અહીં કરવાની કાંઈ જરૂર નથી. હવે બાંકી રહ્યો લૌકિકમાં મોક્ષ તે શાસ્ત્રનો નિર્ણય અમો કરીએ. આ મોક્ષ લૌકિકમાં બે પ્રકારનો છે. એક સ્વતોમોક્ષ[1] અને બીજો પરતોમોક્ષ.[2] તેમાં એક એક મોક્ષમાં બબ્બે શાસ્ત્ર છે. એટલે જુમલે ચાર શાસ્ત્ર છે. ૫.

---

૧ પોતાથી સિદ્ધ ૨ બીજાના આશ્રયથી થનાર.

દ્વિધા દ્વે દ્વે સ્વતસ્તત્ર સાંખ્યયોગૌ પ્રકીર્ત્તિતૌ ॥
ત્યાગાત્યાગવિભાગેન સાંખ્યેત્યાગઃપ્રકીર્તિતઃ ॥૬॥

અર્થ—સ્વતોમોક્ષના બે પ્રકાર આ છે. ૧ ત્યાગ અને ૨. અત્યાગ. આ ભેદથી સાંખ્ય તથા યોગશાસ્ત્ર કહેલાંછે. સાંખ્ય શાસ્ત્રમાં મોક્ષનું સાધન સર્વ વસ્તુમાત્રનો ત્યાગ એ જણાવેલું છે. ૬.

અહન્તામમતાનાશે સર્વથા નિરહંકૃતૌ ॥
સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે ॥૭॥

અર્થ—હું અને મારાપણું તદ્દન મટી જાય તથા અહંકાર રહિત જીવ પોતાના સ્વરૂપને પ્રાપ્ત થાય, ત્યારે તે જીવ કૃતાર્થ થયો એમ કહેવાય છે. ૭

ઇદર્થં પ્રક્રિયા કાચિત્ પુરાણેઽપિ નિરૂપિતા ॥
ઋષિભિર્બહુધા પ્રોક્તા ફલમેકમબાહ્યતઃ ॥ ૮ ॥

અર્થ—આ જીવન્મુક્ત થવાની પ્રક્રિયા (રીત) પુરાણોમાં ઋષિ લોકોએ ઘણે ઘણે પ્રકારે કહેલી છે. પણ તેનું ફળ એક મોક્ષરૂપજ છે. ૮

અત્યાગ યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ
યમાદયસ્તુકર્ત્તવ્યાઃ સિદ્ધેયોગે કૃતાર્થતા ॥ ૯ ॥

અર્થ—ત્યાગના અભાવમાં યોગમાર્ગથી મોક્ષની પ્રાપ્તિ છે. ( તનથી ) ત્યાગ યોગ જો કે સિદ્ધ થતો નથી, માટે મનથી ત્યાગ કરવાનીજ જરૂર છે અને યમ નિયમાદિ મનના નિશ્ચલપણાને માટે કરવા. એમ કરતા યોગસિદ્ધિ થતાંજ કૃતાર્થપણું પ્રાપ્ત થાય છે. ૯

પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે ॥
બ્રહ્મા બ્રાહ્મણતાં યાયસ્તદ્રૂપેણ ચ સેવ્યતે ॥૧૦॥

અર્થ—પરતોમોક્ષમાં પણ બે પ્રકાર છે. ગુણમૂર્તિ બ્રહ્મા છે, તે તો બ્રાહ્મણતાને પ્રાપ્ત થાય છે; અર્થાત્ તેની ઉપાસના બ્રાહ્મણપણાથી બને છે. મૂર્તિરૂપે થતી નથી. ૧૦

તે સર્વાર્થા ન ચાદ્યેન શાસ્ત્રં કિંચિદુદીરિતમ્ ॥
અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ ॥૧૧॥

અર્થ — સર્વાર્થ બ્રહ્મા સિદ્ધ નથી બ્રહ્માએ

કાંઇક કાંઇક શાસ્ત્ર નિરૂપણ કર્યું છે, કે જેનાથી કલ્યાણની પ્રાપ્તિ છે. હવે બાકી રહ્યા શિવજી તથા વિષ્ણુ જેઓ જગતના હિતકારક છે. ૧૧.

વસ્તુનઃ સ્થિતિસંહારૌ કાર્યૌ શાસ્ત્રપ્રવર્તકૌ ॥
બ્રહ્મૈવ તાદૃશં યસ્માત્સર્વાત્મકતયોદિતૌ ॥૧૨॥
નિર્દોષપૂર્ણગુણતા તત્તચ્છાસ્ત્રે તયોઃ કૃતા ॥
ભોગમોક્ષફલે દાતું શક્તૌ દ્વાવપિ યદ્યપિ ॥૧૩॥
ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ
લોકેઽપિ યત્પ્રભુર્ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્ ॥
અતિપ્રિયાય તદપિ દીયતે ક્વચિદેવ હિ ॥૧૪॥

**અર્થ**—વસ્તુ માત્રની સ્થિતિ અને સંહાર કરવો આ જેઓનું કાર્ય છે. એવા તે બેઉ શાસ્ત્રના પ્રવર્તક છે. બ્રહ્મજ તેવી જાતનું છે કે જેથી તે બન્ને સર્વાત્મકપણાથી કહેલા છે. તે તે શાસ્ત્રમાં તે બન્ને દેવો માટે દોષરહિત પૂર્ણ ગુણવાળાપણું જણાવેલું છે. ભોગ અને મોક્ષ આ બન્ને આપવાને જો કે બન્ને સમર્થ છે

તથાપિ શિવજીથી ભોગની પ્રાપ્તિ અને વિષ્ણુથી મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ નિશ્ચય છે. જગતમાં પણ આ વાત પ્રસિદ્ધ છે કે જે ચીજ રાજાને ખાવા પીવાની હોય તે બીજાને ન મળે તથાપિ જો તે ચીજને માંગનારો રાજાને અત્યંત પ્રિય હોય તો કદાચિત્ તેને પણ મળે. ૧૨.૧૩.૧૪.

**નિયતાર્થપ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ ॥**
**પ્રત્યેકં સાધનં ચૈતત્ દ્વિતીયાર્થેમહાંશ્રમઃ ॥૧૫॥**

**અર્થ**—નિયમિત અર્થના પ્રદાનથી ( યથાર્થ રીતે અર્પણથી ) તદીયત્વ એટલે તે દેવનું સેવકપણું અને તદાશ્રય એટલે દેવનો આશ્રય સિદ્ધ થાય છે. પ્રત્યેક માર્ગ માટે આ ઉપર કહેલાં ( તદીયત્વ અને તદાશ્રય ) જ તેની પ્રાપ્તિ માટે સાધન છે, અને બીજો અર્થ જે મોક્ષ તેને માટે ઘણોજ શ્રમ ઉઠાવવો પડે છે. ૧૫

**જીવાઃ સ્વભાવતો દુષ્ટા દોષાભાવાય સર્વદા ॥**
**શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિદ્ધ્યતિ ૧૬**

**અર્થ**—જીવો સ્વભાવથી દુષ્ટ હોય છે. કામાદિક શત્રુ-વાળા સ્વભાવથીજ છે. માટે દોષો મટવા સારૂ ( નિર્દોષ

થવાને વાસ્તે ) શ્રવણુ, મનન, વગેરે નવ પ્રકારની ભક્તિ સર્વદા કરવી. એમ કરતાં કરતાં પ્રેમભક્તિ જ્યારે ઉત્પન્ન થાય ત્યારે સર્વ કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૧૬

**મોક્ષસ્તુસુલભો વિષ્ણોર્ભોગશ્ચ શિવતસ્તથા ॥**
**સમર્પણેનાત્મનો હિ તદીયત્વં ભવેદ્ધ્રુવમ્ ॥૧૭॥**

**અર્થ**—મોક્ષ તો **વિષ્ણુથી** સુલભ છે. ભોગ **શિવ-જીથી** સુલભ છે. પણ તે કયારે સિદ્ધ થાય કે જ્યારે આત્માનું પણ સમર્પણ તે દેવને કરવામાં અને સર્વથા તે દેવનીજ અનન્યભક્તિ કરવા ચિત્ત તત્પર થાય ત્યારે

**અતદીયતયા ચાપિ કેવલશ્ચેત્સમાશ્રીતઃ ॥**
**તદ્દાશ્રયતદીયત્વ બુદ્ધ્યૈકિંચિત્સમાચરેત્ ॥૧૮॥**
**સ્વધર્મમનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમન્યથા ॥**
**ઇત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ॥૧૯॥**

**અર્થ**—કદાચિત્ આત્માના નિવેદન સિવાય ફક્ત આશ્રય કરવામાં આવે તોપણુ તે દેવનો આશ્રય તથા તે દેવના સેવકપણાના ભાવની બુદ્ધિએ કરીને કાંઇક સારી રીતે આચરણ કરવું. તે આચરણ

સ્વધર્મરૂપ જાણવું. એમ જો ન કરે તો સંસારમાં (કામાદિક પાપમાં પ્રવૃત્તિરૂપ ) પાત થાય. માટે સ્વધર્માચરણ કરવું આ પ્રમાણે મેં બધું કહ્યું જે જાણવાથી ફરીને ભ્રમ નહિ થાય. ૧૮–૧૯.

ઇતિ શ્રીમદ વલ્લભાચાર્ય વિચરિત બાલબોધ સંપૂર્ણ.

# ॥ અથ નવરત્ન સ્તોત્રમ્ ॥

ચિંતા કાપિન કાર્યાનિવેદિતાત્મભિઃ કદાપી તિ ॥
ભગવાનપિપુષ્ટિસ્થોનકરિષ્યતિલૌકિકીંચગતિં ॥૧॥

અર્થ—આત્માનું પણ સમર્પણ કરનાર ભક્તોએ કદી પણ કોઈ જાતની ચિંતા કરવી નહિ. અનુગ્રહમાં રહેનાર ભગવાન્ લૌકિક ગતિને નહિ કરે. ૧

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ ॥
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૨॥

અર્થ—તેવા માણસો સાથે જરૂર ભગવાનને કરેલું નિવેદન સંભારવું. સર્વના ઈશ્વર સર્વના આત્મા પોતાના ઇચ્છાથી કરશે. ૨

સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ॥
અતોઽન્યવિનિયોગેઽપિચિંતાકાસ્વસ્યયોઽપિચેત્ ॥૩॥

અર્થ—ઈશ્વરનો સંબંધ સર્વની સાથે છે. એકની સાથે છે અને એકની સાથે નહિ તેમ નથી. માટે અન્યના વિનિ-

યોગ ( ઉપયોગ) માં પણ અને જે વિષે વિનિયોગ થયો હોય તે જો પોતાનો હોય તોપણ શી ચિંતા ? ૩

**અજ્ઞાનાદથવા જ્ઞાનાત્કૃતમાત્મનિવેદનમ્ ॥**

**યૈઃકૃષ્ણસાત્કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ॥ ૪ ॥**

**અર્થ**—અજ્ઞાનથી અથવા જ્ઞાનથી શ્રીકૃષ્ણને જેણે આત્મનિવેદન કરેલું છે, તેવા ભક્તોને અર્થાત્ શ્રીકૃષ્ણની સાથે જેનાં પ્રાણો પણ પરાયણ છે તેવાઓને કયી જાતની વેદના છે ? ( કોઇ જાતની પણ નથી. ) ૪

**તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરૂષોત્તમે ॥**

**વિનિયોગેઽપિસા ત્યાજ્યા સમર્થોહિ હરિઃસ્વતઃ ॥૫॥**

**અર્થ**—તેમજ શ્રી પુરૂષોત્તમ વિષયક નિવેદન ખાતે ચિંતા ન કરવી. વિનિયોગ વિષે પણ તે ચિંતા કરવી. કારણ કે શ્રીહરિ સર્વ સમર્થ છે. ૫

**લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ॥**

**પુષ્ટિમાર્ગસ્થિતોયસ્માત્સાક્ષિણો ભવતાઽખિલાઃ ॥૬॥**

**અર્થ**—લોકમાં તથા વેદમાં શ્રીહરિ સ્થિતિને નહિ કરશે જેથી શ્રીહરિ પુષ્ટિમાર્ગ સ્થિત છે તે માટે સર્વ સાક્ષી તરીકે થાઓ. ૬

સેવાકૃતિર્ગુરોરાજ્ઞાઽબાધનં વા હરીચ્છયા ॥
અતઃ સેવાપરં ચિત્તંવિધાય સ્થીયતાં સુખમ ॥૭॥

અર્થ—ગુરુની આજ્ઞારૂપ સેવા કરવી. અથવા તેમાં જો હરિની ઇચ્છાથી તેનો બાધ થાય, તો પણ સેવાપર ચિત્તને રાખી સુખેથી રહેવું. ૭

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ॥
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ॥૮॥

અર્થ—ચિત્તમાં ચિંતા કરીને પણ જે જે ઈશ્વર કરશે, તેને તેની લીલા માનીને તરત ચિંતાને છોડી દેવી.૮

તસ્માત્સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
વદદ્ભિરેવં સતંત સ્થેયમિત્યેવ મે મતઃ ॥૯॥

અર્થ—માટે સર્વોત્મપણાથી "શ્રીકૃષ્ણ મારૂં શરણ" "श्री कृष्णः शरणं मम" આ અષ્ટાક્ષર મંત્રનો ઉચ્ચાર કરતાજ રહેવું" એ પ્રમાણે મારી બુદ્ધિ છે. ૯

॥ ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતં નવરત્નસ્તોત્રં સમાપ્ત ॥

---

# ॥ અથ યમુનાષ્ટકમ્ ॥

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા ।
મુરારિપદપંકજસ્ફુરદમન્દરેણૂત્કટામ્ ॥
તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પામ્બુના ।
સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥ ૧ ॥

અર્થ—સર્વ પ્રકારની સિદ્ધિયોને આપનારાં અને શ્રી કૃષ્ણના ચરણકમલના અત્યુત્તમ અમંદ પરાગથી શોભાયમાન તથા કાંઠામાં ( ઉભયતટમાં ) રહેલા નવીન વનોનાં સુગંધી પુષ્પોથી સુગંધવાળા જળે કરીને દેવ અને દાનવોને પુજન કરવા લાયક, કામદેવના પિતા (શ્રીકૃષ્ણ) ની શોભાને ધારણ કરનારાં, શ્રી યમુનાજીને પ્રેમપૂર્વક હું ( શ્રીમદ્ વલ્લભાચાર્યજી ) નમસ્કાર કરું છું. ૧.

કલિન્દગિરિમસ્તકે પતદમન્દપૂરોજ્જ્વલા ।
વિલાસગમનોલ્લસત્પ્રકટગણ્ડશૈલોન્નતા ॥
સઘોષગતિદન્તુરા સમધિરૂઢ દોલોત્તમા ।
મુકુન્દરતિવર્દ્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥ ૨ ॥

અર્થ—કલિંદ પર્વતના શિખર ઉપર ઉતરતા અમંદ જલ પ્રવાહથી ઉજ્જ્વલ શોભતાં એવાં અને સ્વચ્છંદ ગતિથી શોભાયમાન મોટા મોટા પાષાણો ઉપર થઇને ઉંચાઇને ધારણ કરનારા તથા શબ્દવાળી ગતિથી વિલાસને કરતાં એવાં (મધ્ય ભાગમાં ઉંચાઇને લીધે) જાણે કોઇ પાલખી ઉપર બિરાજી પધારતાં હોય તેમ જણાતાં શ્રીકૃષ્ણચંદ્રને પ્રીતિ ઉત્પન્ન કરનારાં, શ્રીસૂર્યનાં પુત્રી, શ્રીયમુનાજી જયને પ્રાપ્ત થાઓ ( સર્વથી ઉત્તમતાએ વરતો ). ૨.

ભુવં ભુવનપાવનીમધિગતામનેકસ્વનૈઃ ।
પ્રિયાભિરિવસેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ॥
તરંગભુજકંકણપ્રકરમુક્તિકા વાલુકા ।
નિતમ્બતટસુન્દરીં નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ॥૩॥

અર્થ—ચૌદ ભુવનોને પવિત્ર કરનારાં, આ પૃથ્વી વિષે પ્રાપ્ત થયેલાં અને પોતાની પ્રિય સખીઓથી જાણે સેવાતાં હોય તેમ નાના પ્રકારનાં શબ્દોવાળાં શુક ( પોપટ ), મયુર ( મોર ), હંસ વગેરે પક્ષિગોથી સેવાયલાં અને તરંગરૂપી બાહુઓમાં કંકણ વિષે, શોભાયમાન મુક્તાફલરૂપ

સંયુક્ત નિતંબ ભાગરૂપ કાંઠાઓથી શોભાયમાન એવાં શ્રીકૃષ્ણનાં ચોથાં પત્ની શ્રીયમુનાજીને હે ભક્તો ! પ્રણામ કરો. ૩

અનન્તગુણભૂષિતે શિવવિરંચિદેવસ્તુતે ।
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ॥
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે ।
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ॥ ૪ ॥

અર્થ—અનંત ગુણોથી શોભિતા, શિવબ્રહ્માદિક દેવતાઓથી સ્તુતિ કરાયલાં, મેઘ માફક શ્યામ સ્વરૂપવાળાં, નિરંતર ધ્રુવ, પરાશર વગેરે મહાત્માઓના મનોવાંચ્છિતને આપનારાં, પવિત્ર શ્રી મથુરાનગરીના તટમાં સર્વ ગોપ ગોપિયોથી વિંટાયલાં, દયાસમુદ્ર શ્રીકૃષ્ણના આશ્રયવાળાં શ્રી યમુનાજીમાં મારૂં મન સુખથી વસો. ૪.

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયં ભાવુકા ।
સમાગમનતો ભવત્સકલસિદ્ધિદા સેવતામ્ ॥
તયા સદૃશતામિયાત્કમલજા સપત્નીવયત્ ।
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદાસ્થીયતામ્ ॥૫॥

અર્થ—સેવન કરનારાઓને સર્વ સિદ્ધિઓ આપનારાં

શ્રી ગંગાજી, જે શ્રીયમુનાજીના સમાગમથી શ્રીકૃષ્ણના પરમ પ્રીતિપાત્ર થયાં, તેની સમાનતાને લક્ષ્મીજી કદાચિત પ્રાપ્ત થાય તો થાય. સિવાય બીજું કોણ પ્રાપ્ત થાય ? તેથી શૉક ( પોતાના વરની બીજી પરણેલી સ્ત્રી ) જાણે હોય તેમ રહેલાં, શ્રીકૃષ્ણનાં પરમ પ્રીતિપાત્ર શ્રીયમુનાજી મારા મનમાં નિરંતર વાસ કરો. ૫.

નમોસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતમ્ ।
ન જાતુ યમયાતના ભવતિતે પયઃપાનતઃ ॥
યમોપિ ભગિનીસુતાન્કથમુહન્તિદુષ્ટાનપિ ।
પ્રિયો ભવતિ સેવનાત્તવ હરેર્યથા ગોપિકાઃ ॥૬॥

અર્થ—હે શ્રીયમુનાજી ! તમારૂં ચરિત્ર અત્યંત આશ્ચર્યકારક છે. કેમકે તમારા જલના પાનથી કોઇ પણ વખતે યમયાતના થતી નથી. કારણ કે યમરાજાનાં તમે બ્હેન છો, તો પછી તમારે શરણે આવનાર યમરાજાનો ભાણેજ થાય અને ગમે તેવો દુષ્ટ પણ જો બ્હેનનો દીકરો હોય તો, ભાણેજ જાણી મામો ભાણેજ ઉપર કેમ હાથ ઉપાડે ? માટે જેમ શ્રીહરિના સેવનથી શ્રીગોપીજનો તેમ તમારા સેવનથી તે યમને પણ પ્રિય થાય છે. એવાં આશ્ચર્યજનક ચારિત્રવાળાં આપને મારા નમસ્કાર હો. ૬

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા ।
ન દુર્લભતમા રતિર્મુરરિપૌ મુકુન્દપ્રિયે ॥
અતોસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્ ।
તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ॥૭॥

અર્થ—તમારા સમીપમાં આ મારા શરીરનું નવીનપણું થાઓ. તેમ થવાથી શ્રીકૃષ્ણ વિષે પ્રીતિ દુર્લભ નથી. માટે હે મુકુંદપ્રિય! (શ્રીકૃષ્ણને વહાલાં હે શ્રીયમુનાજી!) તમારી ઉપાસના યા સેવા મને થાઓ. તમારાજ સંગમથી શ્રી ગંગાજી આ પૃથ્વીમાં કીર્તિને પ્રાપ્ત થયાંછે, પરંતુ પુષ્ટિમાર્ગસ્થ ભક્તોએ કરીને તેમ થયું નથી ૭

સ્તુતિ તવ કરોતિ કઃ કમલજાસપત્નિપ્રિયે ।
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ॥
ઇયં તવ કથાધિકાસકલગોપિકાસંગમ ।
સ્મરશ્રમજલાણુભિઃ સકલગાત્રજૈઃ સંગમઃ ॥૮॥

અર્થ—હે શ્રી લક્ષ્મીજીનાં શ્યૅાક! હે શ્રીહરિનાં પ્રીતિપાત્ર પત્ની! આપની સેવા કરવાથી મોક્ષ પર્યંત સુખ પ્રાપ્ત છે, માટે તમારી સ્તુતિ કોણ કરી શકે? શ્રીકૃષ્ણનો

શ્રી ગોપીજનો સાથેનો જે સંગમ, તજ્જન્ય જે કામ, તેથી ઉત્પન્ન થનાર પરિશ્રમ, તેનાથી જે જળના બિંદુ-ઓ, તેણે કરીને તેમના સર્વ શરીરનાં અવયવોનો જે આપની સાથે સબંધ થયો છે તેથી કરીને આ આપની કથા સર્વથી અધિક છે. ૮

તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસૂતે સદા ।
સમસ્તદુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ॥
તયા સકલસિદ્ધયો મુરરિપુશ્ચસંતુષ્યતિ ।
સ્વભાવવિજયો ભવેદ્વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ॥૯॥

અર્થ—શ્રીવલ્લભ કહે છે કે, હે સુર્યનાં પુત્રિ ! તમારૂં આ અષ્ટક ( આઠ શ્લોકનું સ્તોત્ર ) હર્ષથી નિરંતર જે પાઠ કરશે, તેના સર્વ પાપનો ક્ષય થશે, અને તેની શ્રીમુકુંદ વિષે નક્કી પ્રીતિ થશે; અને તે પ્રીતિથી સર્વ મનોરથ સિદ્ધ થશે. કામાદિક સ્વાભાવિક દોષોથી વિજય પામશે. ૯

ઇતિશ્રી વલ્લભાચાર્ય વિરચિતં શ્રી યમુનાષ્ટક સ્તોત્ર સંપૂર્ણ.

# ।। અથ સિદ્ધાન્તમુક્તાવલી ।।

આ ગ્રંથનું નામ "સિદ્ધાંતમુક્તાવલી" છે. સિદ્ધ એટલે વાદવિવાદ કરતાં સાબીત થએલો અને અંત એટલે નિશ્ચય, અથવા સિદ્ધ એટલે સ્વતઃસિદ્ધ જે વેદ તેનો જે અંત એટલે નિશ્ચય એ રૂપી જે મોતી તેની આ માળા છે. અર્થાત્ આ ગ્રંથમાં કહેલી સર્વ બાબતો નિર્મળ અને અમુલ્ય સિદ્ધાંતરૂપ છે.

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્તવિનિશ્ચયમ્ ।।
કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ।।૧।।

**અર્થ**—શ્રી આચાર્યજી જણાવે છે કે—પાપ હરણ કરનાર શ્રી હરિને પ્રણામ કરી પોતાના સિદ્ધાંતનો નિશ્ચય સારી રીતે કહું છું. શ્રી કૃષ્ણની સેવા નિરંતર કરવી. તેમાં માનસી સેવા ઉત્તમ માનેલી છે. ૧

ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા ।।
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।। ૨ ।।

**અર્થ**—ભગવત્ચરણ સાથે ચિત્તનું જે વશવર્તિપણું

તેનું નામ સેવા અને તે સેવાની સિદ્ધિ થવા માટે તનુજા અને વિત્તજા સેવા કરવી તેથી સંસાર દુઃખની નિવૃત્તિ થાય છે, અને બ્રહ્મસ્વરૂપનો બોધ થાય છે. ૨

પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનન્દકં બૃહત્ ॥
દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાદેકં તસ્માદ્વિલક્ષણમ્ ॥૩॥

**અર્થ**—પરબ્રહ્મ તો **શ્રીકૃષ્ણજી** છે. અક્ષરબ્રહ્મ સત્, ચિત્ અને આનંદાત્મક છે. તે અક્ષર બ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક આ સંપૂર્ણ જગત્ અને બીજું જગત્થી વિલક્ષણ રૂપ છે.

અવરં તત્ર પૂર્વસ્મિન્વાદિનો બહુધા જગુઃ ॥
માયિકં સગુણં કાર્યં સ્વતન્ત્રં ચેતિ નૈકધા ॥૪॥

**અર્થ**—જગતરૂપી જે તેનું પૂર્વ રૂપ તેમાં વાદીઓનું અનેક પ્રકારોથી કથન છે. કોઇએક કહેછે કે આ જગત માયિક છે, કોઇ કહેછે સગુણ છે; કોઇનો મત એવો છે કે કાર્ય છે; તેમજ કોઇનો મત જગત સ્વતંત્ર છે. એમ અનેક પ્રકારે વાદીઓ કહે છે. ૪

તદેવૈ તત્ પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્ ॥
દ્વિરૂપં ચાપિ ગંગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ॥૫॥

અર્થ—તે અક્ષર બ્રહ્મજ આ જગતરૂપ થયું છે. આ પ્રમાણે વેદનો સિદ્ધાંત છે. પ્રપંચરૂપ અને તદ્ભિન્નરૂપ એ બે પ્રકારથી અક્ષરબ્રહ્મનાં પણ બે રૂપ છે. જેમ જલરૂપી ગંગાજીના બે સ્વરૂપ છે તેમ, તેમાં એક જલરૂપી આધિભૌતિક સ્વરૂપ છે. ૫

માહાત્મ્યશંયુતા નૃણાં સેવતાંમુક્તિમુક્તિદા ॥
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માંપિ બુદ્ધ્યતામ્ ॥૬॥

અર્થ—બીજું સ્વરૂપ માહાત્મ્ય સહિત તીર્થ દેવતાત્મક (આધ્યાત્મિક) કે તે જે મર્યાદામાર્ગની વિધિથી સેવન કરનાર જનોને ભક્તિભોગ મુક્તિ (મોક્ષ)ને આપે છે. તેમ બ્રહ્મસ્વરૂપને પણ જાણો. ૬

તત્રૈવ દેવતામૂર્તિર્ભક્ત્યા યાં દૃશ્યતે ક્વચિત્ ॥
ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદબુદ્ધયે ॥ ૭ ॥

અર્થ—તે ગંગાજી વિષે વિશેષે કરીને પ્રવાહ સાથે અભેદ બુદ્ધિ રાખનારને ભક્તિએ કરીને જે કોઈ દેવતાની

મૂર્તિ કયારેક પ્રત્યક્ષ દેખાય છે, તે દેવીની મૂર્તિ તો ભકતનેજ પ્રત્યક્ષ થશે બીજાને તો નહિજ થાય. તથાપિ સર્વ જનો ગંગાજલમાં યથેષ્ટ સ્નાન પાનાદિક કરેજ છે. અને શાસ્ત્રવિધિથી પાપાદિકની નિવૃત્તિ જલશ્રૈષ્ટ્ય (બીજા જલો કરતાં ઉત્તમતા ) સિદ્ધજ છે. ૭

પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્તથા જલે ॥
વિહિતાચ્ચ ફલાત્તદ્ધિ પ્રતીત્યાપિ વિશિષ્યતે ॥ ૮ ॥

અર્થ-જે આધિદૈવિક એટલે દેવતારૂપ ગંગાજી સર્વને પ્રત્યક્ષ નથી તથાપિ ગંગાજીના સ્થાનભૂત જળમાં તેમનું પ્રાકામ્ય એટલે ભકતની અત્યંત શ્રદ્ધાપૂર્વક તીવ્ર ઈચ્છાથી તેને પ્રત્યક્ષ થવાપણું છે. અને તેનો અનુભવ થયાથી, શાસ્ત્રમાં તેનું જે ફળ કહ્યું છે તે અતઃકરણમાં વિશેષતા દેખાય છે

યથા જલં તથા સર્વં યથા શક્તા તથા તથા બૃહત્ ॥
યથા દેવી તથા કૃષ્ણ સ્તત્રાપ્યેતદિહોચ્યતે ॥૯॥

અર્થ-જેમ જલ તેમ સર્વ જગત જેમ માહાત્મ્ય સહિત તીર્થરૂપ સામર્થ્ય-ગંગા' તેમ અક્ષરબ્રહ્મ. જેમ દેવ-

તારૂપ ગંગાદેવીની પ્રતિમા (મૂર્તિ) તેમ શ્રીકૃષ્ણ છે. તથાપિ આ પ્રમાણે અહીંઆં કંઇક વિશેષ કહેવામાં આવે છે. ૯

જગતુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્માવિષ્ણુશિવાન્તતઃ ॥
દેવતા રૂપવત્પ્રોક્તા બ્રહ્મણીત્થં હરિર્મતઃ ॥૧૦॥

અર્થ--જગત્ ત્રણ પ્રકારનું કહેલું છે. તે માટે બ્રહ્મા વિષ્ણુ, શિવજી, આ ગુણોના અધિષ્ઠાતા દેવતાઓ પણ કહ્યા છે, આ ત્રિગુણાત્મક વ્યવહાર બ્રહ્મવિષે છે અને આધિદૈવિક સ્વરૂપી શ્રીહરિ માનેલા છે. ૧૦

કામચારસ્તુ લોકેઽસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા
પરમાનન્દરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ॥૧૧॥

અર્થ--આ લોકમાં વિષયની પ્રાપ્તિ બ્રહ્માદિક દેવતાઓથી થાય છે. બીજા પ્રકારે થતી નથી પરમાનંદરૂપ શ્રીકૃષ્ણ વિષે સ્વરૂપનો આત્મા તરીકે નિશ્ચય છે. ૧૧

અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ ॥
આત્મનિ બ્રહ્મરૂપે તુ છિદ્રાભ્યોમ્નીવ ચેતનાઃ ॥૧૨॥

અર્થ--એટલા માટે બ્રહ્મવાદે[1] કરીને શ્રીકૃષ્ણ વિષે

1 શ્રી કૃષ્ણ પરબ્રહ્મરૂપ છે એ વેદાંતશાસ્ત્રના સિદ્ધાંતથી.

બુદ્ધિને બ્રહ્મસ્વરૂપી આત્માને વિષે આકાશમાં જેમ છિદ્રો
તેમ જગતમાં જીવો જણાય છે. ૧૨

ઉપાધિનાશે ત્વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને ॥
ગંગાતીરસ્થિતો યદ્વદ્દેવતાં તત્ર પશ્યતિ ॥ ૧૩ ॥

અર્થ--બ્રહ્મ છે તેજ આ આત્મા છે એમ સ્વરૂપને બોધ થયાથી અવિદ્યાનો નાશ થાય છે જેમ ગંગાતીર ઉપર રહેલો માણુસ ગંગામાં રહેલી તેની દેવતા તેને જુવે તેમ ૧૩

તથા કૃષ્ણં પરંબ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ ॥
સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ॥૧૪॥

અર્થ—તેમજ જ્ઞાની માણુસ છે તે પરબ્રહ્મ શ્રીકૃષ્ણને પોતાને વિષે સારી રીતે જુવે છે. અને સંસારી (અજ્ઞાની) જે ભજે છે તે દૂરસ્થિત માણુસ જેમ ગંગાજીનું ભજન કરે તેમ જાણવું. ૧૪

અપેક્ષિતજલાદીનામભાવાત્તત્ર દુઃખભાક્ ॥
તસ્માચ્છ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ॥૧૫॥

અર્થ —દૂરસ્થિત એટલે આઘે ઉભેલા જનને અપેક્ષિત જલાદિની પ્રાપ્તિના અભાવથી તેમાં દુઃખ પ્રાપ્ત થાયછે.

તે માટે શ્રીકૃષ્ણ પ્રાપ્તિનો જે માર્ગ તેમાં સ્થિત થવાથી સર્વ લોકથી વિમુક્ત થાય છે. અથવા સર્વ લોકથી વિમુક્ત થઇને શ્રીકૃષ્ણ પ્રાપ્તનો જે માર્ગ તેમાં સ્થિત રહેવું. ૧૫.

આત્માનંદ સમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિંતયેત્ ॥
લોકાર્થી ચેદ્ભજેત્કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા ।૧૬।

અર્થ—આત્માનંદ સમુદ્રમાં રહેલાં શ્રીકૃષ્ણનુંજ સદા ચિંતન કરે છે. લોકાર્થી થઇને જો શ્રીકૃષ્ણને ભજે તો તેમ ભજનાર જરૂર કલેશવાળો છે. ૧૬

ક્લિષ્ટોઽપિ ચેદ્ભજેત્કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા ॥
જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્પૂજોત્સવાદિષુ ॥ ૧૭ ॥

અર્થ—દુઃખવાળો થઇને પણ જો શ્રીકૃષ્ણને ભજે તો જરૂર તેનો લોક ( વ્યવહાર ) નાશને પ્રાપ્ત થાય. જ્ઞાની ન થયો હોય તો પુષ્ટિમાર્ગી ભક્ત ભગવાનની સેવા કથાદિકમાં સ્થિત થઇને રહે. ૭.

મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવત તત્પરઃ ॥
અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઇતિ સ્થિતિઃ ॥૧૮॥

અર્થ—મર્યાદા માર્ગમાં રહેલો માણસ ગંગાતટ વિષે

શ્રી ભાગવતને પરાયણ થઇને રહે. કારણ કે પુષ્ટિમાર્ગમાં ભગવાનનો અનુગ્રહજ નિયામક છે. ૧૮

ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ॥
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ એવં તસ્માન્નિરૂપિતઃ ॥૧૯॥

અર્થ--પરંતુ બેઉના ક્રમે કરીનેજ પૂર્વ ઉક્તિથીજ ફળશે. ભક્તિમાર્ગ જ્ઞાનથી અધિક છે તેથી એમ નિરૂપણ કરેલું છે. ૧૯.

ભક્ત્યભાવે તુ તીરસ્થો કથાઃ દુષ્ટૈઃ સ્વકર્મભિઃ ॥
અન્યથા ભાવમાંપન્નસ્તસ્માથાનાચ્ચ નશ્યતિ ॥૨૦॥

અર્થ--કાંઠા ઉપર રહેલો માણસ જેમ પોતાનાં દુષ્ટ કર્મોએ કરીને ભક્તિના અભાવથી ઉલટા ભાવને પ્રાપ્ત થયેલો બને તો તે સ્થાનથી નાશને પ્રાપ્ત થાય. ૨૦

એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્ ॥
એતદ્બુધ્વા વિમુચ્યેત પુરૂષઃસર્વસંશયત્ ॥૨૧॥

અર્થ--એ પ્રમાણે છાનું રહેલું સર્વસ્વ મેં નિરૂપણ કર્યું. જે જાણીને સર્વ સંશયથી પુરૂષ મુક્ત થાય. ૨૧

ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત સિદ્ધાંત મુક્તાવલી સમાપ્ત

# ॥ અથ પુષ્ટિપ્રવાહ મર્યાદા ભેદ ॥

અનુષ્ટુપ.

પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષ પૃથક્પૃથક્ ॥
જીવદેહક્રિયાભેદૈઃ પ્રવાહેણુ ફલેન ચ ॥ ૧ ॥
ભક્ષ્યાનિ સર્વદેહા ન ભવિષ્યંતિ યચ્છ્રુતેઃ ।
ભક્તિમાર્ગસ્ય કથનાત્પુષ્ટિરસ્તીતિ નિશ્ચયાઃ ॥ ૨ ॥

અર્થ—પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ આ ત્રણે માર્ગો જૂદાં જૂદાં જીવ દેહ અને ક્રિયાના ભેદથી, પવૃત્તિ અને ફલથી, ભિન્ન ભિન્ન કહેવામાં આવે છે. જે જાણવાથી સર્વ જાતના સંદેહો નષ્ટ થશે. પુષ્ટ, પ્રવાહ અને મર્યાદા આ ત્રણ માર્ગમાં પ્રથમ પુષ્ટિમાર્ગ જેને શાસ્ત્રમાં [ભક્તિ-માર્ગ] જણાવેલો છે—તેથી પુષ્ટિમાર્ગનો નિશ્ચય થાયછે.૧–૨

દ્વૌ ભૂતસર્ગાવત્યુક્તેઃ પ્રવાહોઽપિ વ્યવસ્થિતઃ ।
વેદસ્ય વિધમાનત્વાન્મર્યાદાપિ વ્યવસ્થિતા ॥ ૩ ॥

અર્થ—પ્રાણિની ઉત્પત્તિ બે પ્રકારની છે. એમ ગીતાજીમાં કહેલું છે જે ઉપરથી પ્રવાહમાર્ગ વ્યવસ્થાવાળો

છે. અને વેદની વિદ્યમાનતાથી મર્યાદામાર્ગ પણ વ્ય-
વસ્થાવાળો સ્પષ્ટ છે. ૩

કશ્ચિદેવ હિ ભક્તો હિ યો મદ્‌ભક્ત ઇતિરણાત્ ॥
સર્વત્રોત્કર્ષકથનાત્પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ॥ ૪ ॥

અર્થ—કોઇકજ ભકત મારા સ્વરૂપને યથાયોગ્ય જાણે છે ઇત્યાદિ ઉત્કર્ષ ઘણે ઠેકાણે કહ્યો છે જેમકે શ્રી ભાગવતમાં પણ કહ્યું છે કે જેની ઉપર ભગવાન દયા કરે છે. " તેની બુદ્ધિ લૌકિક વૈદિક માર્ગથી બહાર થઈ જાય છે. " ઇત્યાદિ કહેલું છે, માટે ઉત્કર્ષ કથનથી પુષ્ટિમાર્ગનો નિશ્ચય થાય છે. ૪

ન સર્વોઽતઃ પ્રવાહાદ્ધિ ભિન્નો વેદાચ્ચ ભેદતઃ ॥
યદા યસ્યેતિ વચનાન્નાહં વેદૈરિતીરણાત્ ॥ ૫ ॥
માર્ગૈકત્વેઽપિ ચેદન્ત્યૌ તનૂ ભક્ત્યાગમૌ મતૌ ।
ન તદ્યુક્તં સૂત્રતો હિ ભિન્નૌ યુક્ત્યા હિ વૈદિકઃ ॥૬॥

અર્થ—માટે પ્રવાહથી અને વેદથી બેય માર્ગથી પુષ્ટિ માર્ગ ભિન્ન છે. જૂદાં જૂદાં ભાગવત, ગીતાજી વગેરેનાં વચનો છે. માટે પરસ્પર જૂદાઇ છે. કદાચિત્ માર્ગ

અને એકપણું આવે, તોપણ પ્રવાહમાર્ગને અને મર્યાદા-માર્ગને ભક્તિ માર્ગનું આગમપણું (ભક્તિ પ્રાપ્તિનું સાધનપણું) થાય. તેથી તેનું અંગપણું સિદ્ધ થાય આમ જે કહેવું તે પણ યોગ્ય નથી. કારણ કે ભકિતસૂત્રમાં ભકિતથી મુકિત કહેલી છે પ્રવાહમાં તો મુકિત છેજ નહિ તેથી પ્રવાહ ભિન્નજ છે. શ્રી ગોપીજનો વગેરેને વૈદિક સંસ્કારવિના પરમ ભકિત પ્રસિદ્ધ છે. ઇત્યાદિ યુંકિતઓથી વૈદિકમાર્ગ જૂદો છે. તેનાં અગપણું તેમને નથી. એમ સમજવું. ૫-૬.

જીવદેહકૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ ॥

યથા તદ્વત્પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ ॥ ૭ ॥

અર્થ—જીવપણામાં, દેહમાં અને ક્રિયામાં પરસ્પર ત્રણે માર્ગને જૂદાઇ છે. એમ શ્રુતિ પ્રતિપાદન કરે છે, અને પુષ્ટિમાર્ગમાં બેય માર્ગનો નિષેધ છે. ૭

પ્રમાણભેદાદ્ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ ॥

સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતમ્ ॥ ૮ ॥

અર્થ—પ્રમાણ ભેદથી પુષ્ટિમાર્ગ જૂદોજ કહ્યો છે. હવે સ્વરૂપ, અંગ અને ક્રિયા તેવાળો સર્ગનો ભેદ કહું છું. ૮

ઇચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્ હરિઃ ॥
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ॥૯॥

અર્થ—શ્રીહરિએ પોતાની ઇચ્છાથી એટલે મનથી પ્રવાહને ઉત્પન્ન કર્યો અને વચનથી વેદમાર્ગને અને શરીરથી પુષ્ટિમાર્ગને ઉત્પન્ન કર્યો. આ પ્રમાણે નિશ્ચયછે. ૯

મૂલેચ્છાતઃ ફલં લોકે વેદોક્તં વૈદિકેઽપિ ચ ॥
કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોઽપિ નૈકધા ॥ ૧૦ ॥

અર્થ—પોતાની ઇચ્છાથી પ્રવાહી જીવોને ફલ થાય છે. મર્યાદાદિકોને વેદમાં કહ્યા પ્રમાણે ફલ થાય છે. અને પુષ્ટિમાર્ગિયોને પોતાના આનંદાત્મક દેહથી ફલ ઉત્પન્ન થાય છે. મર્યાદિકોને તથા પુષ્ટિમાર્ગિયોને ફલમાં તફાવત પડે છે. એકતા થતી નથી. અર્થાત્ જૂદા જૂદા જીવોને ઈશ્વરની ઇચ્છાથીજ એકજ રીતનું કર્મ કર્યા છતાં ફળ જૂદું જૂદું પ્રાપ્ત થાય છે. ૧૦

તાનહં દ્વિષતો વાક્યાદ્ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ।
અત એવેતરૌ ભિન્નૌ સાંતૌ મોક્ષપ્રવેશતઃ ॥૧૧॥

અર્થ- ગીતાજીમાં [ અધ્યાય ૧૬ શ્લોક ૧૯ ]

ભગવાને આજ્ઞા કરી છે કે જેઓ પરનો દ્વેષ કર્યા કરેછે ઇત્યાદિક અધમ કર્મોના કરનારાઓને હું આસુરી યોનિમાં નાખુંછું, આ વાકયથી પ્રવાહી જીવો જૂદાજ છે. માટેજ આ પ્રવાહી જીવોથી મોક્ષને પામનારા બે માર્ગવાળા જીવો (મર્યાદિક તથા પુષ્ટિ જીવ) જૂદા છે. ૧૧

તસ્માજ્જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશયઃ ॥
ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ॥ ૧૨ ॥

અર્થ—તેથી પુષ્ટિમાર્ગમાં જીવો ભિન્નજ છે, એમાં સંશય નથી. ભગવત્સ્વરૂપની સેવા માટે તે જીવોને ભગવાને ઉત્પન્ન કર્યા છે. સિવાય બીજું કારણ નથી. ૧૨

સ્વરૂપેણાવતારેણ લિંગેન ચ ગુણેન ચ ॥
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ॥૧૩॥

અર્થ—સ્વરૂપથી, દેહથી, ચિહ્નથી, ગુણથી, પુષ્ટિજીવને અને ભગવાનને જૂદાપણું હોતું નથી, પણ ભગવાનને જ ભકત સાથે જેવી જાતની લીલા કરવાની ઇચ્છા હોય તેવા આકારમાં તેનું સ્વરૂપ ગુણ વગેરે ક્રિયાઓમાં તફાવત રાખે છે. ૧૩

**તથાપિ યાવતા કાર્યં તાવત્તસ્ય કરોતિ હિ ॥**
**તેહિ દ્વિધા શુદ્ધમિશ્રભેદાન્મિશ્રાસ્ત્રિધા પુનઃ ॥ ૧૪ ॥**

અર્થ--તોપણ જેટલું કાર્ય જેનાથી કરાવવું હોય તેટલુંજ તેનાથી પોતે સિદ્ધ કરાવે છે. શુદ્ધ અને મિશ્ર ભેદથી તે જીવો બે પ્રકારના હોય છે, અને વસ્તુતઃ ત્રણ પ્રકારના છે. ૧૪

**પ્રવાહાદિવિભેદેન ભગવત્કાર્યસિદ્ધયે ॥**
**પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ ॥૧૫॥**
**મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણાતિદુર્લભાઃ ॥**
**એવં સર્ગસ્તુ તેષાં હિ ફલં ત્વત્ર નિરૂપ્યતે ॥૧૬॥**

અર્થ—ભગવત્ કાર્યની સિદ્ધિ માટે પ્રવાહાદિક ભેદે કરીને જે જીવો પુષ્ટિથી મિશ્રિત હોય છે ( એટલે જે જાતનો મર્યાદા જીવ જો પુષ્ટિમિશ્રિત થાય ) તો તે સર્વજ્ઞ થાય, અને પ્રવાહમાં જો મળી જાય તો ક્રિયામાં આસકત થાય, અને મર્યાદામાં મળે તો ભગવદ્ગુણગાન કરે ઇત્યાદિ પરમ પ્રેમવાન થાય. આવા ભક્તો અતિ દુર્લભ હોય છે. આ પ્રમાણે તે જીવોની

ઉત્પત્તિ કહી. હવે એઓનું ફલ કહેવામાં આવે છે. ૧૫-૧૬

**ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્‌ભુવિ ।**
**ગુણસ્વરૂપભેદેન તથાં તેષાં ફલં ભવેત્ ॥ ૧૭ ॥**

અર્થ—પુષ્ટિમાર્ગમાં શ્રીભગવાનજ ફલરૂપ છે, તે ગુણ અથવા સ્વરૂપ તેના ભેદથી તેઓને ફલ પ્રકટ થઇને ફલરૂપ થાય છે. ૧૭

**આસક્તૌ ભગવાનેવ શાપં દાપયતિ ક્વચિત્ ॥**
**અહંકારેઽથવા લોકે તન્માર્ગસ્થાપનાય હિ ॥૧૮॥**

અર્થ—કોઇ વખતે પુષ્ટિમાર્ગી અથવા મર્યાદામાર્ગી જીવ લોકમાં આસક્ત થાય તો અથવા અહંકાર વધે તો જીવને ઉત્તમ માર્ગમાં સ્થાપન કરવા સારૂ કોઇ તરફથી શાપ પણ અપાવી દે છે. ૧૮

**ન તે પાષણ્ડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવાઃ ॥**
**મહાનુભાવાઃ પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વહેતવે ॥૧૯॥**

અર્થ—પછી તે જીવો પાખંડપણાને પ્રાપ્ત થતાં નથી તેમ મોટા મોટા રોગોથી પણ પીડિત થતા નથી. ઘણું કરીને મોટી સત્તાવાળા તેઓ શાપરૂપ શિક્ષાથી શુદ્ધ થઇ જાય છે. ૧૯

**ભગવત્તાસ્તમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ॥**
**વૈદિકત્વં લૌકિકત્વં કાપાટયાતેષુ નાન્યથા ॥ ૨૦ ॥**

અર્થ—ભગવત્કૃત ઉચ્ચપણું તથા નીચપણું સ્વીકારે છે. પરંતુ વૈદિકપણું તથાં લૌકિકપણું કેવળ આચરણ માત્ર હોય છે. સંસારના વ્યવહાર માટે વસ્તુતઃ ( ખરૂં જોતાં ) તેઓ સંકલ્પ ફલ રહિત મનવાળા હોય છે. અંતઃકરણ પૂર્વક નાના પ્રકારનાં ફલની ઈચ્છાવાળા હોતા નથી. ૨૦

**વૈષ્ણયત્વં હિ સહજ તતોઽન્યત્ર વિપર્યયઃ ॥**
**સંબન્ધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્તથાપરે ॥૨૧॥**
**ચર્ષણીશબ્દવાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ ॥**
**ક્ષણાત્સર્વત્વમાયાન્તિ રૂચિસ્તેષાં ન કુત્રચિત્ ॥૨૨॥**
**તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્ ॥**
**પ્રવાહસ્થાન્પ્રવક્ષ્યામિ સ્વરૂપાઅંગક્રિયાયુતાન્ ॥૨૩॥**
**જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે પ્રવૃત્તિ ચેતિ વર્ણિતાઃ ।**
**તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞદુર્જ્ઞવિભેદતઃ ॥૨૪॥**

અર્થ—વૈષ્ણવપણું સ્વાભાવિક હોય છે, તે

સિવાય બીજે ઠેકાણે ઉલટાપણું જણાય છે. તેથી ભગવદનુગ્રહીત (ભગવાને જેની ઉપર દયા કરી હોય તેવા)ની સાથે તેઓ સંબંધ રાખે છે. બીજાની સાથે નહિ, હવે બીજા જે જીવો પ્રવાહમાં ચાલનારા તેઓનું નામ શાસ્ત્રમાં ચર્ષણી નામ કહેલું છે. તે જીવો સર્વ માર્ગમાં થોડી થોડીવાર સર્વપણાને પ્રાપ્ત થાય પણ તેઓની રૂચિ ક્યાંય પણ નથી હોતી. તેથી તેઓને તેમાંના કર્મ પ્રમાણે ફલ થાય છે. પ્રવાહમાં રહેલા જીવોનાં સ્વરૂપ, અંગ અને ક્રિયાઓ કહું છું. તે જીવો બધા આસુરો હોય છે. ગીતાજીમાં જેઓનું વર્ણન કરેલું છે, એક તો અજ્ઞ[1] અને બીજો દુર્જ્ઞ[2] આ ભેદથી તેઓ બે પ્રકારના હોય છે. ૨૧ થી ૨૪.

**દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્તાનનુ યે પુનઃ ।**
**પ્રવાહેઽપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્નયુજ્યતે ॥૨૫॥**

**સોઽપિ તૈસ્તત્કુલે જાતઃ ।**
**કર્મણા જાયતે યતઃ ॥ ૨૬ ॥**

---

૧ અજાણ. ૨ સ્વભાવથીજ અવળા વિચાર કરનાર.

અર્થ—આસુરી જીવ બે પ્રકારના, જે ઉપર કહી બતાવ્યા. તેમાં બીજો જીવ જે દુર્જ્ઞ તેનો વૃત્તાંત ગીતાજીમાં વિસ્તારથી કહ્યો છે. તેને દુર્જ્ઞ જાણવો અને બીજો અજ્ઞ જીવ હોય છે તે સ્વભાવથી અજાણુજ હોવાને લીધે બીજાની આજ્ઞાને કરવાવાળો બને છે. કર્મથી જો કે હીન કુલમાં જન્મ્યાં હોય તોપણ જે કુલમાં જન્મ લીધો તે કુલનું તે ઉત્તમ જીવ અધમ કર્મ નજ કરે, પુષ્ટિમાર્ગીય જીવ ભિન્ન માર્ગીયોની સાથે જોડાતો નથી.

॥ ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતઃ પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃસમાપ્તઃ॥

# ॥ અથ સિદ્ધાન્ત રહસ્યમ્ ॥

## અનુષ્ટુપ.

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ।
સાક્ષાદ્ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ॥ ૧ ॥

અર્થ—શ્રાવણ માસના શુક્લ પક્ષમાં એકાદશીને દિવસે મધ્યરાત્રે સાક્ષાત્ (પ્રત્યક્ષ) ભગવાને જે કહ્યું છે તે અક્ષરે અક્ષર કહેવામાં આવે છે. ૧. +

---

+ આ ઠેકાણે જૂની હસ્તલિખિત પ્રતિમાં " બ્રહ્મસંબંધ " વખતે અપાતો સંપૂર્ણ ગદ્યમંત્ર અક્ષરશઃ લખેલો છે. એ મંત્ર અધિકારીએ અપરસમાંજ ભણવાનો વિધિ છે. આ છાપેલું પુસ્તક અધિકારી તેમજ અનધિકારી સર્વના હાથમાં સર્વ સમયે આવવાનો સંભવ હોવાથી આમાં તે છાપવામાં આવતો નથી. એ મંત્ર શ્રીમદ્ વલ્લભાચાર્યજીને શ્રાવણ સુદ ૧૧ ના મધ્યરાત્રે પ્રાપ્ત થએલો હોવાથી, આ સંપ્રદાયમાં દર વરસે ઘણા સેવકો એજ દિવસે અપવાસ કરી એ મંત્રની દીક્ષા ગ્રહણ કરે છે. દીક્ષા લેતી વખતે હાથના ખોબામાં તુલસીપત્ર, શ્રીહરિને સમર્પવા માટે શિષ્ય ધરી રાખે છે. તે ઉપરથી આ " બ્રહ્મસંબંધ " કે " બ્રહ્મસમર્પણ " દીક્ષાને " તુલસી લોવ " એમ ગૂજરાતમાં કહે છે.

**બ્રહ્મસંબન્ધકરણાત્સર્વેષાં દેહજીવયોઃ ।**
**સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ॥૨॥**

**અર્થ**—બ્રહ્મસંબંધ લેવાથી દેહ અને જીવ બંનેના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. તે દોષો પાંચ પ્રકારના કહ્યા છે.૨

**સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતા ।**
**સંયોગજાઃ સ્પર્શજાશ્ચ નમન્તવ્યાઃ કથંચન ॥૩॥**

**અર્થ**—લોક તથા વેદશાસ્ત્ર નિરૂપિત તે દોષો પાંચ પ્રકારના છે. ૧ સહજદોષ. ૨ દેશજદોષ. ૩ કાલજ દોષ. ૪ સંયોગજ દોષ. અને ૫ સ્પર્શજ દોષ. આ દોષો આત્મનિવેદન કર્યા પછી કોઇ રીતે માનવા લાયક નથી.૩

**અન્યથા સર્વદોષણાં ન નિવૃત્તિઃ કથંચન ।**
**અસમર્પિતવસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્ ॥ ૪ ॥**

**અર્થ**—બીજી રીતે સર્વ દોષોની નિવૃત્તિ કોઇ રીતે નથી. તેથી અસમર્પિત વસ્તુનો (અણુપ્રસાદી પદાર્થનો) ત્યાગ કરવો. ૪.

**નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિસ્થિતિ ।**
**ન મતં દેવદેવસ્ય સામિભુક્તસમર્પણમ્ ॥ ૫ ॥**

અર્થ—આત્મનિવેદન કરનારા ભગવદ્ભક્તોએ સર્વ પદાર્થ ભગવાનને અર્પણ કરીનેજ પોતાનો નિર્વાહ પ્રસાદી પદાર્થથી કરવો. આ પ્રમાણે ભક્તિમાર્ગની સ્થિતિ (રીત) છે. પણ અર્ધ ભાગ પ્રથમથી જૂદો કાઢી લઇને પોતે તેનો ઉપયોગ કરવો અને અર્ધો બચેલો ભાગ ભગવાનને અર્પણ કરવો; આમ ન કરવું. ૫.

તસ્માંદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુસમર્પણમ્ ।
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ॥ ૬ ॥

અર્થ—માટે પ્રથમ સર્વ કામમાં ભગવાનનેજ વસ્તુનું સમર્પણ કરવું, એકાદશસ્કંધમાં ભગવાનને અર્પણ કરેલા પદાર્થનું ગ્રહણ ન કરવું. આ જે વાકય છે તે બીજા માર્ગનું છે. ૬.

ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્ ।
સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ ॥૭॥

અર્થ—ભગવાનને અર્પણ કરેલ પદાર્થ ન લેવો તે જૂદા માર્ગનું વચન જાણવું. આ વાકય દાનમાર્ગ સાથે સંબંધ રાખનારૂં છે. જેમ સેવાના નિર્વાહ માટે ભગવાનને

કાંઇ સંખ્યાબંધ દ્રવ્ય યા ગામો અર્પણ કરવામાં આવ્યો હોય, તો તે પાછાં નજ લેવાય. અને જો લેવામાં આવે તો શાસ્ત્ર વિરૂદ્ધ છે. કારણ કે તે દાનમાર્ગ સાથે સંબંધ રાખનારૂં કાર્ય છે. માટે આત્મનિવેદનમાં તો પોતાના આત્માનું પણ ભગવાનને અર્પણ કરવામાં આવે છે, તો પછી બીજી વસ્તુની તો વાતજ શી ? ઉદ્ધવજી વગેરે ભક્તોએ કરેલો સમર્પિત વસ્તુનો સ્વીકાર શ્રી ભાગવતમાં પ્રસિદ્ધ છે. ૭

**તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ।**
**ગઙ્ગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ॥ ૮ ॥**
**ગઙ્ગાત્વેન નિરૂપ્યાસ્યાત્તદ્વદત્રાપિ ચૈવ હિ ॥૯॥**

અર્થ—જેમ જગતમાં સેવકોનો વ્યવહાર સ્પષ્ટ પ્રસિદ્ધ છે તેમ સર્વ પદાર્થ ભગવાનને સમર્પણ કરવા; અને તેનાથી વ્યવહાર ચલાવવો. કારણ કે સમર્પણથી સર્વ પદાર્થને બ્રહ્મપણું પ્રાપ્ત થાય છે. સર્વ દોષોને ગંગાપણું પ્રાપ્ત થાય છે. ગુણ દોષોનું વર્ણન ગંગાપણાથી નિરૂપણ કરવામાં આવે છે. તેમ અહીં પણ જાણવું. ૮–૯

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્ય વિરચિતં સિદ્ધાન્તરહસ્યં સમાપ્તમ્ ॥

## ॥ અથ કૃષ્ણાશ્રયઃ ॥

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ।
પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥

**અર્થ**--સર્વ માર્ગ નષ્ટ થયે છતે, પાખંડ મતોવાળો ખલ પુરૂષના ધર્મ રૂપ આ કલિયુગમાં શ્રી કૃષ્ણજ મારી ગતિ છે. ૧

મ્લેછાક્રાન્તેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૨॥

**અર્થ**--પવિત્ર પવિત્ર સ્થાનો નીચ મનુષ્યોએ દબાવી લીધાં. એટલે કેવલ પાપોનાંજ તે સ્થાનો થયાં. અને સત્પુરૂષોને નીચ જનોથી થતી પીડાઓને જોઇ લોકોનાં ચિત્તો વ્યગ્ર થઇ ગયાં, આવા વખતમાં શ્રીકૃષ્ણજ મારી ગતિ છે. ૨

ગઙ્ગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ॥
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૩ ॥

**અર્થ**--આ પૃથ્વીમાં શ્રી ગંગાદિક જે ઉત્તમ

તીર્થો છે, તેઓ પણ ચોતરફથી દુષ્ટોએ દબાવ્યાં છે. તેથી તેમાં રહેલા દેવો (સ્નાનાદિ કરવાથી પાપોને મટાડનાર દેવતા) પણ અંતર્ધાનને પ્રાપ્ત થયા માટે શ્રીકૃષ્ણજ મારી ગતિ છે. ૩

**અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ॥**

**લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૪ ॥**

અર્થ--અહંકારથી મુઢ થયેલા, પાપોને અનુસરનારા, લાભ પૂજાને માટે યત્ન કરનારા, સત્પુરૂષો થયે છતે હવે શ્રી કૃષ્ણજ મારી ગતિ છે.

**અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ ।**

**તિરોહિતાર્થદેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૫ ॥**

અર્થ--વ્રત તથા કર્મ એ વિનાના અને અજ્ઞાનથી નાશને પ્રાપ્ત થયેલા એટલે ફલસત્તાથી રહિત થઇ ગયેલા મંત્રો થયા છતાં શ્રીકૃષ્ણજ મારી ગતિ છે. ૫

**નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ।**

**પાષણ્ડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૬ ॥**

અર્થ–નાના પ્રકારના વાદોથી નાશને પોહોચેલા, પાખંડ

મતમાંજ લોકોની પ્રવૃત્તિ થઇ છે માટે સર્વ કર્મો ચા મતો નષ્ટ થયા છતાં શ્રીકૃષ્ણજ મારી ગતિ છે. ૬

અજામિલાદિદોષાણાં નાશકોઽનુભવે સ્થિતઃ ।
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૭॥

અર્થ—અજામિલ વગેરે પાતકીઓનાં પાપોનો પાત કરનારા શ્રીકૃષ્ણ અમારા અનુભવમાં રહ્યા છે. તેમજ શાસ્ત્રમાં પણ તેમનું મહાત્મ સર્વ પ્રસિદ્ધ છે તે શ્રીકૃષ્ણ મારી ગતિ છે.

પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતા નન્દકં બૃહત્ ।
પૂર્ણાનન્દોહરિસ્તસ્માત્કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૮ ॥

અર્થ–સર્વ દેવતાઓ પ્રકૃતિથી થયલા છે, અક્ષરબ્રહ્મ ગણિત આનંદવાળું છે, શ્રીહરિ પૂર્ણાનંદ છે તેથી શ્રીકૃષ્ણજ મારી ગતિ છે.

વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ ।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ॥ ૯ ॥

અર્થ—વિવેક, ધૈર્ય, ભક્તિ વગેરેથી રહિત વિશેષે કરીને પાપમાં આસક્તિવાળો અને વળી દીન એવો હું તેની શ્રીકૃષ્ણજ ગતિ છે. ૯

સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।
શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ॥ ૧૦ ॥

અર્થ—સર્વ પ્રકારના સામર્થવાળા, બધે ઠેકાણે સર્વ અર્થોને ઉત્પન્ન કરનાર શ્રીકૃષ્ણજ છે, તો હું તેમને જણાવું છું કે આપ શરણે આવે તેમનો ઉદ્ધાર કરોછો, માટે મારી પણ તેમજ પ્રાર્થના છે. ૧૦

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્કૃષ્ણસન્નિધૌ ।
તસ્યાશ્રયો ભવેત્કૃષ્ણ ઇતિ શ્રીવલ્લભોબ્રવીત્ ॥ ૧૧ ॥

અર્થ—શ્રીકૃષ્ણાશ્રય નામક આ સ્તોત્રને જે માણસ શ્રી કૃષ્ણની પાસે ભણે તેના આશ્રયરૂપ શ્રીકૃષ્ણ થાય, એ પ્રમાણે શ્રી આચાર્યજી કહે છે. ૧૧

ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં કૃષ્ણાશ્રયસ્તોત્રં સમાપ્તમ

# ॥ અથ ચતુઃશ્લોકી ॥

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપ ।
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિકદાચન ॥૧॥

અર્થ—નિરંતર સર્વભાવથી શ્રીકૃષ્ણ ભજવા લાયકછે. આપણો+ આજ (શ્રીકૃષ્ણ ભજનરૂપજ) નિશ્ચય ધર્મ છે. ક્યાંય ક્યારે પણ બીજો ધર્મ નથી. ૧

એવં સદા સ્મકર્ત્તવ્યં સ્વયમેવકરિષ્યતિ ।
પ્રભુઃસર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥૨॥

અર્થ—એ પ્રમાણે હંમેશ કરવું. પ્રભુ પોતેજ કરશે જરૂર ભગવાન સર્વ રીતે સમર્થ છે તેથી નિશ્ચિંતતાને પ્રાપ્ત થવું. ૨

યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મન હૃદિ ।
તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ॥ ૩ ॥

અર્થ—જો શ્રીગોકુલના સ્વામી (શ્રીકૃષ્ણ) સર્વાત્મ×

---

+ ભક્તજનનો.

× તન મન ધન ઇત્યાદિ જે કોઈનો સંબંધ હોય તે સર્વથી-

ભાવથી હૃદયમાં ધારણ કર્યા તો લૌકિક વૈદિક કર્મોથી બીજું શું ફલ ? અર્થાત્ બીજું કાંઇ પણ કરવાની જરૂર નથી. ૩

અતઃ સર્વાત્મના શશ્વદ્ગોકુલેશ્વરપાદયોઃ ।
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મેમતિઃ ।૪।

અર્થ–માટે સર્વકાલ શ્રી ગોકુલેશ્વર ( શ્રીકૃષ્ણ )નાં બેઉ ચરણોનું સર્વાત્મભાવથી સ્મરણ અને ભજન છોડવું નહિ આ પ્રમાણે મારી ગતિ છે. ૪

ઇતિ શ્રી વલ્લભાચાર્યવિરચિતા ચતુશ્લોકી સમાપ્ત.

# ॥ અથ ભકિતવર્દ્ધિની ॥

અનુષ્ટુપ.

યથા ભક્તિઃ પ્રવૃદ્ધાસ્યાત્તથોપાયો નિરૂપ્યતે ।
બીજભાવે દઢે તુ સ્યાત્ત્યાગાચ્છ્રવણકીર્તનાત્ ॥ ૧ ॥

અર્થ—જેમ ભક્તિ વધે તેમ ઉપાય નિરૂપણ કરવામાં આવે છે. બીજભાવ ( સાક્ષાત્ ભગવદંગીકાર ) દઢ ( મજબુત) થયે છતે અને ત્યાગથી તથા શ્રવણ કીર્તનથી ભક્તિ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે. ૧

બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃત્તોભજેત્કૃષ્ણું પૂજયા શ્રવણાદિભિઃ ॥ ૨ ॥

અર્થ—બીજને દઢ થવાનો પ્રકાર તો એ કે ઘરમાં રહીને, સ્વધર્મથી લૌકિક વ્યાપાર રહિત થઇને સેવા—શ્રવણાદિકથી શ્રીકૃષ્ણનું ભજન કરે. ૨

વ્યાવૃત્તોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્સદા ॥
તતઃ પ્રેમ તથા સક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ॥ ૩ ॥

અર્થ—વ્યાવૃત્ત ( લૌકિક વ્યાપાર સહિત ) થયો

હોય તોપણ શ્રીહરિ વિષે અને તેમનાં શ્રવણાદિકમાં નિરંતર ચિત્તને રાખવું—ત્યાર પછી ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થાય છે. તેમ થયા પછી આસક્તિ ઉપજે છે અને પછી જ્યારે તે બાબતનું વ્યસન થાય એટલે તે વિના ચેન પડે નહિ, ૩

બીજં તદુચ્યતે શાસ્ત્રે દૃઢં યન્નાપિ નશ્યતિ ॥
સ્નેહાદ્રાગવિનાશઃસ્યાદાસક્ત્યા સ્યાદગૃહારુચિઃ ॥૪॥

અર્થ—ત્યારે તેને બીજ તરીકે ( ભક્તિના બીજ તરીકે ) શાસ્ત્રમાં[1] કહેવાય છે, જે વ્યસનરૂપ બીજ કોઇ પ્રકારે નષ્ટ થતું નથી. ભગવાનમાં સ્નેહ થવાથી બીજા પદાર્થોમાં પ્રીતિનો અભાવ થાય છે. અને ભગવાનને વિષે આસક્તિ થાય છે એટલે ઘરમાં અપ્રીતિ ઉત્પન્ન થાય છે—અર્થાત્ વૈરાગ્ય થાય છે. ૪

ગૃહસ્થાનાંબાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ।
યદા સ્યાદ્વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ॥૫॥

અર્થ—ઘરમાં રહેનારા જે સ્ત્રી—પુત્રાદિક તેઓ બાધક તરીકે ભાસે છે. અને અનાત્મત્વ [ પોતાપણાનો

---

૧ ભક્તિશાસ્ત્રમાં.

અભાવ ] જણાય છે. એટલે ઘર સંબંધી પદાર્થો પારકા લાગે છે અને શ્રીકૃષ્ણ એકજ પોતાના સંબંધી હોય એવો મનનો નિશ્ચય થાય છે, આમ જ્યારે શ્રીકૃષ્ણને વિષે વ્યસન થાય ત્યારેજ તે ભકત કૃતાર્થ થાય. ૫

**તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્ ॥**
**ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ॥ ૬ ॥**

**અર્થ**—તેવા ભકતને પણ ગૃહસ્થિતિ નાશ કરવા વાળી છે. માટે તેનો ત્યાગ કરીને કેવળ ભગવત્પરાયણમાં મન રાખીને ભગવત્સેવામાં યત્નવાન થવું. ૬

**લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોઽપ્યધિકાં પરામ્ ॥**
**ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાં તથાન્નતઃ ॥ ૭ ॥**

**અર્થ**—તેમ કરવાથી અત્યંત દૃઢ, સર્વથી ઉત્તમ ભકિત ભકતને પ્રાપ્ત થાય છે. સંન્યાસરૂપ ત્યાગમાં ઘણી જાતના વિઘ્ન પ્રાપ્ત થાય છે. જેમકે દુષ્ટનો સંગ અને તેનું એટલે દોષિત અન્ન. ૭

**અતઃસ્થેયં હરિસ્થાને તદીયઃ સહ તત્પરૈઃ ॥**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ॥ ૮ ॥**

**અર્થ**—ભગવદ્‌ભક્તોની સાથે ભગવન્મંદિરમાં પાસે પાસે અથવા કાંઇ દૂરમાં જેમ ચિતને પરસ્પર બિગાડો ન થાય તેમ રેહેવું.

**સાર**—સત્સંગ કરવો. **तदीयैः तथा तत्परैः** આ વચનોથી આ જણાવ્યું છે, કે ભગવન્મંદિરમાં તો જઇને રહેવું, પણ કેવલ ભગવત્સેવા, કથા, શ્રવણ પરાયણ થનારા ભક્તોનીજ સાથે રહેવું. દાંભિકો કે ડોળ ઘાલનારાઓ સાથે રહેવું નહિ, કેમકે તેથી તો આખો જન્મારો વ્યર્થ જાય. હાલના સમયમાં તો દેવમંદિર કે તીર્થસ્થળોમાં રહેવું એ કોઇ પણ રીતે લાભકારી નથી. તેવા સ્થળોમાં તો દાંભિક અને લોભીજનોનોજ નિવાસ નજરે ચઢે છે અને તેવાના સંગથી પાપ બુદ્ધિ પાપકર્મ થવાનો સંભવ છે. વળી કહ્યું છે, કેઃ—

**अन्यक्षेत्रे कृतं पापं पुण्यक्षेत्रे विनश्यति ।**
**पुण्यक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥**

બીજી જગ્યામાં કરેલા પાપનો પુણ્યક્ષેત્રમાં જઇ પ્રાયશ્ચિત કરતાં વિનાશ થાય છે, પરંતુ ધર્મભૂમિમાં કરેલાં પાપો તો વજલેપ જેવાં બનેછે. માટે આ કાળમાં તો

પોતાના ઘરમાંજ શ્રીહરિને પધરાવી તેનેજ હરિસ્થાન–પુણ્યભુમિ બનાવી ત્યાંજ પ્રભુની સર્વ પ્રકારે સેવા કરવી.૮

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ ।
યાવજ્જીવ તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ।૯।

અર્થ—જેની આસકિત સેવામાં અથવા કથામાં દૃઢ ( મજબૂત ) થાય. તેનો નાશ યાવજ્જીવન ( જીવિત પર્યંત ) કયાંય પણ ન થાય એમ મારી મતિ છે. ૯ .

બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઇષ્યતે ।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ॥૧૦॥

અર્થ—બાધના સંભાવનાના સમયમાં પણ એકાંતમાં વાસ નહિ કરવો. શ્રીહરિ ચોતરફથી જરૂર રક્ષા કરશે.૧૦

ઇત્યેવં ભગવચ્છાસ્ત્રં ગુઢયત્વં નિરૂપિતમ્ ।
ય એતત્સમધીયીત તસ્યાપિસ્યાદ્દઢા રતિઃ ॥ ૧૧ ॥

અર્થ—એ પ્રમાણે ગૂઢ વિષયવાળું ભગવત્ શાસ્ત્ર મેં નિરૂપણ કર્યું. જે આ ભણે તેની પણ પ્રભુમાં દૃઢ પ્રીતિ થાય છે. ૧૧

॥ ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતા ભકિતવર્દ્ધિની સમાપ્ત. ॥

# ॥ અથ અંતઃકરણ પ્રબોધ ॥

## અનુષ્ટુપ.

અન્તઃકરણમદ્વાક્યં સાવધાનતયા શૃણુ ।
કૃષ્ણાત્પરં નાસ્તિદૈવં વસ્તુનો દોષવર્જિતમ્ ॥ ૧ ॥

અર્થ—શ્રીમહાપ્રભુજી [ વલ્લભાચાર્યજી ] પોતાના અંતઃકરણ પ્રતિ કહે છે. હે અંતઃકરણ ! સાવધાનપણાથી મારૂં વચન સાંભળ. ખરૂં જોતાં સર્વ દોષોથી રહિત શ્રીકૃષ્ણ સિવાય કોઇ ઉત્તમ દેવ નથી. ૧

ચાંડાલી ચેદ્રાજપત્ની જાતા રાજ્ઞા ચમાનિતા ।
કદાચિદપમાનેપિ મુધતઃ કાક્ષતિર્ભવેત્ ॥ ૨ ॥

અર્થ—જો ચાંડાળણી કદાચિત્ રાજપત્ની ( એટલે રાજાની રાણી થાય ) અને તે રાજાની માનીતી બને. પછી કદાચિત્ તેનું રાજા તરફથી અપમાન કરવામાં આવે તો પણ મૂળ સ્થિતિ કરતાં શી હાનિ થાય ? ૨

સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।
કામઆઽધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતોભવેત્ ॥૩॥

અર્થ—હું સમર્પણ કરવાથી અગાઉ શું સદા ઉત્તમજ હતો ? પૂર્વાપેક્ષાથી મારી કયી જાતની અધમતા થવાની કે જેનાથી પશ્ચાત્તાપ થાય. ૩

સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ ।
આજ્ઞૈવકાર્યા સતત સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્ ॥૪॥

અર્થ—વ્યાપક પરમેશ્વર (શ્રીકૃષ્ણ) સત્ય સંકલ્પ છે તેથી વિરૂધ આચરણ નહિ કરે. સેવકે નિરંતર પોતાના સ્વામીની આજ્ઞાનું પાલન કરવું. અને તેમ ન કરે તો સ્વામીનો અપરાધ કર્યો કહેવાય. ૪

સેવકસ્ય તુ ધર્મોઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।
આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગઅંગાસાગાર સંગમે ।૫।
યાપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ।
દેહદેશપરિત્યાગસ્તૃતીયો લોકગોચરઃ ॥ ૬ ॥

અર્થ—સેવકનો તો આ ધર્મ છે કે સ્વામી પોતાના ભક્તાનું શુભ કરશે આવી જાતના અનુસંધાનથી રહેવું. પ્રથમ શ્રીકૃષ્ણની આજ્ઞા ગંગા સાગરના સંગમ વિષે થઇ, ત્યાર પછી બીજી આજ્ઞા શ્રીમથુરાજીમાં થઇ તે બન્ને આજ્ઞા

મેં ન માની. તે આજ્ઞા આ હતી કે ગંગાસાગર સમમ વિષેની દેહપરિત્યાગ બાબતની, મથુરાંજીમાં જે આજ્ઞા થઇ તે દેશપરિત્યાગની અને ત્રીજી તો લોક પ્રસિદ્ધ છે. તે આ કે લોકનો ઉદ્ધાર કરવો. અથવા સંન્યાસપૂર્વક દેહ ત્યાગ કરવો આ ત્રીજી આજ્ઞા. ૫–૬

**પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોऽહં ન ચાન્યથા ।**
**લૌકિકપ્રભુવત્કૃષ્ણો ન દ્રષ્ટવ્યઃ કદાચન ॥ ૭ ॥**

**અર્થ**—હું તો સેવક છું તો પછી પશ્ચાત્તાપ તે[1]માં કેમ થાય? લૌકિક સ્વામી સાફક ક્યારે પણ શ્રીકૃષ્ણને જોવા નહિ. ૭

**સર્વં સમર્પિતં ભક્તયા કૃતાર્થોऽસિ સુખી ભવ ।**
**પ્રૌઢાપિ દુહિતા યદ્વત્સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ॥ ૮ ॥**
**તથા દેહે ન કર્તવ્યંવરસ્તુષ્યતિ નાન્યથા ।**
**લોકવચ્ચેત્સ્થિતિમે સ્યાત્કિંસ્યાદિતિ વિચારય ॥૯॥**
**અશક્યે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથંચન ।**
**ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિત વચઃ ॥૧૦॥**

---

૧ દેહ ત્યાગમાં.

ચિત્તં પ્રાત ચ્યહાકર્ણ્યભકતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ૧૧

**અર્થ**—શ્રીકૃષ્ણને ભકિતથી સર્વ સમર્પણ કરી આપ્યું છે. માટે તું કૃતાર્થ છે હવે સુખી થા. સ્નેહથી જેમ મોટી ઉમ્મરની પુત્રીને તેને સાસરે તેના સ્વામીપાસે કોઈ ન મોકલે, તેમ આ દેહ વિષે ન કરવું. નહિ તો સાક્ષાત ઈશ્વર તને પ્રસન્ન થશે નહિં. લોકની માફક જો મારી સ્થિતિ (સમર્પણની) હોય તો શું થાય તે વિચાર કર. અશક્ય ( ન બની શકે તે ) કાર્યમાં શ્રીહરિજ તારૂં શરણ છે. ક્રોધ તરેહથી મોહને પ્રાપ્ત ન થા. આ પ્રમાણે શ્રીકૃષ્ણના દાસ વલ્લભાચાર્યનું કલ્યાણરૂપ વચન ચિત્ત પ્રત્યે છે, તે સાંભળીને ભકતજન નિશ્ચિંતપણાને પ્રાપ્ત થાય. ૮ થી ૧૧

॥ ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતોન્તઃકરણ પ્રબોધ સમાપ્ત ॥

# ॥ અથ વિવેકધૈર્યાશ્રયઃ ॥

અનુષ્ટુપ.

વિવેકધૈર્યં સતતં રક્ષણીયે તથાશ્રયઃ ॥
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥ ૧ ॥

અર્થ—વિવેક, ધૈર્ય અને આશ્રય આ ત્રણે પદાર્થ નિરંતર રક્ષા કરવા લાયક છે. તેમાં વિવેક નામનો પેહેલો પદાર્થ આ કે, જે કાંઇ આ લોક સંબંધી કાર્ય યા પરલોક સંબંધી કાર્ય તે સર્વ ભગવાન પોતે પોતાની ઇચ્છાથી સિદ્ધ કરી લેશે એમ માનવું. ૧

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ॥ ૨ ॥

અર્થ-કદાચિત્ આપણે કામ પડે તે વખતે ભગવાનની પ્રાર્થના કરવા લાગીએ તો તે પ્રાર્થના કરવી અયોગ્ય છે. કારણ કે ભગવાનનો અભિપ્રાય દેવાનો છે કે નહિ, તેની આપણને ખબર નથી. માટે જો તેમની ઇચ્છા હશે તો અનાયાસે આવી મળશે, નહિ તો પ્રાર્થના કરવી વિફલ છે, એમ સમજી લેવું. ભગવાન્ પોતે જે આપવા ધારે

તે સર્વ બની શકે છે, કારણ કે પોતે સર્વ શક્તિમાન્ છે. માટે સર્વ કાર્ય પોતે સિદ્ધ કરશે. ૨.

**અભિમાનશ્ચ સંત્યાજ્યઃસ્વસ્યાધીનત્વભાવનાત્ ।**
**વિશેષતશ્ચેદાજ્ઞાસ્યાદન્તઃકરણગોચરઃ ॥ ૩ ॥**

**અર્થ**--શ્રીહરિને સર્વ પદાર્થની રક્ષા માટે આપણે આપણા સ્વામીજ ઠરાવવા, અને તેમ કરીને જે કાંઇ અભિમાનનો અંકુર હોય તેનો ત્યાગ કરવો. ભગવાન સર્વના અંતર્યામી છે તો તેથી કાંઇ વિશેષ આજ્ઞા થાય તો આજ્ઞાનુસાર આચરણ કરવું. ૩

**તદ્વાવિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નંતુ દૈહિકાત્ ।**
**આપદગત્યાદિકાર્યેશુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ॥ ૪ ॥**
**અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્ ।**
**વિવેકોયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે ॥૫॥**

**અર્થ**--ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલતા વચમાં સ્વપ્નાદિદ્વારા કાંઇ પણ ભગવાનની વિશેષ આજ્ઞા થાય તો તે ભગવદાજ્ઞાને. ગુરૂની આજ્ઞા કરતાં મુખ્ય સમજીને દેહ સંબંધી લૌકિક ભિન્ન અલૌકિક તે કાર્ય કરવામાં તત્પર

થવું. કદાચિત્ આપત્તિ પ્રાપ્ત થાય એમ જણાય તો સેવા નિર્વાહ માટે નિયમનો હઠ છોડી દેવો. અને એ સિવાય બીજી બાબતોમાં પણ આગ્રહ છોડવો. પણ પરિણામે ધર્મ થાય, અધર્મ ન થાય, આ બાબતમાં પરિપૂર્ણ વિચાર કરતાં રહેવું. અનાગ્રહી થવું, આપત્તિમાં હઠનો ત્યાગ કરવો, ઇત્યાદિ સર્વ કરવું પડે તો હરકત નહિ પણ, આ કાર્યથી ધર્મનો ત્યાગ થશે કે નહિ એ બાબતનો વિચાર કરતા રહેવું. ઉપર કહેલી બાબતોથી યથા યોગ્ય સ્વરૂપવાળો વિવેક મેં કહ્યો. હવે ધૈર્યનું નિરૂપણ કરીએ છીએ. ૪-૫.

**ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતેઃ સર્વતઃ સદા ।**

**તક્રવદ્દેહવદ્ભાવ્યં જડવદ્ગોપભાર્યવત્ ॥ ૬ ॥**

**અર્થ**—ત્રણ પ્રકારનાં દુઃખ [ અધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક ) નું સહન કરવું આ કાર્યનું નામ ધૈર્ય જાણવું આધ્યાત્મિક એટલે દેહ વિકારથી તાવ વગેરે પ્રાપ્ત થવાથી થાય તે. આધિભૌતિક એટલે દુષ્ટ પ્રાણી પદાર્થોથી થનારૂં અને અધિકદૈવિક એટલે દૈવયોગે થતા કુદરતી ફેરફારથી પ્રાપ્ત થતાં શીત, પિત્તા-

દિથી નીપજતું. આ ત્રણે દુઃખની નિવૃત્તિ માટે ઉપાયની ચિંતાનો વિચાર ન કરવો આનું નામ ધૈર્ય. આ ઠેકાણે શંકા થાય કે, ત્યારે તો કોઇ રાજ રોગ થાય તો તેને મટાડવાનો ઉપાય ન કરવો ? શરીર પડી જાય તો પણ હરકત નહિ ? હાથે કરીને પ્રાણ જવા દેવા ? આ શંકાનું સમાધાન આગળના ઉત્તરાર્દ્ધમાં શ્રીઆચાર્યશ્રી સ્પષ્ટ કરે છે કે છાશ માફક, દેહ માફક, જડ માફક, અને ગોપની સ્ત્રી માફક થઇ રહેવું.

પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।
ભાર્યાદીનાં તથા ન્યેષામસત શ્ચાક્રમં સહેત્ ॥૭॥

અર્થ—કદાચિત્ ભગવદિચ્છાથીજ કોઇ ઉપાય દુઃખ મટવાનો સુઝી આવી લાગુ પડે તો તરત તે કામ સિદ્ધ કરવું. ના ન પાડવી, દુઃખજ સહન કરવું એમ નહિ, તરતજ સ્વીકાર કરી લેવો. અનાગ્રહી થવું. સ્ત્રી વગેરેનો તેમજ બીજા સંબંધી લોકોનો અને કોઇ દુર્જન વગેરે હોય તો તેનો પણ તિરસ્કાર સહન કરવો. ૭

સ્વયમિન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્મન સા ત્યજેત્ ।
અશુરેણાપિ કર્ત્તવ્યં સ્વસ્યા સામર્થ્ય ભાવનાત્ ।૮।

**અર્થ**—પોતે જાતે સર્વ ઇન્દ્રિયોના વિષયોને શરીરથી વાણીથી, મનથી ત્યાગ કરે. સહનસામર્થ્યથી રહિત હોય તો પણ સામર્થ્ય હીનપણાની ભાવનાથી સહન કવું.

**અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।**
**એતત્સહનમત્રોક્તમાશ્રયોતો નિરૂપ્યતે ॥ ૯ ॥**

**અર્થ**—જે બાબત ન બની શકે તેવી હોય, અથવા જ્યાં આપણું કાંઇ ન ચાલે તેમ હોય એટલે વિવેક યા ધૈર્ય રહિત જે લોકો હોય તેમણે તો દરેક વખતે શુદ્ધ અંતઃકરણથી શ્રી હરિનેજ વચમાં રાખવા. શ્રીહરિનોજ આશ્રય કરવો. જેમ જેમ દુઃખ થાય તેમ તેમ શ્રીહરિનું જ સ્મરણ–કીર્તન કરવું. તો શ્રીહરિજ વિવેક અને ધૈર્ય આ બેઉને સિદ્ધ કરી આપશે. આ પ્રમાણે વિવેકનું અને ધૈર્યનું સ્વરૂપ કહ્યું. હવે આશ્રયનું સ્વરૂપ કહીએ, ૯

**અહિકેપારલોકે ચ સર્વથાશરણં હરિઃ ।**
**દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ॥ ૧૦ ॥**
**ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।**
**અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ॥૧૧॥**

અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તે વાસ્યતિક્રમે ॥ ૧૨ ॥
અલૌકિકમનઃસિદ્ધો સર્વાર્થે શરણં હરિઃ ।
એવં ચિત્તેસદા ભાવ્ય વાચા ચ પરિકીર્ત્તયેત્ ।૧૩।
અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવચ ।
પ્રાર્થના કાયમાત્રેપિ તતોન્યત્ર વિવર્યયેત્ ॥ ૧૪ ॥
અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।૧૫।
યથાકથંચિત્કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ।
કિંવા પ્રાકતેન બહુના શરણં ભાવયેદ્ધરિમ્ ॥૧૬॥
એવમાશ્રયણં પ્રોકતં સર્વેષાં સર્વદાહિતમ્ ।
કલૌ ભકત્યાદિમાર્ગાહિદુઃસાધ્યાઇતિમેમતિ ॥ ૧૭ ॥

હવે આશ્રયના સ્વરૂપના નિર્ણયમાં આઠ શ્લોકનો સાથે અર્થ છે. આ લોકમાં એટલે નિર્વાહ વગેરે કાર્યોમાં બિલકુલ શ્રીહરિનેજ શરણે જવું એટલે શ્રીહરિજ શરણે જવા લાયક છે. એમ મનથી દૃઢ નિશ્ચય રાખવો.

દુઃખની નિવૃત્તિ થવી તે બાબતમાં, કોઈ ભુલ થાયથી પાપ થયું તો તેમાં કોઈ—અસત્પુરૂષથી ભય પેદા થયો તો તેમાં પોતાની મનઃકામનાની અપુર્તિ થઈ તેમાં; અથવા કોઈ ભકતનો દ્રોહ થયો પાપ મટવા માટે, યા પોતામાં ભક્તિ કરવાની ઓછાઈ યા અભાવ હોય તો તે માટે, અથવા પ્રારબ્ધ યોગથી કોઇ ભકતો તરફથી આપણો તિરસ્કાર કરવામાં આવ્યો હોય તો, તે ખાતે યા કોઇ કાય આપણથી બની શકે તેવું હોય તો તેમાં યા ન બની શકે તેવું હોય તો તેમાં પણ શ્રીહરિનુંજ શરણ રાખવું. અર્થાત્ શ્રીહરિનેજ વચમાં રાખવા શ્રીહરિએજ સર્વ કર્યું, કરે છે અને કરશે. એમ ભાવના રાખવી, અહંકાર કરવામાં એટલે કોઇ કામ અભિમાનથી કરવામાં આવે તો તેમાં પણ પોષણ કરવા લાયક સ્ત્રી પુત્રાદિકના પોષણમાં, નહિ પોષણ કરવા લાયક દુર્જનાદિકના તિરસ્કારમાં સ્ત્રી–પુત્રાદિકથી થતા અતિક્રમમાં શિષ્યાદિકથી થતા તિરસ્કારમાં, આપણું અલૌકિક મન થવામાં, વધારે તો શું કહેવું સર્વ કાર્ય માત્રમાં શ્રીહરિનેજ શરણે જવું. એમ મનમાં નિશ્ચય રાખવો, તથા વ-

ચનથી પણ ("श्रीकृष्णः शरणं मम ") આ પ્રમાણે કહેવુ વળી બીજા દેવનું સર્વથા ભજન કરવું. તેમ બીજા દેવતા પાસે ન જવું. તેમ કોઈ કામ ખાતે, બીજા દેવનો પ્રાર્થના પણ ન કરવી. કેવલ એક શ્રીભગવાનનેજ સર્વ કાર્યમાં મુખ્ય કર્તા તરીકે માની તેનુંજ ભજન, સ્મરણ, કીર્તન, શરણુ વગેરે કરવું, અને ભગવાનમાં કોઇ જાતનો અવિશ્વાસ ન રાખવો, અવિશ્વાસ સર્વથા સર્વ કાર્યમાં બધે ઠેકાણે બાધક છે જેમ રાવણના પુત્ર ઇંદ્રિજીતે બ્રહ્માસ્ત્રથી હનુમાનજીને બાંધ્યા હતા, જ્યાં સૂધી બ્રહ્માસ્ત્ર ઉપર ઈંદ્રજીત વગેરેને વિશ્વાસ હતો ત્યાં સુધી તો હનુમાનજી બંધાઇ રહ્યા, પણ જ્યારે ઈંદ્રજીત રાવણાદિકના મનમાં એમ આવ્યું કે આ પ્રબલ મોટો યોદ્ધો બ્રહ્માસ્ત્રથી મંત્રેલા એક સુતરના તાંતણાએ કેમ બંધાયલો રહેશે. જરૂર છૂટી જશે; માટે એને મોટી મોટી સાંકલોથી બાંધો, આમ જ્યારે બ્રહ્માસ્ત્ર ઉપર અવિશ્વાસ આવ્યો, કે તરત હનુમાનજીને પગે ભારે સાંકલો બાંધવા લાગ્યા. હનુમાનજી સમજી ગયા કે આ મૂર્ખનો બ્રહ્માસ્ત્ર ઉપરથી વિશ્વાસ ઉઠયો છે. એમ જાણી તરત તડોતડ સાંકળ તોડી નાખી

અને ચરણુ ઉપાડી ચાલતા થયા અને જઈને લંકાને સ-
ળગાવી, સારાંશ આ છે કે અવિશ્વાસ આવી ચીજ હોય
છે. માટે ભગવાન વિષે યા કોઈપણ ;બાબતમાં અવિશ્વાસ
જ્યારે પેદા થયો. કે તરતજ તે કાર્ય વ્યર્થતાને પ્રાપ્ત
થાય છે, માટે અવિશ્વાસ ન કરવો. બીજુ દૃષ્ટાંત ચાતક
પક્ષીનું છે. જેને લોકો બપૈયો પણ કહેછે, તો તે પક્ષી
બીજા જલનો ત્યાગ કરીને, કેવલ વિશ્વાસથી સ્વાતિ ન-
ક્ષત્રના જલની આશા રાખી બેસે છે, તો જરૂર ભગવાન
તેને તે નક્ષત્રમાં અવશ્ય જલપાન કરાવેજ છે. માટે અ-
વિશ્વાસ સર્વથા આ સંપ્રદાયમાં બાધક છે. તો તેમ ન
કરતાં વિશ્વાસ રાખીને ભગવદિચ્છાથી જે કાંઇ પ્રાપ્ત થાય
તેમાં મમતા હીન થઈને તેનો ઉપભોગ કરવો, જેમ બની
શકે તેમ ઉંચ, નીચ, લૌકિક, અલૌકિક, કર્મો આગ્રહ સિ-
વાય લોકશિક્ષા માટે ભગવદ્ ભજનમાં વિરોધ જેમ ન
આવે તેમ કરવા, અને સર્વ કાર્યમાં સર્વથા જેમ બની
શકે તેમ શ્રીહરિનેજ શરણુ થવું, આ પ્રમાણે જે વર્ત-
ણુંક કરવી આનું નામ આશ્રય એમ સમજવું. આ આ-
શ્રય નિરંતર સર્વ લોકોને પરમ કલ્યાણ રૂપ છે, આ

કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો ઘણાજ કઠિન છે આમ મારી મતિમાં આવે છે, માટે જેમ બને તેમ નિરંતર વિવેક, ધૈર્ય અને આશ્રયનો આશ્રય કરવો અને સર્વ કાર્યમાં શ્રીહરિને સાથે રાખીને નિઃહંકાર, નિર્દંભ થઇને વર્તવું મોટા મોટા ભગવદ્ભક્તો પ્રભુપર દ્દઢ વિશ્વાસ રાખીને બીજા વિષયની કંઇ પણ ચિંતા ન રાખતાં, નિરંતર ભક્તિમાં તલ્લીન રહ્યા તેથીજ શ્રીહરિનું શરણ પામ્યા અને તેનાં કાર્યો પરમેશ્વરેજ પાર પાડયાં, જે માટે પરમ ભગવદીય દયારામ કવિ પોતાના "ભક્તિ પોષણ" ગ્રંથમાં કહે છે કેઃ—

## છંદ ચંદ્રાવળાં-

છડીદાર ઉગ્રસેનના થયા, દ્વારપાળ બળિ ભુપ;
નરસયાના બાપનું શ્રાદ્ધ સાર્યું, સેના માટે નાપિક રૂપ;
રૂપ મહાર દામાજી સારૂ, નામાનું છાપરૂં છાયું ચારૂ;
વારી વહ્યું ત્રિલોચન ઘેર, મીરાંબાઇનું પીધું ઝેર
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.
ઇચ્છે રૂડું પ્રભુ જગ્તનું. કેમ કરે કુડું નિજદાસ;

જે કરશે હરિ તે ભલું તારું તું ધર દઢ વિશ્વાસઃ
વિશ્વાસ રાખ કલ્પના મૂક, સેવા સ્મરણમાં નવચૂક;
નહિ મળે ફરી અવસર આવો, હરિભજીલ્યો મનસાદેહ લ્હાવો
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ,

ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતં વિવેકધૈર્યાશ્રય નિરૂપણં સમાપ્તં.

# ॥ અથ જલભેદ: ॥

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્‌ગુણાનાં વિભેદકાન્ ।
ભાવાન્વિંશતિધાંભિન્નાન્સર્વસંદેહવારકાન્ ॥ ૧ ॥

અર્થ--શ્રી હરિને નમસ્કાર કરીને તેના ગુણોના ભેદને કરવાવાળા સર્વ સંદેહોને મટાડનારા ૨૦ પ્રકારના ભાવો હું કહું છું.

ગુણભેદાસ્તુ તાવંતો યાવંતોહિ જલેમતાઃ ।
ગાયકાઃ કૂપસંકાશા ગન્ધર્વા ઈતિ વિશ્રુતાઃ ॥ ૨ ॥

અર્થ—જેટલા ગુણોના ભેદો છે તેટલા ભેદો જલમાં માનેલા છે. જલનું આ ઠેકાણે દૃષ્ટાંતરૂપથી ગ્રહણ કરેલું છે. તેમાં પ્રથમ ભાવ આ સમજવો કે ગાયક (ગાન કરનાર) ને કૂપ[1]સદૃશ કહેલો છે. ૧.

કૂપભેદાસ્તુ યાવન્તસ્તાવન્તસ્તેપિ સંમતાઃ ।
કુલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારપર્યયુતા ભુવિ ॥૩॥

અર્થ—કુપના પણ જૂદા જૂદા ભેદો ઘણા છે. જેમ કોઈ

---

૧ કૂવો.

કૂવાનું પાણી મીઠું હોય છે. એમ અનેક પ્રકારનું જલ જોવામાં આવે છે. તેમજ ગાન કરનારા પણ ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. જલખાતામાં જેમ મીઠું પાણી ગ્રહણ કરવામાં આવે છે, તેમ ગાયકોમાં પણ હરિ ગુણાનુવાદ કરનારે ( ભગવદ્ ગુણ ગાનાર )નો સ્વીકાર કરવો. આ પ્રથમ ભાવ. હવે બીજો ભાવ. આ પૃથ્વીમાં ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલા ભગવતકથાને કહેનારા કુલ્ય ( જલસ્થાનનો એક ભેદ ) સદૃશ જાણવાં. જેમની વાણી સાંભળવા યોગ્ય હોય છે. ૩.

ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ ।
વેશ્યાદિસંહિતા મત્તા ગાયકા ગર્ત સંજ્ઞિતાઃ ॥૪॥

**અર્થ**—ત્રીજો ભાવ ખેતરમાં જે જલ પ્રવેશ કરે છે તે, અન્નાદિકની ઉત્પત્તિનું કારણ થાય છે. તેમજ કથા વગેરેને કહેનારા મનુષ્યો જો કથા માત્ર આજીવિકા વાસ્તેજ તે કરે છે એટલોજ જો કથા કથનનો હેતુ જાણતો હોય તો તે પણ પુનઃ સંસારમાં પડવાનું કારણ થાય છે. માટે તે ભાવનો ત્યાગ કરવો. વેશ્યાદિક સહિત રહેલા મદ્યપાનાદિકથી મત્ત થયેલા ગાયકો ગર્ત સદૃશ ( ખાડા સમાન ) સમજવા. માટે તેઓનું પણ કથન નિષિદ્ધ છે. એમ જાણવું. ૪.

જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ ।
હ્રદાસ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્રતત્પરાઃ ॥ ૫ ॥

અર્થ—ગાન વિદ્યાથી જીવન કરનારા જેઓ જાતિથી નિચ પંક્તિના હોય છે. તે જલ માટેજ થયેલા ખાડા માફક સમજવા. અર્થાત્ ખાડાનું પાણી માણસોને પીવા કામ આવતું નથી, કાંઇ હલકા કામો માટે તે ઉપયોગી થાય છે, તેમ તેઓને સમજી ત્યાગ કરવો. પાંચમો ભાગ સંપૂર્ણ. હવે છઠ્ઠો ભાવ કહે છે કે ભગવત્ શાસ્ત્ર, ગીતા, ભાગવતાદિકને પરાયણ થએલા પંડિતો હ્રદ સમાન જાણવા. હ્રદ એટલે ધરાનું પાણી જેમ શુદ્ધ હોય છે તેમ તેઓ પણ શુદ્ધ સમજવા. ૫

સંદેહવારકાસ્તત્ર સૂદા ગંભીરમાનસાઃ ।
સરઃ કમલસંપૂર્ણાઃ પ્રેમયુક્તાસ્તથા વુધાઃ ॥ ૬ ॥

અર્થ—સાતમો ભાવ–તેમાં સંદેહોને દૂર કરવાની શક્તિવાળા ગંભીર વિચારવાન તેઓ અત્યંત સુંદર વાવના જલ જેવા અર્થાત્ સર્વને ઉપયોગી હોય છે. જેમ વાવડીના જલનો સર્વ પ્રેમથી ઉપયોગ કરે છે, તેમ તેઓ પણ તેવા ઉપયોગી જાણવા. તેઓનો ભાવ અંગીકાર કરવા લાયક છે.

આઠમો ભાવ જેઓ ભગવાનમાં પરમ પ્રીતિવાળા હોય છે તેઓને કમળવાળા સરોવર જેવા સુંદર, મનોહર સ્વચ્છ જાણવા. જેમ તલાવનું જલ શીતલ, સુંદર, સ્વચ્છ, સુગંધીવાળું હોય છે. તેમ તે બુધજનો ભગવાનને વિષે પ્રેમ રાખનારા હોવાથી તેઓનો ભાવ સર્વદા આનંદથી ગ્રહણ કરવા લાયક છે. ૬

અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા વેશંતાઃ પરિકીર્તિતાઃ ।
કર્મશુદ્ધાઃ પલ્વલાનિ તથાલ્પ શ્રુતિભક્તયઃ ॥ ૭ ॥

અર્થ—નવમો ભાવ–થોડું જાણનારા (અલ્પ વિદ્યાવાન) મનુષ્યો અને ભગવચ્ચરણમાં પ્રેમવાળા તેઓને નાના તલાવ જેવા જાણવા. સાધારણ રીતે તેઓનો પણ ભાવ સ્વીકાર કરવા લાયક છે દશમો ભાવ—જેઓ કર્મથી શુદ્ધ હોય છે તેમ અલ્પ શ્રુતિવાળા એટલે સાંભળવાથી ભક્તિ પરાયણ થયેલા પલ્વલ (નાના સરોવર) જેવા જાણવા. તેઓનો ભાવ પણ સાધારણ ગ્રહણ યોગ્ય છે. ૭

યોગધ્યાનાદિસંયુક્તા ગુણાવર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ ।
તપોજ્ઞાનાદિભાવંન સ્વેદજાસ્તુ પ્રકીર્તિતા ॥ ૮ ॥

અર્થ—અગિયારમો ભાવ–યોગ ધ્યાનાદિક ગુણો જેમાં

હોય છે તે ગુણો વર્ષાઋતુના જલ જેવા જાણવા અર્થાત્ શુદ્ધ છે. સ્વીકાર કરવા લાયક છે. બારમો ભાવ—તપ તથા જ્ઞાનાદિકની ભાવના એટલે તપશ્ચર્યાથી અથવા જ્ઞાનથી આત્માને કૃતાર્થ માનનારાનો ભાવ પરસેવાના જલ જેવો જાણવો. અર્થાત્ તે ભાવ અંગીકાર કરવા યોગ્ય નથી. ૮

અલૌકિકેન જ્ઞાનેન યેતુ પ્રોક્તા હરેર્ગુણા ।
કાદાચિત્કાઃશબ્દગમ્યાઃપતચ્છબ્દાઃપ્રકીર્તિતાઃ ॥ ૯ ॥

અર્થ—તેરમો ભાવ—અલૌકિક જ્ઞાનથી કોઇ કોઇ વખતે જણાતા, શાસ્ત્રથી જાણવા લાયક, ઐશ્વર્યાદિક ભગવાનનાં ગુણો ઝરણના જલના શબ્દ જેવા જાણવા. શબ્દનું કારણરૂપ જલ જેમ શુદ્ધ છે, તાપ નિવારક છે, અંગીકાર કરવા યોગ્ય છે. તેમ અલૌકિક જ્ઞાન પણ ગ્રહણ કરવા યોગ્ય છે. ૯

દેવાદ્યુપાસનોદ્ભુતાઃ પૃષ્વાભૂમેરિવોદ્ગતાઃ ।
સાસનાદિપ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥ ૧૦ ॥
પ્રેમપૂર્ત્યા સ્ફુરદ્ધર્માઃ સ્યંદમાનાઃ પ્રકીર્તિતાઃ ।
યાદૃશાસ્તાદૃશાઃ પ્રોક્તા વૃદ્ધિક્ષયવિવર્જિતાઃ ॥૧૧॥
સ્થાવરાસ્તે સમાખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ ॥

અનેકજન્મસંસિદ્ધા જન્મપ્રભૃતિ સર્વદા ॥ ૧૨ ॥
સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ ।
નિરંતરોદ્ગમયુતા નદ્યસ્તે પરિકીર્તિતાઃ ॥ ૧૩ ॥

**અર્થ**—ચૌદમો ભાવ-પરમેશ્વર સિવાય બીજા દેવતાની ઉપાસનાથી થનારો ભાવ તે. એ બગડેલા ખાબોચિયાના જલ જેવો જાણવો. બગડેલું જલ જેમ કાંઈ ઉપયોગી થતું નથી તેમ તે પણ ભાવ યોગ્ય નથી. ૧૦

પંદરમો ભાવ-નવધા ( શ્રવણ, કીર્તન, સ્મરણ પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય. અને આત્મનિવેદન ) ભક્તિથી પરમ પ્રેમપૂર્વક સંસારથી છૂટી જવાના ધર્મો જેમાં સ્પષ્ટ થયેલા હોય તેવો ભાવ અગાધ જલ સમાન જાણવો. આ ભાવ સર્વથા અંગીકાર કરવાને લાયક છે. ૧૧

સોળમો ભાવ-વૃદ્ધિ અને ક્ષય આ બન્નેથી રહિત મર્યાદા માર્ગીય ભાવ, જેને સ્થિર જલ સમાન જાણવો. ગ્રહણ કરવાને યોગ્ય છે.

સત્તરમો ભાવ-જન્મથી લઈને અનેક જન્મોથી સિદ્ધ થયેલા નિરંતર સંગના દોષથી તથા ગુણથી વૃદ્ધિ અને ક્ષયને પ્રાપ્ત થનારો. ભગવાનમાં કોઈ વખતે ભાવ ઘટી જાય, કોઈ

વખતે વળી સત્સંગ થવાથી વધી પણ જાય આવો જે ભાવ તેને નદી સમાન જાણવો. વધારે જલ આવે તો વધે, નહિ તો સૂકાઇ પણ જાય. ૧૨-૧૩

એતાદૃશાઃ સ્વતંત્રાશ્ચેત્સિંધવઃ પરિકીર્તિતાઃ ।
પૂર્ણા ભગવદીયા યે શેષવ્યાસાગ્નિમારૂતાઃ ॥ ૧૪ ॥

અર્થ—અઢારમો ભાવ ઉપર કહેલા જેવા જો સત્સંગાદિકથી યુક્ત ભાવ જો નિરંતર બને તોજ તે મહાત્માઓ મહા નદીઓ જેવા સમજવા. જેમ મહા નદીઓનું જલ સમુદ્રમાંજ મળે, તેમ તેઓનો ભાવ પણ આનંદ સમુદ્ર ભગવાનમાં મળે છે. હવે ઓગણીસમો ભાવ—શેષજી, વ્યાસજી, અગ્નિ, ( આ અગ્નિ શબ્દોથી શ્રી આચાર્યજી સમજવા કેમકે અગ્નિ એવું પણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું એક નામ છે. ) અને હનુમાનજી ૧૪.

જડનારદમૈત્રાદ્યાસ્તે સમુદ્રાઃ પ્રકીર્તિતાઃ ॥
લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ॥ ૧૫ ॥

અર્થ—જડ ભરત, નારદજી, મૈત્રેય વિગેરે નાના પ્રકારના ભાવથી ભગવાનના ગુણોનું વર્ણન કરે છે. તેઓને મહા સાગર કહેલા છે. ૧૫.

વર્ણયંતિ સમદ્રાસ્તે ક્ષ:રાદ્યા: ષટ્ પ્રકીર્તિતા: ।
ગુણાતીતતયા શુદ્ધાન્સચ્ચિદાનંદ રુપિણ: ॥ ૧૬ ॥

**અર્થ**—એ મહાસાગરો ક્ષારોદ[1], ક્ષીરોદ[2], દધ્યુદ[3], ઘૃતોદ[4], સુરોદ[5], ઇક્ષુદ[6], એ છ વર્ણવેલા છે. ભગવાનના ગુણો અત્યંત ગહન છે અને સર્વ ગુણોથી પણ જૂદાજ છે અને તેથી શુદ્ધ છે. શ્રવણ, કીર્તન, કરવાવાળાઓને શુદ્ધ કરનારા છે. અને સચ્ચિદાનંદરૂપી છે. ૧૬.

સર્વાનેવ ગુણાન્વિષ્ણોર્વર્ણયંતિ વિચક્ષણા: ।
તેઽમૃતોદા: સમાખ્યાતાસ્તદ્વાક્યાનં સુદુર્લભં ॥૧૭॥

**અર્થ**—વિચક્ષણ ભક્તો ભગવાનના સર્વ ગુણોનું વર્ણન કરે છે. તેઓ સાક્ષાત્ અમૃતના સમુદ્ર જેવા છે. તેઓની વાણી દુર્લભ હોય છે. ૧૭.

તાદશાનાં ક્વચિદ્વાક્યં દૂતાનામિવ વર્ણિતમ્ ।
અજામિલાકર્ણનવદ્દબિંદુપાનં પ્રકીર્તિતમ્ ॥ ૧૮ ॥

**અર્થ**—તેવાં પુરુષોનાં વચનને ભગવાનના દૂતના વચનો

---

૧ લવણનો સમુદ્ર, ૨ દૂધનો સમુદ્ર ૩ દહીંનો સમુદ્ર. ૪ ઘીનો સમુદ્ર. ૫ મદિરા-દારૂનો સમુદ્ર. ૬ શેરડીના રસનો સમુદ્ર.

પેઠે વર્ણન કરેલાં છે. એ ક્યારેકજ શ્રવણમાં આવે છે. જેમ અજામિલે દૂતોનું વચન સાંભળ્યું, તો તે શ્રવણ અમૃતના બિંદુ માફક જાણવું. ૧૮.

રાગાજ્ઞાનાદિભાવાનાં સર્વથા નાશનં યદા ।
તદા લેહનમિત્યુક્તં સ્વાનંદોદ્ગમકારણં ॥ ૧૯ ॥

અર્થ—જ્યારે અંતઃકરણમાંથી સ્રીપુત્રાદિકમાં રહેલી ખોટી પ્રીતિ, અજ્ઞાન, કામક્રોધાદિક ભાવો મૂલથી ઉખડી જાય ત્યારે પોતાના સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન થઇને ભગવદ્ભક્તિના આનંદ અમૃતનો સ્વાદ પ્રાપ્ત થાય છે. ૧૯.

ઉદ્ધૃતોદકવત્સર્વે પતિતોદકવત્તથા ।
ઉક્તાતિરિક્તવાક્યાનિ ફલં ચાપિ તથા તતઃ ॥૨૦॥

અર્થ—હવે વીસમો ભાવ કહે છે. પ્રથમ જે પ્રાણી કહી ગયા તેનાથી જે બીજા હોય તેના વાક્ય તથા સર્વ ભાવો જે છે તેમાં કેટલાએક તો કૂવા વગેરેમાંથી બહાર કાઢેલા જલ માફક હોય છે. તો તેનું ઉપકારરૂપ ફલ તેને પોતાના ફલ જેવુંજ હોય છે અને બીજા પૃથ્વીમાં પડેલા પાણી માફક હોય છે જેમ પાણી ઢોળાઇ જાય તે વ્યર્થ જાય છે તેમ

તેવો ભાવ પણ વ્યર્થ જાય છે. ૨૦

**ઇતિ જીવેંદ્રિયગતાનાભાવં ગતા ભુવિ ।**

**રુપતઃ ફલતશ્ચૈવ ગુણાવિષ્ણોર્નિરુપિતાઃ ॥ ૨૧ ॥**

**અર્થ**—આ પ્રમાણે આ પૃથ્વીમાં જીવોના અંતઃકરણમાં રહેલા નાના પ્રકારના ભાવોને રૂપથી અને ફલથી ભગવાનના ગુણને નિરૂપણ કર્યાં.

॥ ઈતિ શ્રી વલ્લભાચાર્યવિરચિતો જલભેદઃ સમાપ્તઃ ॥

# ॥ અથ પંચપદ્યાનિ ॥ ( ૧૩ )

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ ।
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ । ૧ ।

અર્થ—ભગવદ્દ્ભજન રસમાં વિક્ષિપ્ત મનવાળા એટલે જેને ભગવાનના ભજનનીજ સદોદિત ભ્રમણા લાગેલી એવા, બીજે ઠેકાણે પ્રીતિ વિનાના. લોકવેદમાં પ્રવૃત્તિ વિનાના, અને ભગવદ્દ્ભજન-કથા-શ્રવણાદિમાંજ પરાયણ રહેનારા જનો ઉત્તમ ભક્તો જાણવા.

વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિવિહ્વલાઃ ।
અર્થૈકનિષ્ઠાસ્તેચાપિમધ્યમાઃ શ્રવણોત્સુકાઃ । ૨ ।

અર્થ—ખેદયુક્ત ચિત્તવાળા, ભગવત્સ્મરણમાં વિહ્વલ મનવાળા અને સ્વાર્થ પરાયણ રહેનારા તથા શ્રવણાદિકમાં સાધારણ ઉત્સાહવાળા જેઓ હોય છે તેઓ મધ્યમ કોટીના ભક્તો જાણવા. ૨.

નિઃસંદિગ્ધં કૃષ્ણતત્વં સર્વભાવેન યે વિદુઃ ।
તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્વા ન ચાન્યથા ॥ ૩ ॥

અર્થ—જેઓ ભગવદાવેશથી અથવા વિષયોથી ચિત્તનો નિરોધ કરવામાં વ્યાકુલ થયેલા, અને બીજી રીતે નહિ, પણ નિઃસંદેહ સર્વાત્મભાવથી શ્રીકૃષ્ણરૂપ તત્ત્વને જાણનારા હોયછે. ૩

**પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્ન તુ સર્વદા ।**
**અન્યાસક્તાસ્તુ યે કેચિદધમાઃ પરિકીર્તિતાઃ ॥ ૪ ॥**

અર્થ—કદાચિત્ પૂર્ણ ભાવથી પૂર્ણ મનોરથવાળા, કોઇ વખતે વિષયવાસનાથી આસક્તિવાળા, કોઈ વખત નહિ પણ આવી રીતના જે ભક્તો તેઓ હીન ( અધમ ) કોટીના જાણવા. ૪

**અનન્યમનસામર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।**
**દેશકાલદ્રવ્યકર્તૃમંત્રકર્મપ્રકારતઃ ॥ ૫ ॥**

અર્થ—જે મનુષ્યો ભગવદ્ભજન શ્રવણાદિકમાં દેશકાલાદિકમાં, અનન્ય મન રાખી કેવલ ભગવત્પરાયણ થઇનિજ રહે છે તેઓ ભક્તિ કરવામાં ઉત્તમ સ્થિતિના જાણવા. ૫

ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતાનિ પંચપદ્યાનિ સમાપ્તાનિ ।

# ॥ અથ નિરોધલક્ષમ્ ॥

યચ્ચ દુઃખં યશોદાયા નંદાદીનાં ચ ગોકુલે ।
ગોપિકાનાં તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્યાન્મમ ક્વચિત્ ।૧।

અર્થ—શ્રીગોકુલમાં યશોદાજી તથા નંદાદિ ગોપોને જે દુઃખ થયું તે તથા શ્રીગોપીજનોને જે દુઃખ થયું તે દુઃખ ક્યારેય પણ મને થાય ?

ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનાં ।
યત્સુખં સમભૂત્તન્મે ભગવાન્કિં વિધાસ્યતિ ॥ ૨ ॥

અર્થ—શ્રીગોકુલમાં શ્રીગોપીજનોને તથા સર્વ વ્રજવાસીઓને જે સુખ થયું (અર્થાત્ શ્રીકૃષ્ણના નિરંતર દર્શન સ્પર્શનાદિક થયાં) તે સુખ શ્રીકૃષ્ણ શું મને આપશે ? યા અનુભવાવશે ? ૨.

ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્યથા ।
વૃંદાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ । ૩ ।

અર્થ—ઉદ્ધવજીના આવવાથી વૃંદાવનમાં તથા શ્રીગોકુલમાં મોટો આનંદ ઉત્સવ થયો, તેમ મારા મનમાં ક્યારેય

પણ થાશે. ૩

મહતાં કૃપયા યાવદ્ભગવાન્ દયયિષ્યતિ ।
તાવદાનંદસંદોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ॥ ૪ ॥

અર્થ—મહાનુભાવોની દયાથી જ્યાં સુધી ભગવાન દયા કરશે, ત્યાં સુધી આનંદસમુદ્રરૂપી ભગવાનનું કીર્તન પરમ સુખને માટેજ થાય છે. ૪

મહતાં કૃપયા યદ્વત્કીર્તનં સુખદં સદા ।
ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધભોજનરુક્ષવત્ ॥ ૫ ॥

અર્થ—મહાત્માઓની દયાથી ભગવત્ કીર્તન જેવું આનંદને આપનારૂં થાય છે, તેવું લૌકિક પુરૂષોના ઉપદેશથી થતું નથી. જેમ ઘી, દૂધવાળું ભોજન અને લુખું ભોજન પરસ્પર ભેદને જણાવી રહે છે તેમ બે પ્રકારના કીર્તનમાં પરસ્પર ભેદ છે. ૫

ગુણગાને સુખાવાપ્તિર્ગોવિંદસ્ય પ્રજાયતે ।
યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ ॥ ૬ ॥

અર્થ—જેમ શ્રી ગોવિંદના ગુણ ગાવામાં સુખની પ્રાપ્તિ થાય છે, તેવી સુખની પ્રાપ્તિ બ્રહ્મનિષ્ઠામાં થતી નથી. ૬.

**ક્લિશ્યમાનાન્દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ।**
**તદા સર્વં સદાનંદહૃદિસ્થં નિર્ગતં બહિઃ ॥ ૭ ॥**

**અર્થ**—દુઃખને પ્રાપ્ત થનારા પોતાના જનોને જોઈ ભગવાન્ જ્યારે દયાયુક્ત થાય છે. ત્યારે ભક્તોના હૃદયમાંથી બહાર પધારી દર્શન દે છે, ત્યારે સર્વ દુઃખની નિવૃત્તિ થાય છે. ૭.

**સર્વાનંદમયસ્યાપિ કૃપાનંદઃ સુદુર્લભઃ ॥**
**હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ।૮।**

**અર્થ**—જો કે ભગવાન કેવળ આનંદઘન સ્વરૂપી છે, તથાપિ તેમનો કૃપાનંદ થવો ઘણો દુર્લભ છે. ભક્ત ગુણગાન કરતાં કરતાં જ્યારે અત્રાપ્તને પ્રાપ્ત થાય કે તરત પોતાના ગુણોને સાંભળી પોતાના ભક્ત જનોને આનંદથી આનંદ. યુક્ત કરાવી આપે છે. ૮

**તસ્માત્સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ॥**
**સદાનંદપરૈર્ગેયાઃ સચ્ચિદાનંદતા તતઃ* ॥ ૯ ॥**

---

* તતઃ ને બદલે સ્વતઃ એવો પાઠ કોઇ કોઈ પ્રતમા મળેછે. તે પાઠ જો પ્રમાણ ગણીએ તોપણ અર્થમાં ઝાઝો ફેર પડતો નથી. માત્ર "પોતાની મેળે પરમાનંદ પ્રગટ થશે" એવો અર્થ નીકળેછે.

અર્થ—તેથી સર્વનો ત્યાગ કરી સદાનંદ ભગવાનમાં તત્પર થઇને સર્વદા ભગવદ્‌ગુણ ગાવા, કે જેનાથી પરમાનંદ પ્રકટ થશે. ૯.

**અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ॥**
**નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ॥૧૦॥**

અર્થ—શ્રી આચાર્યજી કહે છે કે હું નિરુદ્ધ છું ( પુષ્ટિમાર્ગીય ભક્તછું ) તો નિરોધ પદવીને પ્રાપ્ત થયો છું, પણ બીજા પુષ્ટિમાર્ગીય ભક્તોનો નિરોધ થવા સારૂ નિરોધનું વર્ણન કરૂંછું. ૧૦.

**હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે ॥**
**યેનિરૂદ્ધાસ્ત એવાત્ર મોદમાયાંત્યહર્નિશમ્ ॥ ૧૧ ॥**

અર્થ—શ્રીભગવાને જેનો ત્યાગ કર્યો છે, તે સર્વ આ સંસાર સાગરમાં ડૂબેલા પડયા છે; અને જેઓનો નિરોધ કર્યો છે તેઓ રાત્રિ દિવસ આનંદ યુકત થઈ રહ્યા છે. ૧૧.

**સંસારાવેશદુષ્ટાનામિંદ્રિયાણાં હિતાયવૈ ॥**
**કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્નઇશસ્ય યોજયેત્ ॥ ૧૨ ॥**

અર્થ—સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઇંદ્રિયોના કલ્યા-

ણુ માટે સર્વત્ર વ્યાપક થઇ રહેલા **શ્રી** કૃષ્ણને સર્વ વસ્તુનું સમર્પણ કરવું. ૧૨.

**ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ॥**
**સંસારવિરહક્લેશૌ નસ્યતાં હસ્વિત્સુખમ્ ॥ ૧૩ ॥**

**અર્થ**—મુર દૈત્યના વૈરી એટલે મુરારી **શ્રી**કૃષ્ણના ગુણોમાં પોતાના મનને લગાડવું જે લગાડવાથી એટલે જેઓનું ભગવદ્ ગુણગાનમાં ચિત્ત લાગેલું છે તેઓને સંસારથી થનારાં દુઃખો થતાં નથી. ભગવાનની માફક સુખ થાય છે. ૧૩.

**તદા ભવેદ્દાયાલુત્વમન્યથા ક્રૂરતા મતા ॥**
**બાધશંકાપિનાસ્ત્યત્ર તદ્દધ્યાસોપિ સિદ્ધ્યતિ ॥ ૧૪ ॥**

**અર્થ**—જ્યારે ભક્ત ઉપર આમ દયા કરે છે, ત્યારે, ભગવાનનું દયાળપણું સિદ્ધ થાય છે, જો દયા ન કરે તો નિર્દયપણું કહેવામાં યા માનવામાં આવે આ ભક્તિમાર્ગમાં જરા પણ બાધકની શંકાજ નથી. ભક્તિનો સંસ્કાર જન્મોજન્મ અવિચલ રહે છે; અને આત્મતત્વનું જ્ઞાન પણ સિદ્ધ થાય છે. ૧૪.

**ભગવદ્ધર્મસામર્થ્યાદ્વિરાગો વિષયે સ્થિરઃ**
**ગુણૈર્હરેઃ સુખસ્પર્શાન્ન દુઃખં ભાતિ કર્હિચિત્‌॥૧૫॥**

**અર્થ**—ભગવાનના ધર્મોનું સામર્થ્ય છે કે વિષયોમાં પોતાની મેળે વૈરાગ્ય થાય છે અને ભગવાનના ગુણનું ગાન કરવાથી સર્વથા આનંદનો સ્પર્શ થાય છે. જરા પણ દુઃખ દેખા દેતું નથી. ૧૫.

**એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાદુત્કર્ષો ગુણવર્ણને ॥**
**અમત્સરૈરલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ॥ ૧૬ ॥**

**અર્થ**—એમ જાણીને ભગવદ્‌ગુણ ગાન કરતા રહેવું. ભગવદ્‌ગુણગાન સર્વથી ઉત્તમ પદાર્થ છે જ્ઞાનમાર્ગ પણ ભગવાનના ગુણગાનથી ઉત્કર્ષને ધારણ કરતો નથી. માટે નિર્મત્સર થઇને તથા અલુબ્ધ થઇને ( લોભનો ત્યાગ કરીને ) ભગવાનના ગુણોનું વર્ણન કરવું. ૧૬.

**હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ ।**
**દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિ ગતી સદા ॥૧૭॥**

**અર્થ**—ભગવાનની મૂર્તિનું નિરંતર ધ્યાન કરવું. જો કે

ભગવાન પ્રત્યક્ષ નથી, તોપણ સંકલ્પથી તેનું દર્શન, સ્પર્શન હસ્તથી સેવા તથા ચરણથી સમીપ ગતિ વગેરે કરવું. ૧૭.

શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રહિતઃ ॥
પાયોર્મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ॥ ૧૮ ॥

**અર્થ**—શ્રવણ, કિર્તન તથા પ્રસાદનું આસ્વાદન અને ભગવાનની સેવામાં પ્રીતિ રાખનાર એવો પુત્ર ઉત્પન્ન થવા માટે ઈંદ્રિયનો ઉપયોગ જાણવો. મલભાગનો ત્યાગ કરી બાકી શેષ ભાગનો શરીરમાં વિનિયોગ થાય છે અને શરીરનો સેવાદિકમાં વિનિયોગ બને છે. આ રીતથી પરંપરાએ કરીને પાયુ ઇંદ્રિયોનો પણ વિનિયોગ જાણવો. ૧૮.

યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દૃશ્યતે
તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઇતિ નિશ્ચયઃ ॥૧૯॥
નાતઃ પરતરો મંત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ॥
નાતઃ પરતરા વિદ્યાતીર્થં નાતઃ પરાત્પરં ॥૨૦॥

**અર્થ**—જે ઇંદ્રિયથી ભગવત્કાર્ય બરોબર જ્યારે સ્પષ્ટ ન બને એટલે દર્શનાદિક સ્પષ્ટ ન થાય, ત્યારે તે ઇંદ્રિયનો બહારના વિષયથી નિગ્રહ કરવો. આ પ્રમાણે નિશ્ચય છે. આ

નિરોધથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. નિરોધ સર્વ સાધનોમાં મુખ્ય સાધન છે. ઉત્તમ છે. એનાથી બીજો મંત્ર નથી. એનાથી ઉત્તમ કોઇ સ્તોત્ર નથી. એનાથી ચઢતી બીજી કોઇ વિદ્યા નથી. અને એનાથી પવિત્ર કરનારૂં બીજું કોઇ તીર્થ પણ નથી. ૨૦.

ઇતિ શ્રીવલ્લભાચાર્ય વિરચિત્તં નિરોધલક્ષણ સમાપ્તં.

# ॥ અથ સંન્યાસ નિર્ણયઃ ॥

**પશ્ચાત્તાપનિવૃત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ।**
**સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ॥૧॥**

**અર્થ**—પશ્ચાતાપની નિવૃત્તિ માટે સંન્યાસનો વિચાર કરવામાં આવે છે તે સંન્યાસ ભક્તિમાર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં વિશેષે કરીને કહ્યો છે. ૧.

**કર્મમાર્ગે ન કર્ત્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।**
**અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્વિચારણા ॥૨॥**

**અર્થ**—કર્મમાર્ગમાં સંન્યાસ ગ્રહણ ન કરવું. સર્વથા કલિકાલ હોવાને લીધે સંન્યાસ ધર્મો પાળવા કઠિન થઇ પડે છે માટે સંન્યાસ ન કરવો. હવે ભક્તિમાર્ગમાં સંન્યાસ ધારણ કરવાની જરૂર છે કે નહિ તેનો વિચાર કરીએ છીએ. ૨

**શ્રવણાદિ પ્રવૃત્યર્થં કર્તવ્યત્વેન નષ્યતે ।**
**સહાયસંગસાધ્યત્વાત્સાધનાન ચ રક્ષણાત્ ॥૩॥**

**અર્થ**—શ્રવણ, કીર્તન, વગેરેની સિદ્ધિ માટે સંન્યાસ સ્વીકાર કરવાની જરૂર નથી. કારણ કે સાધનો જેટલાં હોય

છે. તેમાં બીજાની સહાયતાની જરૂર છે. શ્રવણાદિક સિદ્ધ થવા માટે વકતા વગેરેની જરૂર દેખાય છે અને સંન્યાસના સાધનનોનું અનુષ્ઠાન કરવું જોઇએ તો તે અનુષ્ઠાન કરવામાં શ્રવણાદિકનો વખતજ રહેતો નથી. ૩.

અભિમાનાન્નિયોગાચ્ચ તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ।
ગૃહાદેર્બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ॥૪॥

અર્થ—સંન્યાસનું ગ્રહણ કરવાથી ગ્રહણ કરનારને અભિમાન પ્રાપ્ત થાય છે, તે એવી જાતનું કે હવે હું સંન્યાસી થયો, તો સર્વ આશ્રમીઓનો ગુરુ થયો, એમ માનવાથી અભિમાન ઉત્પન્ન થાય છે. જે અભિમાન ભક્તિમાર્ગનું પરમ વિરોધી છે. અને બીજું સર્વની ઉપર સંન્યાસીનો નિયોગ હોય છે. એટલે સર્વની ઉપર હુકમદારપણું આવે છે, તે નિયોગ પણ ભક્તિનો વિરોધી સ્પષ્ટજ છે. માટે સંન્યાસ ગ્રહણ ન કરવું. કદાચિત્ એમ કહેશો કે ગૃહાદિક ભક્તિનો બાધ કરનારું છે. ગૃહાદિકમાં રહી ભક્તિના સાધનોનું અનુષ્ઠાન ન બની શકે એમ જો કહેતા હો તો સાંભળો. ૪

અત્રેપિ તાદૃશૈરેવ સઙ્ગોભવતિ નાન્યથા

સ્વયં ચ વિષયાક્રાંતપાખંડી સ્યાત્તુ કાલતઃ ॥૫॥

**અર્થ**—સંન્યાસ ગ્રહણ કર્યા પછી પણ બીજા તેવાજ વિષયાસકત મનુષ્યોનો જરૂર સંગ થવોજ જોઇએ અને કલિ કાલના પ્રભાવથી વિષયાસકિતથી હીનં ભગવદ્ભકતનો સંગ દુર્લભજ છે. તો તેમ થવાથી પોતે પણ વિષયાક્રાંત થઇને સંન્યાસી નહિ પણ પાખંડી થઈ જશે. ૫

વિષયાક્રાંત દેહાનાં નાવેશઃ સર્વથા હરે ॥
અતોત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ॥૬॥

**અર્થ**—વિષયોમાંજ જેનાં અંતઃકરણાદિ વ્યાપ્ત થઈ રહ્યાં હોય, તેવા મનુષ્યોને શ્રીહરિનો આવેશ સર્વથા પ્રાપ્ત થતો નથી. માટે અહીં સાધનરૂપ ભક્તિ થવા માટે સંન્યાસ સુખરૂપ થવો યોગ્ય નથી, તેથી તેનો ત્યાગ કરવો. ૬

વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ॥
સ્વીયબંધનિવૃત્યર્થં વેષઃ સોત્ર ન ચાન્યથા ॥૭॥

**અર્થ**—વિયોગના અનુભવ સારૂ સંન્યાસનો સ્વીકાર ઉત્તમ છે. સ્ત્રીપુત્રાદિરૂપ બંધનની નિવૃત્તિ માટે અહીં ભક્તિ-માર્ગના સંન્યાસમાં દંડાદિ વેશનું ધારણ છે પણ મર્યાદા

માર્ગમાં સંન્યાસનું અંગરૂપ જેમ વેશધારણ છે તેમ અહીં નથી. ૭

કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાગુરવઃ સાધનં ચ તત્ ।
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ॥૮॥

**અર્થ**—આ ભકિતમાર્ગમાં કૌંડિન્ય નામક ઋષિ તથા શ્રીગોપીજનોએ ગુરુ તરીકે કહેલાં છે. તેઓએ કરેલું સાધન તેજ સાધન મુખ્ય છે. તે સાધન ભાવનારૂપ (ભગવચ્ચરણમાં પ્રેમપૂર્વક અત્યંત ચિત્તનું એકાગ્રપણું) તેજ સાધન છે. બીજું સાધન નથી. ૮

વિકલત્વં તથાઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં નહિ ।
જ્ઞાનેગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ॥૯॥

**અર્થ**—સુખથી યા દુઃખથી વ્યાકુળપણું તથા અસ્વસ્થપણું થાય છે. તેમાં ભક્તનો સ્વભાવ સુખરૂપ જાણવો દુઃખરૂપ ન જાણવો. અલૌકિક પદાર્થના જ્ઞાનમાં તથા ગુણોમાં આ પ્રકારથી (વ્યાકુલેતાથી) ભજનમાંજ વર્તમાન થઈ રહે છે. બેને બાધક છે. ૯.

સત્યલોકે સ્થિતિર્જ્ઞાના ત્સંન્યાસે નાવિશેષિતાત્ ।
ભાવાસનાધનં યત્ર ફલંચાપિતથા ભવેત્ ॥૧૦॥

અર્થ—સંન્યાસયુક્ત જ્ઞાનથી સત્યલોકમાં સ્થિતિ થાય છે. અહીં ભકિતમાર્ગમાં ભાવના (ભકિત) સાધન છે માટે ફલ પણ તેવુંજ ભગવત્ પ્રાપ્તિરૂપ થાય છે. ૧૦.

તાદૃશાઃ સત્યલોકાદૌ તિષ્ઠંત્યેવ ન સંશયઃ
બહિશ્ચેત્પ્રકટઃ સ્વાત્મા વન્હિવત્પ્રવિશદ્યદિ ॥૧૧॥

અર્થ—સંન્યાસ સંયુકત જ્ઞાનીઓ સત્યલોક વગેરેમાં નિવાસ કરે છે અને બ્રહ્માની સાથે પ્રલયમાં તેઓની મુકિત થાય છે. તેઓને ઘણાં વખતથી ફલ પ્રાપ્તિ થાય છે. આ બાબતમાં સંદેહ નથી. અને ભકિતમાર્ગમાં તો જેમ અગ્નિ સર્વ કાષ્ટમાં વ્યાપક થઇ રહ્યો છે, છતાં સ્પર્શ કરનારને દાહાદિક નથી કરતો અને મથન કરવાથી બહાર પ્રગટ થાય છે. તેમ થયા પછી કાષ્ટના સંબંધમાંજ તેને બાળી નાખે છે. વિલંબ કરતો નથી. તેમજ જ્ઞાનમાર્ગમાં સર્વત્ર ભગવાન છે. પરંતુ જ્ઞાનમાત્ર થયું, પણ ભગવદ્દર્શન થતું નથી. કે જેમાં પ્રવેશ કરે. માટે મુકિતમાં વિલંબ થાય છે અને ભકિતમાર્ગમાં તો ભગવાન બહાર ઉપાસના કરવા યોગ્ય છે. જ્યારે પ્રેમની અધિકતા બને કે તરત અંતઃકરણમાં પ્રવેશ કરેછે.૧૧.

તદૈવ સકલો બંધોનાશમેતિ નચાન્યથા ॥
ગુણાસ્તુ સંગહાહિત્યાજ્જીવનાર્થં ભવંતિ હિ ॥૧૨॥

અર્થ—તેજ વખતે સર્વ બંધનો વિનાશને પ્રાપ્ત થાય છે. અને ભગવદ્‌ગુણો ( ઐશ્વર્યાદિક ) તે ભકતના જીવનરૂપમાં નિમત્ત કારણ થાય છે. ૧૨.

ભગવાન્ ફલરુપત્વાન્નાત્ર બાધક ઇષ્યતે ॥
સ્વાસ્થ્યવાકયં ન કર્તવ્યં દયાલુર્ન વિરૂધ્યતે ॥૧૩॥

અર્થ—ભગવાન ફલરૂપ છે તેથી આ માર્ગમાં બાધકપણાથી વર્તતા નથી પોતે પરમ દયાળુ છે, તેથી પોતાના વિરહમાં ભકતને વ્યાકુલતા હોય છે તે છોડાવવાને સ્વસ્થતાનું વાકય કદાપિ નહિ કરે, કારણ કે વ્યાકુલતા જો રહે તો પોતે ફલરૂપ છે જો જલદી પ્રાપ્ત થાય તો વ્યાકુલતા મટી જાય તો પછી પ્રાપ્ત થવામાં વિલંબ થાય તો દયાળુતાથી વિરૂદ્ધ બને. માટે તેમ કેમ કરે. ૧૩.

દુર્લભોયં પરિત્યાગઃ પ્રેમ્ણાસિદ્ધ્યતિ નાન્યથા ।
જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોપિ વિચારિતઃ ।૧૪।

અર્થ—આ પ્રમાણે સંન્યાસ થવો ઘણો દુર્લભ છે. અને ફક્ત પ્રેમથીજ આ સંન્યાસ સિદ્ધ થાય છે બીજો પ્રકાર સિદ્ધ કરવાનો નથી. હવે જ્ઞાનમાર્ગમાં જે સંન્યાસ છે તે બે પ્રકારનો વિચારેલો છે. ૧૪.

જ્ઞાનાર્થમુત્તરાંગં ચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્ ।
જ્ઞાનં ચ સાધાનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ॥૧૫॥

અર્થ—સંન્યાસ બે જાતનો છે. એક સંન્યાસ તો અજ્ઞાનીનો છે, જે જ્ઞાન માટે હોય છે; અને બીજો સંન્યાસ મુક્તિ થવાને માટે છે. જેને જ્ઞાનિ સ્વીકારે છે. ગીતાદિકમાં કહેલો સંન્યાસ ઘણાં ઘણાં જન્મોથી ભગવત્પ્રાપ્તિ કરે છેજેમાં જ્ઞાનને સાધનપણા તરીકે જણાવ્યું છે. માટે યજ્ઞ, દાન, તપ, અધ્યયન, શ્રવણાદિક સાધનોથી તે સિદ્ધ થાય છે આ શાસ્ત્રનો વિચાર સર્વ સંમત છે. પણ એક જન્મના સંન્યાસથી શું થવાનું હતું? ૧૫.

અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યાથા ।
પાષંડિત્વં ભવેચ્ચાપિ તસ્માજ્જ્ઞાનેન સન્યસેત્ ॥૧૬॥

અર્થ—માટે આ કલિયુગમાં તે સંન્યાસ પશ્ચાત્તાપ માટે

થાય છે. અને તેથી પાખંડીપણું પ્રાપ્ત થાય છે. તેથી તે સંન્યાસનો જ્ઞાનમાર્ગમાં અંગીકાર થવો જોઈએ. ૧૬.

**સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદિતિ સ્થિતિઃ ॥**
**ભક્તિમાર્ગેઽપિ ચેદ્દોષસ્તદા કિં કાર્યં મુચ્યતે ॥૧૭॥**

**અર્થ**—બીજા યુગોની બાબત જૂદી છે પણ કલિયુગમાં તો નિરંતર જરૂર કામાદિકનું અત્યંત પ્રબલપણું છે; માટે તે સંન્યાસ ન ધારણ કરવો, એમ નિશ્ચય છે. આ ઠેકાણે કોઈ શંકા કરે કે જ્ઞાનમાર્ગમાં જે દોષો કહ્યા, તે દોષો કદાચિત્ ભક્તિમાર્ગમાં પ્રાપ્ત થાય તો શું કરવું ? ત્યાં શ્રી આચાર્યજી કહે છે કે—૧૭.

**અત્રારંભે ન નાશઃ સ્યાદ્દૃષ્ટાંતસ્યાપ્યભાવતઃ ॥**
**સ્વાસ્થ્યહેતોઃપરિત્યાગાત્બાધઃકેનાસ્યસંભવેત્ ॥૧૮॥**

અર્થ—અહીં ભક્તિમાર્ગના સંન્યાસારંભમાં પરના સંગનો અભાવ છે. માટે પરકૃત પાત થતો નથી, તેમ તેવું કોઇ દષ્ટાંત પણ નથી. અને સ્વસ્થતાના હેતુથી વિષયનો પરિત્યાગ થયો છે, તો પછી શેનાથી તેનો બાધ સંભવે. ૧૮.

**હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોપરે ॥**

અન્યથામાતરો બાલાન્ન સ્તન્યૈઃપુપુષુઃક્વચિત ॥૧૯॥

અર્થ—ભકતના ભજનમાં ભગવાન્ જાતે પોતે બાધા કરવાને સમર્થ નથી, તો બીજા તો કોણ કરે? કદી પણ પોતાની જનેતાજ શું પોતાના બાલકોનું પોષણ દૂધથી ન કરે શું? જરૂર કરે, ૧૯.

જ્ઞાનિનામપિ વાકયેન ન ભક્તંમોહયિષ્યતિ ॥

આત્મપ્રદા પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ॥૨૦॥

અર્થ—જ્ઞાનિયોનો ઉપદેશ સ્વીકારીને મોહ કરવાને લખ્યું છે. તો તે વાત ભકતની ઉપર લાગુ નથી પડતી. પોતાના આત્માનું પણ અર્પણ કરનાર પોતાના ભકતને ભકતપ્રિય ભગવાન્ કેમ મોહ કરે? નજ કરે. ૨૦.

તસ્માદુકતપ્રકારેણ પરિત્યાગો વિધીયતાં ॥

અન્યાથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિમે નિશ્ચિતામતિઃ ।૨૧।

અર્થ—તેથી ઉપર કહેલા પ્રકારથી ભકિતમાર્ગના સંન્યાસનો સ્વીકાર કરવો અને જો અમારા કહ્યાથી વિરૂદ્ધ જો કોઇ કરશે તો તે પોતાના પુરુષાર્થથી ભ્રષ્ટ થશે. એમ મારી બુદ્ધિનો નિશ્ચય છે..૨૧.

ઇતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ॥

સંન્યાસવરણં ભક્તાવન્યથાપતિતોભવેત્ ॥૨૨॥

અર્થ—એ પ્રમાણે શ્રીકૃષ્ણના પ્રસાદથી શ્રીઆચાર્યજી કહે છે કે મેં નિશ્ચય કર્યો છે. કે આ વખતે તે જ્ઞાનમાર્ગીય સંન્યાસ નહિ ધારણ કરવો. ભકિતમાર્ગીય સંન્યાસ ધારણ કરવો. આ પ્રમાણે જે અમોએ નિશ્ચય કર્યો છે તેથી વિરૂદ્ધ આચારણ કરનાર પુરૂષ પતિત થશે.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્ય વિરચિતઃ સંન્યાસ નિર્ણયઃ સમાપ્તઃ ॥

# ॥ અથ સેવાફલમ ॥

અનુષ્ટુપ.

યાદૃશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે ।
અલૌકિકસ્ય દાને હિ ચાદ્યઃસિદ્ધયેમન્મનોરથઃ ॥૧॥

અર્થ—જેવી સેવા કરવાને કહી છે તેની સિદ્ધિમાં જે ફલ થાય છે, તે હવે કહીએ છીએ. તે ફલ ત્રણ પ્રકારે થાય છે, એક અલૌકિક સામર્થ્ય, બીજું ભગવત્સાયુજ્ય, અને ત્રીજું ભગવત્સેવા લાયક દેહ. તેમાં પ્રથમ જ્યારે અલૌકિક સામર્થ્યનું દાન ભગવાન્ તરફથી મળે છે ત્યારે સર્વ સંસારનાં દુઃખની નિવૃત્તિ રૂપ "સિદ્ધાંત મુકતાવલી" માં કહેલો પ્રથમ મનોરથ સિદ્ધ થાય છે.

**ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્ર નિયામકઃ**
**ઉદ્વેગઃ પ્રતિબંધો વા ભોગો વા સ્યાત્તુ બાધકમ્ ૨**

**અર્થ**—ફળમાં અથવા અધિકારમાં ( સાયુજ્ય માટે અથવા વૈકુંઠાદિલોકમાં દેહપ્રાપ્તિ માટે ) કાંઇ સમય નિયામક નથી. સત્યયુગમાં તેમ થતું હતું, અને આજે નહિ થાય એમ ન સમજવું. ગમે તે વખતે યોગ્ય સેવા થવી જોઇએ. ફળ નિરંતર થાય છે. ઉદ્વેગ (ચિત્તનું ચંચલપણું) પ્રતિબંધ (બીજા કાર્યોમાં આસક્તિ), અને વિષય ભોગ આ ત્રણ સેવામાં મુખ્ય બાધક છે. આ ત્રણે લૌકિક અલૌકિક ભેદથી બે પ્રકારના છે. તેમાં અલૌકિક હોય છે તે ભતવત્ રચિત હોય છે ૨.

**અકર્તવ્યં ભગવતઃ સર્વથા ચેદ્ગતિર્ન હિ ॥**
**યથા વા તત્ત્વનિર્દ્ધારો વિવેકઃ સાધનં મતમ્ ॥૩॥**

**અર્થ**—જો ભગવાનને ન કરવા દેવી હોય તો તે ભગવાનથી થયેલો પ્રતિબંધ સમજવો. તેમાં તો પછી બીજી ગતિ નથી. અથવા કોઇ કાર્યમાં તત્ત્વનો નિર્ણય થવા રૂપ વિવેક જ્યારે બને ત્યારે તેનું સાધન થાય. જ્યાં સુધી કાંઇ કરવાનો નિશ્ચય થતો નથી, આ વિવેક સર્વ સંમત છે.

**બાધકાનાં પરિત્યાગો ભોગેપ્યેકં તથા પરમ્ ।**

નિઃપ્રત્યુહં મહાન્ભોગઃ પ્રથમે વિશતે સદા ॥૪॥

અર્થ—ત્રણે લૌકિક બાધકનો પરિત્યાગ થવાની જરૂર છે, ભોગમાં તો કેવળ એક લૌકિક બાધક છે, અને પ્રથમમાં અલૌકિક સામર્થ્યની પ્રાપ્તિ થયા પછી ભગવાન તરફથી મળેલો મોટો ભોગ નિર્વિઘ્ન સર્વકાળ પ્રાપ્ત થાય છે, જે સેવામાં ઉપયોગી થાય છે. ૪.

સવિઘ્નોઽલ્પો ઘાતકઃ સ્યાદ્બલાદેતૌ સદા મતૌ ।

દ્વિતિયે સર્વથા ચિંતા ત્યાજ્યા સંસારનિશ્ચયાત્ ॥૫॥

અર્થ—લૌકિક ઉદ્વેગરૂપ વિઘ્ન છે, જો અલ્પ હોય તો પણ બાધ કરનારોજ છે અને બીજા બે લૌકિક ભોગ તથા પ્રતિબંધ આ બન્ને પણ ઘાત કરનારા છે. માટે એનો તો બળથી સર્વથા ત્યાગ કરવો; અને બીજો ભગવત કૃત પ્રતિબંધ તેમાં ચિંતા ન કરવી, કારણ કે એતો ભોગવીએ છીએજ. જન્મ મરણ થયાંજ કરે છે. માટે એ તો નિશ્ચયજ છે. અને નિશ્ચય પૂર્વક એમ જાણવું કે પ્રથમ અંતર્યામીથી થયેલા ઉદ્વેગમાં ભગવાનને ફલ દેવું નથી અને ત્રીજો લૌકિક ભોગ છે તેમાં એમ જાણવું કે આ ગૃહ છે તે બાધક છે. માટે તેનો ત્યાગ કરી દેવો. ૫.

નન્વાદ્યે દાતૃતા નાસ્તિ તૃતીયે બાધકં ગૃહમ્ ।
અવશ્યેયં સદા ભાવ્યા સર્વમન્યન્મનો ભ્રમઃ ॥૬॥

અર્થ—ત્રણે ફળ તથા ત્રણે બાધક સદા વિચાર કરવા લાયક છે. અને આ બાધક અથવા ફળ સિવાય બીજી ચિંતા કરવી, તે ફકત મનનો ભ્રમ છે.

તદીયૈરપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલંબયેત્ ॥
ગુણક્ષોભોઽપિ દ્રષ્ટવ્યમેતદેવેતિ મે મતિઃ ॥ ૭ ॥

અર્થ—માટે બાધકનું તથા ફળનું ભકતે જરૂર ચિંતન કરવું ભગવાન પુષ્ટિમાર્ગમાં ફળદાન કરવામાં વિલંબ કરશે નહીં. રજોગુણ વગેરે ગુણોના ક્ષોભમાં નિવૃત્તિને સાધન રૂપ કરીને એનાજ ફળ તથા તેનાજ બાધકનો વિચાર કરી જોવો. આ પ્રમાણે અમારી બુદ્ધિનો નિશ્ચય છે; ૭

કુસુમિરત્રારા કાચિદુત્પદ્યત સ વૈ ભ્રમઃ ॥ ૮ ॥

અર્થ—અને આ ઠેકાણે ( ભકિતમાર્ગમાં ) નીચ યોનિમાં અમારો જન્મ થશે વગેરે જે વિચારો કરવા, તે કેવળ મનનો ભ્રમ છે એમ જાણવું. ૮.

॥ ઇતિ શ્રીવલ્લભાચાર્યવિરચિત સેવાફલનિરૂપણં સમાપ્ત. ॥

**સમાપ્ત.**

# ગોસ્વામી બાળકોના ફોટા.

ગોસ્વામી બાળકોના ફોટા અમારી પાસે હવે જુજ રહેલા છે માટે જેમને જરૂર હોય તેમણે દીવાળી સુધીમાં મંગાવી લેવા, પછીથી આટલી સસ્તી કીંમતે મળશે નહીં. ૨૫ પ્રતના ૦-૪-૦ પોષ્ટેજ વી. પી. ખર્ચ જુદું. દીવાળી સુધીમાં ૧૦૦ પ્રત સામટી મંગાવનારને પોષ્ટ ખર્ચ ફ્રી.

વૈષ્ણવ ધર્મપ્રકાશના પહેલાથી સાતમા વર્ષ સુધીના સીલક અંક દીવાળી સુધીમાં મંગાવનારને માત્ર એક રૂપીયામાં આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ જુદું.

દામોદરદાસ રેવાદાસ બુકસેલર

૯૮ રીચીરોડ-અમદાવાદ.

# ભાવિક વૈષ્ણવોને ભેટ.

| | |
|---|---|
| ષોડશ ગ્રંથ. શાસ્ત્રી ચીમનલાલ કૃત. | ૦ |
| પુષ્ટિમાર્ગનો સાચો સિદ્ધાન્ત. | ૦- |
| શ્રી ગુસાંઇજીકૃત વિજ્ઞપ્તિ. | ૦ |
| કીર્તન-રત્નાકર. | ૦ |
| | ૧—૫-૦ |

ઉપરનો સટ સંવત ૧૯૭૧ ની દીવાળી પહેલાં મંગાવનારને માત્ર એક રૂપીઆમા મળશે. પોષ્ટ ખર્ચ ફ્રી.